MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

# જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૨૯-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 બિગબોસ-૧૩ નંબર વન શો... ફિનાલેનાં એપિસોડે ૧૦૫૧૭ ઇમ્પ્રેશન સાથે રેકોર્ડ તોડ્યો

5 કોરોનામા શેરબજાર તો ધોવાઈ ગયું હવે કોમવાદમાં મોદીજી પણ ધોવાઈ જશે કે શું..?

7 રોજગારીના બણગાં ફૂંકતી સરકાર... ૨ વર્ષમાં અધધધ ૪.૫ લાખ બેરોજગારો નોંધાયા

10 કેવડીયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના આંગણે ઇન્ડીયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત ત્રિદિવસીય ઇન્ડીયા આઇડિયાઝ કોન્કલેવનો પ્રારંભ

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેણે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શું આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૫૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

| DOWNLINE LEVEL | No. OF DOWNLINE | INCOME IN RS. | TOTAL AMOUNT IN RS. | 5% TDS DEDUCTION | TOTAL AMOUNT AFTER TDS |
|---|---|---|---|---|---|
| 1 | 10 | 100 | 1000 | 50 | 950 |
| 2 | 100 | 75 | 7500 | 375 | 7125 |
| 3 | 1000 | 50 | 50000 | 2500 | 47500 |
| 4 | 10000 | 25 | 250000 | 12500 | 237500 |
| 5 | 100000 | 20 | 2000000 | 100000 | 1900000 |
| 6 | 1000000 | 15 | 15000000 | 750000 | 14250000 |
| 7 | 10000000 | 10 | 100000000 | 5000000 | 95000000 |
| 8 | 100000000 | 5 | 500000000 | 25000000 | 475000000 |
| TOTAL EARNING : | | | | | 586443075 |

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટર: જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટર: જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટર: જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટર: જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 9999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

# શિક્ષણ સમિતિની શાળાએ શિક્ષકના એલાઉન્સ બંધ કરવાનો આદેશ આપતા હોબાળો

સુરત

સુરત મ્યુનિ. સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કુલએ મુખ્ય શિક્ષકને એલાઉન્સ બંધ કરવા માટે ૩૦ જાન્યુઆરીના રોજ આદેશ આપવામાં આવ્યો છે. શિક્ષણ સમિતિનો આ આદેશ સ્કુલ સુધી પહોંચતા મોટો વિવાદ ઉભો થયો છે. એક સ્કુલના આચાર્યએ અત્યાર સુધી આવા પ્રકારનું કોઈ એલાઉન્સ હજી સુધી મળ્યું નથી. અત્યાર સુધી આ પ્રકારનું એલાઉન્સ આપવામાં આવતું હોય તે મળ્યું ન હોવાથી અત્યાર સુધીનું એલાઉન્સ આપવાની માગણી કરી છે. આચાર્યના આ પ્રકારા પત્રના કારણે આવા પ્રકારના એલાઉન્સમાં ગોટાળો થયો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કચેરીથી તમામ સ્કુલમાં એક આદેશ મોકલવામાં આવ્યો છે ત્યાર બાદ એક મોટો વિવાદ બહાર આવી રહ્યો છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના મુખ્ય શિક્ષક (એચટીએટી)ને દર મહિને એલાઉન્સ ચુકવવામાં આવે છે તે એલાઉન્સ બંધ કરવામાં આવ્યુ છે. સમિતિની કચેરીની આંતરિક પ્રક્રિયા રૂપે બહાર પડેલા આ પત્રમાં પહેલી નજરે કશું જ ખોટું નથી પરંતુ એક શાળાના આચાર્યએ કચેરીને સામો પત્ર લખ્યો છે જેમાં અત્યાર સુધીમાં તેઓને આવું કોઈ એલાઉન્સ ચુકવવામાં આવ્યું નથી.

લિંબાયત ઝોનની એક શાળાના આચાર્ય એલાઉન્સ બંધ કરવાના પત્ર સામે શાસનાધિકારીને સામો પત્ર લખ્યો છે. જેમાં સ્પષ્ટ કહ્યું છે કે, કચેરી દ્વારા આચાર્યને એલાઉન્સ બંધ રાખવા માટેનો પત્ર આપવામાં આવ્યો છે. પરંતુ ૨૫૦ રૂપિયા એક માસના લેખે ૨૫ માસના ૬,૨૫૦ રૂપિયા હજી સુધી ચુકવવામા આવ્યા ન હોવાથી પહેલા આ પૈસા ચુકવી દેવા વિનંતી. આ પહેલાં પણ આચાર્યને ચુકવવાના નાણા અંગે રજુઆત કરવામાં આવી હોવાનો પણ પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# ભાટીયા ટોલનાકા આંદોલન સમર્થન માટે પત્રિકાનું વિતરણ

## ગભેણી ગામમાં બેઠકનું આયોજન

સુરત

ભાટીયા ટોલનાકા ના કર સંઘર્ષ સમિતિ દ્વારા જનસમર્થન મેળવવા ગામેગામ બેઠકો યોજી રહી છે. ગઈકાલે લાજપોર ગામ ખાતે બેઠક મળ્યા બાદ આજે સાંજે ૫ વાગે ગભેણી ગામ આશાપુરા મંદિરે વધુ એક બેઠક મળશે. આ બેઠક પૂર્ણ થયા બાદ ગભેણી ચાર રસ્તા પાસે સંઘર્ષ સમિતિના આગેવાનો જનજાગૃતિના ભાગરૂપે પત્રિકાનું વિતરણ કરશે.

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિના આગેવાન દર્શન નાયકના જણાવ્યા મુજબ આ જન આંદોલનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. ગામેગામ બેઠકો મેળવી જનસમર્થન મેળવવામાં આવી રહ્યું છે. બિન રાજકીય રીતે ચાલતી આ લડતમાં તમામ સંસ્થા, પંચાયતો, પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓનું વ્યાપક સમર્થન સાપડી રહ્યું છે. આજે જનજાગૃતિના ભાગરૂપે પત્રિકાનું વિતરણ કરવામાં આવશે. આવતીકાલે પણ જનસમર્થન બેઠકો ચાલુ રાખવામાં આવશે.



*મહિલાઓ વિરૂદ્ધ હિંસાના અપરાધ વધી જતા 'ગરીમા' મહિલા અધિકાર મંચ દ્વારા સુરત જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી મહિલાઓને આર્થિક, સામાજિક અને રાજકીય સમાનતા આપવાની માંગણી રજૂ કરવામાં આવી હતી.*

# મહિલા સશક્તિકરણની વાત માત્ર કાગળ પર જ..!! ક્લેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

સુરત

ગરિમાં મહિલા અધિકાર મંચ દ્વારા મહિલાઓના હક્ક માટે ક્લેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓએ સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે સમાન હક્કની માંગ કરી હતી. સાથે જ બળાત્કાર, સ્ત્રી અત્યાચારની ઘટના રોકવા માટે પણ રજૂઆત કરવામાં આવી હતી. ક્લેક્ટર કચેરીએ પહોંચેલી મહિલાઓએ જણાવ્યું હતું કે, દેશમાં અસંખ્ય અત્યાચારો મહિલાઓ પર થાય છે. પરંતુ હજુ સુધી મહિલાઓને પુરૂષોની સમાન હક્ક ન મળતાં હોવાથી મહિલાઓની સ્થિતી દયનીય છે.

મહિલા સશક્તિકરણની વાત માત્ર કાગળમાં રહી ગઈ હોવાનું જણાવતાં મહિલાઓએ કહ્યું હતું કે, આર્થિક રીતે મહિલાઓ હજુ સક્ષમ નથી તેમજ રાજકીય ક્ષેત્રે મહિલાઓનું પ્રતિનિધિત્વ માત્ર ૧૪.૪ ટકા જ છે. વિધાનસભા અને લોકસભામાં મહિલાઓને સ્થાન અપાતું નથી. જ્યાં સુધી આર્થિક, સામાજિક અને રાજકિય સમાનતા મહિલાઓને નહીં મળે ત્યાં સુધી મહિલાઓનું શોષણ અટકશે નહીં.

# દિકરીની છેડતી કરનારને સમજાવા જતા બાપ-દિકરા પર હુમલો

## સાત લોકોએ ઘેરી પિતા-પુત્રને ચપ્પુના ઘા માર્યા

સુરત

દિકરીની છેડતી કરનારને પિતા-પુત્ર સમજાવવા જતા સાત જણાએ પિતા-પુત્રી ઉપર ઘાતક શાસ્ત્રોથી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવાની ઘટના કતારગામ પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. કતારગામ પોલીસે હત્યાનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ આંબાતલાવડી હરિધામ સોસાયટીમાં રહેતો જય ખોખરિયા અને તેનો મિત્ર ફરિયાદીની ૧૬ વર્ષીય બહેનની છેડતી કરતા હોય સમજાવવા જતા આરોપીએ ફરિયાદી તથા તેના પિતાને હાથી મંદિર પાસે બોલાવી આરોપી જય ખોખરિયા, જીતુ ખોખરિયા તથા પાંચ જણાએ ઝઘડો કરી ફરિયાદી તથા તેના પિતા ઉપર છરા-ચપ્પુથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. બનાવ સંદર્ભે કતારગામ પોલીસે હત્યાની કોશિશ અને રાયોટિંગનો ગુનો દર્જ કરી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# પવનની દિશા બદલાતા તાપમાનમાં ઘટાડો : ત્રણ દિવસ ગરમીથી રાહત

## ત્રણ દિવસ તાપમાન ૩૨થી ૩૫ ડીગ્રી વચ્ચે રહેશે

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીમાં દરરોજ નજીવો વધારો થતો હતો. ગતરોજ તાપમાનનો પારો ૩૭ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. આજે પવનની દિશા બદલવાની સાથે આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં ૨ થી ૪ ડીગ્રી ઘટાડો થવાની શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે અધિકતમ તાપમાન ૩૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૯.૨ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૪ ટકા અને હવાનું દબાણ ૧૦૧૧.૪ મિલીબાર નોંધાયું છે. શહેરમાં કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. આજે સવારથી પવનની દિશા ઉત્તરના બદલે દક્ષિણ તરફની થતા તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ગતરોજ અધિકતમ તાપમાન ૩૭ ડીગ્રી નોંધાયું હતું જેમાં આજે ૨ ડીગ્રીનો ઘટાડો થયો છે. આગામી ૩ દિવસ સુધી તાપમાન ૩૫થી ૩૨ ડીગ્રી રહે તેવી શક્યતા છે.

# અમદાવાદ શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલમાં 'જીવન એક પરીક્ષા' સેમિનાર યોજાયો

## મોટિવેશનલ સેમિનારમાં રાજેષ ધામેલિયાનું માર્ગદર્શન

સુરત

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ-અમદાવાદમાં ધો.૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે જીવન એક પરીક્ષા વિષય પર મોટિવેશનલ સેમિનારનું આયોજન શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા શ્રી રાજેશ ધામેલિયાએ જણાવ્યું હતું કે, આપણ સૌ જીવનમાં સફળ થવાની ઈચ્છા રાખીએ છીએ. જીવનરૂપી પરીક્ષામાં સફળ થવા કેટલાક ગુણો આત્મસાત કરવા જરૂરી છે. જેમ લાખો કે કરોડો રૂપિયાની મોટરના ટાયરમાં વિનામૂલ્યે મળતી હવા ન હોય તો મોટર ચાલી શકતી નથી, તેમ સામાન્ય જણાતા ગુણોને આચરણમાં મૂક્યા વિના સફળ થઈ શકાતું નથી.

આજે સૌ ઝડપથી સફળતા મેળવવા ઈચ્છે છે. પરંતુ રાતોરાત કોઈ ક્યારેય સફળ થતું નથી. કદાચ કોઈ સફળ થયું હોય તો તેની સફળતા લાંબી ટકતી નથી.

હાલમાં ગુજરાત રાજ્યના ગુજરાતી માધ્યમમાં ભણેલા વિદ્યાર્થીઓ UPSC ની પરીક્ષામાં જવલંત સિદ્ધિઓ મેળવી રહ્યા છે. ભારતભરમાં સૌથી નાની ઉંમરમાં IPS બનવાનું ગૌરવ બનાસકાંઠાના હસન સફિને પ્રાપ્ત કર્યું છે.

આપ સૌની અંદર પણ અપાર ક્ષમતાઓ રહેલી છે. જો આપ પણ ધ્યેય નિર્ધાર કરીને દઢતાથી વળગી રહેશો તો એકદિવસ અવશ્ય સફળતા પ્રાપ્ત કરશો.

વિદ્યાર્થીઓને સંવાદ સાથે હળવીશૈલીમાં માર્ગદર્શન આપવા બદલ શાળાના આચાર્ય શ્રી અંકિતભાઈ ચોકસીએ શ્રી રાજેશભાઈ ધામેલિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શાળા સમિતિના ઉપક્રમે છ ઝોનમાં ક્રમાનુસાર વાલીદિનની ઉજવણી

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતની તમામ માધ્યમની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં વાલી સાથે સંમેલન રાખવા માટે તા-૨૮/૦૨/૨૦૨૦ થી તા-૦૨/૦૩/૨૦૨૦ નાં રોજ જુદા-જુદા ઝોનમાં નીચેની યાદી મુજબ વાલીદિન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧.તા-૨૮/૦૨/૨૦૨૦ કતારગામ ઝોન, કાંસાનગર, ગજેરા સર્કલ, ૨.તા-૨૯/૦૨/૨૦૨૦ વરાછા રોડ, ક્રાંતિ મેદાન ૩.તા-૦૨/૦૩/૨૦૨૦ મજુરાગેટ, આઈ. ટી. આઈ. પાછળ શાળા નંબર-૮૮૯ મેદાન ૪.તા-૦૩/૦૩/૨૦૨૦ લિંબાયત મહર્ષિ આસ્તિક મા. શાળા ગોડાદરા, લિંબાયત ૫.તા-૦૪/૦૩/૨૦૨૦ દિવાળી બાગ, કોમ્યુનિટી હોલ, સૂર્યપુર સોસા. રાંદેર રોડ, ૬.તા. ૦૫/૦૩/૨૦૨૦ બી. આર. સી. ગ્રાઉન્ડ ઉધના ખાતે વાલીદિન કાર્યક્રમ યોજાશે.

# ધાર્મિક વિધિના બહાને ઠગ ટોળકી સામે વધુ એક ફરિયાદ

## મહિલાઓની ટોળકીએ અનેક મહિલાઓને છેતરી

સુરત

વિધિના બહાને ભોળવીને મહિલાઓના દાગીના તફડાવી જતી ટોળકી સામે વધુ એક ફરિયાદ ડિંડોલી પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

ડિંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપી ફરજાના ભંડુ ઉર્ફે નસીબ અહમદ અન્સારી, સહોદરા ઉર્ફે ખૈરૂનીશા રસીદ અબ્દુલ અંસારીએ ભેસ્તાન આવાસ ભાગ્યલક્ષ્મીમાં રહેતા રોશનીબેન સતીષ ઉપાધ્યાયના ઘરે ચંદા માંગવા ગયા હતા. જ્યાં વિધિ કરવાના બહાને ફરિયાદી રોશની ઉપાધ્યાયને વિશ્વાસમાં લઈ સોનાનું મંગળસૂત્ર, વીંટી, એક સાડી મળી કુલ રૂા.૨૮,૨૩૬ની મતા લઈને ગાયબ થઈ ગયા હતા. ડીંડોલી પોલીસે રોશનીબેન ઉપાધ્યાયની ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# પ્રાચીન યોગનું મહત્વ સમગ્ર વિશ્વએ સ્વીકાર્યું છે: આરોગ્યમંત્રી કાનાણી

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વરાછા ખાતે યોગ કી બાતનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

સુરત

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આરોગ્ય રાજ્ય મંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી તથા રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી યોગસેવક શિશપાલજીની ઉપસ્થિતિમાં સુરતના વરાછા સ્થિત સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે ''યોગ કી બાત'' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સુરત શહેર-જિલ્લાના ૨૦૦૦થી પણ વધુ યોગ ટ્રેનરો તથા યોગ સાધકો જોડાયા હતા. આ વેળાએ યોગગુરૂ સ્વામિ રામદેવજી પ્રેરિત યોગજાગૃત્તિના 'યોગ કી બાત' કાર્યક્રમનો પ્રારંભ સુરતથી કરાયો હતો.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી કિશોરભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, યોગ એ શરીર અને આત્મના જોડાણનું પ્રતિક છે. ભારતે સમગ્ર વિશ્વને ભારતીય સંસ્કૃતિની અણમોલ ભેટ સમાન યોગના મહત્વ અંગે સમગ્ર વિશ્વને પ્રેરિત કર્યું છે. હવે મેડિકલ સાયન્સએ પણ સ્વીકારી લીધુછે કે યોગ એ માત્ર શારીરિક વ્યાયામ નહીં, પરંતુ સંપૂર્ણ ચિકિત્સા વિજ્ઞાન છે. જીવનમાં સારૂ સ્વાસ્થ, સફળતા અને સંપૂર્ણ સુખોને પ્રાપ્ત કરવા માટેનું માધ્યમ યોગ છે. શરીર, મન અને જીવનને રોગમુક્ત કરી દેતી આ પ્રાચીન પ્રણાલીને સમગ્ર વિશ્વે સ્વીકાર્યું છે, ત્યારે ઉપસ્થિત ટ્રેનર્સ અને યોગસાધકો વધુમાં વધુ લોકોને યોગ પ્રત્યે જાગૃત્ત કરી યોગને રોજીંદા જીવનનું અભિન્ન અંગ બનાવવા પ્રેરણા આપે તેવો અનુરોધ કર્યો હતો.

રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી યોગસેવક શિશપાલજીએ જણાવ્યુ હતુ કે, યોગ એ સમગ્ર વિશ્વને ભારતની અણમોલ ભેટ છે. ભારતના ઋષિમુનિઓ યોગ અને ધ્યાનના સહારે ૨૦૦થી વધુ વર્ષનું આયુષ્ય ધરાવતા હતા. જ્યારે આજે બેઠાડું જીવન, કસરતનો અભાવ અને માનસિક તાણના લીધે રોગો વધ્યા છે. જેનુ એકમાત્ર સમાધાન યોગ હોવાનું તેમણે સ્પષ્ટપણે જણાવી ઉમેર્યું કે, ભારતીય સંસ્કૃતિની દેન એવા યોગને આખા વિશ્વમાં પહોચાડવા માટે ૨૧ જુનને વિશ્વ યોગ દિન તરીકે ઘોષિત કરાવવામાં ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અથાગ પ્રયાસો કરતાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૧૫થી ૨૧મી જૂને 'વિશ્વ યોગ દિવસ' તરીકે મનાવવામાં આવે છે. યોગ અભિયાનને જન જન સુધી લઇ જવા માટે રાજ્ય સરકાર દ્વારા ૨૧ જૂનના રોજ 'ગુજરાત રાજ્ય યોગ બોર્ડ' ની રચના કરવામાં આવી છે. તેમણે સૌને યોગ સાથે જોડાઈને યોગ દ્વારા તંદુરસ્ત ભારતનું નિર્માણ કરવાનું આહ્વાન કર્યું હતું.

અત્રો નોંધનીય છે કે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર મારફતે યોગ જાગૃત્તિ અંગે ''યોગ કી બાત''અને ''યોગ સંવાદ''જેવા અનેક કાર્યક્રમો રાજયભરના વિવિધ જિલ્લાઓમાં યોજાઈ રહ્યા છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૫૦૦૦થી વધુ યોગ ટ્રેનરોને યોગની તાલીમ આપવાની સાથોસાથ તેમના વિસ્તારમાં યોગ તાલીમ આપવા માટે માનદ વેતન પણ ચૂકવવામાં આવશે. આગામી સમયમાં ૫૦૦૦ યોગ ટ્રેનરોનો દિક્ષાંત સમારોહ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજવામા આવશે. સમગ્ર દેશમાં ગુજરાત જ એક એવુ રાજ્ય છે કે જે યોગ જાગૃતતા અંગેનું અભિયાન ચલાવી રહ્યુ છે. જેને લોકોનો ભવ્ય પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આ પ્રસંગે સુરત ડાયમંડ એસોસિયેસનના પ્રમુખશ્રી બાબુભાઈ કથીરીયા સહિત મોટી સંખ્યામાં યોગ સાધકો ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ દરબારના આયોજન માટે આહવામાં કલેક્ટરે બેઠક યોજી

આહવા

ડાંગ દરબાર-૨૦૨૦ અંતર્ગત સમીક્ષા બેઠક તા.૨૭/૦૨/૨૦૨૦ના રોજ જિલ્લા સેવા સદન, આહવાના સભાખંડમાં ડાંગ કલેકટર શ્રી એન.કે.ડામોરના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી ૫ મી માર્ચથી શરૂ થનારા ડાંગ દરબાર લોકમેળાની તડામાર તૈયારીઓ થઇ રહી છે. ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ ભાતીગળ ડાંગ દરબારના મેળામાં કોઇપણ જાતની ક્ચાશ ન રહી જાય તે માટે ગ્રાસરૂટ લેવલથી જ તૈયારીઓ આરંભી દીધી છે. કલેકટર શ્રી એન. કે. ડામોરે મેળાની તૈયારીઓની સમીક્ષા દરમિયાન સ્વચ્છતા અંગે જણાવ્યું હતું કે રંગઉપવન ગ્રાઉન્ડની સફાઇ, રંગમંચની સ્વચ્છતા, બાગ-બગીચા, સ્ટ્રીટ લાઇટ ચાલુ કરવી તેમજ આહવાનગરને સુંદર બનાવવા અધિકારી/પદાધિકારી સહિત તમામ લોકોને સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. વધુમાં સરકારશ્રીની યોજનાકીય કામગીરી નિદર્શન માટેના સ્ટોલ વ્યવસ્થા, કાયદો વ્યવસ્થાની જાળવણી, એસ. ટી. બસ-વાહન વ્યવહાર ની વ્યવસ્થા, આરોગ્ય વિષયક, ટ્રાફિક નિયમન સુચારૂ વ્યવસ્થા બની રહે તે માટે સબંધિત અધિકારીઓએ પ્રયાસ કરવાનો રહેશે. ડાંગ દરબારની આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી શ્વેતા શ્રીમાળી, નાયબ વન સંરક્ષકશ્રી અગ્નેશ્વર વ્યાસ, નિવાસી અધિક કલેકટર શ્રી ટી. કે. ડામોર, ઈ. ચા. ડી. ડી. ઓ. અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી ડી. આર. અસારી, પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત, નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ, એસ.ટી.ડેપો મેનેજર શ્રી જગદીશભાઈ ગાવિત, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડી.સંજય શાહ, સિવિલ સર્જન શ્રી ડી.રશ્મીકાંત કોંકણી સહિત તમામ સમિતિના અધ્યક્ષ શ્રીઓ ઉપસ્થિત રહયા હતા.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096



REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

# જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૨૯-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।


## કોરોના વાયરસના કારમા પ્રહારથી વિશ્વભરના શેરબજારો આઈસીયુમાં

# બ્લેક ફ્રાઈડેઃ સેન્સેક્સમાં ૧૪૪૮ પોઈન્ટનો તોતિંગ કડાકો

### ગણતરીની મિનિટોમાં જ ખેલ ખતમ,રોકાણકારોના ૫ લાખ કરોડ સ્વાહા,અમેરિકાનું શેરબજાર ૨૦૦૮ બાદના નીચલા સ્તરે,તમામ શેરો સૌથી નીચી સપાટીએ પટકાયા,ક્રુડ ઓઈલના ભાવોએ પણ ૫૦ ડોલરની સપાટી ગુમાવી

મુંબઈ

ચીનમાં ફેલાયેલા ચેપીરોગ કોરોના વાયરસના અજગરી ભરડામાં જાણે કે હવે ભારત સહિત સમગ્ર વિશ્વનું અર્થતંત્ર આવી ગયું હોય તેમ ગઈકાલ રાત્રે અમેરિકાના શેરબજારોમાં બોલાયેલા મોટા કડાકા બાદ આજે શુક્રવારે ભારતીય શેરબજાર પર પણ વૈશ્વિક બજારોની સ્પષ્ટ અસર જોવા મળી છે અને બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સમાં આશરે ૧૩૦૦ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો. જે ત્યારબાદ પણ સતત વધી રહ્યો હતો અને એક બપોરે શેરબજાર બંધ થવાના સમય નજીક ૧૫૦૦ પોઈન્ટ પર પહોંચી જતાં રોકાણકારો માટે આજનો દિવસ બ્લેક ફાઈડે સાબિત થયો હતો અને શેરબજાર ૧૪૪૮ અંક સાથે તથા નિફ્ટી ૪૩૧ અંક સાથે બંધ થયું હતું. એક રીતે જોતા ચાલુ સપ્તાહમાં અંદાજે ૧૧ લાખ કરોડની રોકાણકારોની સંપત્તિનું ધોવાણ થયું હતું. આજે એક જ દિવસમાં નહીં પણ શરૂઆતના પાંચ-દસ મિનિટમાં જ ૫ લાખ કરોડની સંપત્તિ ધોવાઈ ગઈ હતી. જેમાં એશિયાના સૌથી વધુ ધનિક એવા રિલાયન્સના મુકેશ અંબાણીને ૫ બિલિયન ડોલર(અંદાજે ૩૫ હજાર



### ૬ દિવસમાં ૧૧ લાખ કરોડ ધોવાયા..!

**આગલા પાંચ દિવસના ઘટાડામાં રોકાણકારોએ રૂ.૬.૩૧ લાખ કરોડ ગુમાવ્યાં તો આજના ઘટાડા સાથે છ દીવસમાં રૂ.૧૧.૩૧ લાખ કરોડનું જંગી ધોવાણ થયું હતું. આજે શુક્રવારે પ્રથમ એક કલાકમાં રોકાણકારોના રૂ.૫ લાખ કરોડ ધોવાઈ ગયા હતા, સવારથી સતત ધોવાણ ચાલુ રહ્યું હતું, પ્રથમ ૧૫ મિનીટમાં માર્કેટમાં રૂ.૩,૯૩,૪૭૧ કરોડનું ધોવાણ થયું હતું. વૈશ્વિક બજારમાં કોરોના વાયરસના કારણે જે વેચવાલી આવી રહી છે તે સતત પાંચ દિવસથી જોવા મળી રહી છે. આ વેચવાલીમાં સેન્સેક્સ ૧૫૭૭ પોઈન્ટ અને નિફ્ટી ૫૨૮ પોઈન્ટ ઘટ્યો છે.**

### સેન્સેક્સ ૧૪૪૮ અંક ઘટી ૩૮૨૯૭ની સપાટીએ તો નિફ્ટીમાં ઐતિહાસિક ૪૩૧ના ઘટાડા સાથે ૧૧૨૦૧ની સપાટીએ બંધ, સેન્સેક્સમાં પાંચ દિવસમાં ૨૫૦૦થી વધુ પોઈન્ટનો કડાકા,ભારતીય રૂપિયો છ મહિનાના તળિયે

કરોડ રૂપિયા)નો જંગી ફટકો પડ્યો હતો. મેટલ, ઓટો, આઈટી, ઓઈલ-ગેસ સેક્ટરના શેરોના ભાવોમાં ભારે ઘટાડા સાથે બેન્ચમાર્ક સેન્સેક્સની તમામ સ્કીપના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. કોરોના વાઈરસના હાહાકારને પગલે વિશ્વભરના દેશોમાં થનારી આર્થિક અસરોના ભયે વૈશ્વિક બજારોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને ચોતરફી વેચવાલી નીકળી હતી. જાણકારોના મતે શેરબજાર માટે આ સપ્તાહ ૧૧ વર્ષમાં સૌથી ખરાબ સપ્તાહ પુરવાર થયું છે.

દિવસ દરમિયાન BSE સેન્સેક્સ ઉપરમાં ૩૯,૦૮૭.૪૭ અને નીચામાં ૩૮,૨૧૯.૯૭ પોઈન્ટ્સની રેન્જમાં ટ્રેડ થયા બાદ ૧૪૪૮.૩૭ પોઈન્ટ્સ અથવા ૩.૬૪ ટકાના જંગી કડાકા સાથે ૩૮,૨૯૭.૨૯ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો.નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી પણ ઉપરમાં ૧૧,૩૮૪.૮૦ અને નીચામાં ૧૧,૧૭૫.૦૫ પોઈન્ટ્સ વચ્ચે ટ્રેડ થયા બાદ ૪૧૪.૧૦ પોઈન્ટ્સ અથવા ૩.૫૬ ટકા તૂટીને ૧૧,૨૧૯.૨૦ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો.

અનુસંધાન પાના નં. ૫

## દિલ્હી હિંસાઃ આપએ કોર્પોરેટર તાહિર હુસૈનને સસ્પેન્ડ કર્યા



ન્યુ દિલ્હી

દિલ્હીમાં થયેલી હિંસાના મામલામાં આપ કોર્પોરેટ તાહિર હુસૈનનું નામ પ્રકાશમાં આવ્યા બાદ પાર્ટીએ તેમની પાસેથી તેમનું પ્રાથમિક સભ્યપદ પરત ખેંચી લીધું છે. જ્યાં સુધી તમામ તપાસ પૂર્ણ ન થઈ જાય ત્યાં સુધી પાર્ટીએ તેમને કોર્પોરેટરના પદ પરથી સસપેન્ડ કરી દીધા છે. આ અગાઉ ઈન્ટેલિજન્સ બ્યૂરોના એક અધિકારી અંકિત શર્માની હત્યામાં ગુરૂવારના રોજ કથિત રૂપે તેમના વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, અંકિત શર્માના પિતાની ફરિયાદના આધાર પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૫ અને ૩૦૨ અંતર્ગત કોર્પોરેટર સામે મામલો નોંધવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટીના કોર્પોરેટર તાહિર હુસૈન પર ઉત્તર-પૂર્વ દિલ્હીના કરાવલ નગરમાં હિંસા ભડકાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. તાહિરના ઘરની છત પરથી મોટી સંખ્યામાં પથ્થરો, એસિડ અને પેટ્રોલ બોમ્બની બોટલો અને ગુલ્લેલ મળી આવ્યા હતા.

### ચાર પૈકીના એક દોષીએ ફાંસીની સજાને આજીવન કેદમાં બદલવાની માંગ કરી

# નિર્ભયાઃ નરાધમ પવનની સુપ્રિમમાં ક્યુરેટિયવ પિટિશન

### ત્રણ દોષિતોને ફાંસી મળવાનું નિશ્ચિત,દોષિત પવન પાસે આ પછી પણ દયાની અરજીનો વિકલ્પ બાકી, ચારે નરાધમોને ત્રણ માર્ચે ફાંસી થશે કે કેમ તે ચર્ચાતો પ્રશ્ન

ન્યુ દિલ્હી

નિર્ભયા કેસમાં દોષિતોની ફાંસીની સજા સતત પાછળ ઠેલાઈ રહી છે. હવે ચોથા અને છેલ્લા દોષિત પવન ગુપ્તાએ સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટીશન દાખલ કરી છે. આ અરજીમાં પવન ગુપ્તાએ ફાંસીની સજાને આજીવન કેદમાં બદલવાની માંગણી કરી છે.

નિર્ભયા રેપ કેસમાં ચારેય દોષિતોની ફાંસીની તારીખ નજીક આવી રહી છે. દિલ્હીમાં પટિયાલા હાઉસ કોર્ટે નવુ ડેથ વોરન્ટ જાહેર કરીને



૩ માર્ચે સવારે ૬ વાગે ફાંસી આપવાની જાહેરાત કરી છે. જોકે પટિયાલા હાઉસ કોર્ટ દ્વારા આ પહેલાં પણ ડેથ વોરન્ટ જાહેર કરવામાં આવ્યા હતા પરંતુ ત્યારે પણ દોષિતોને ફાંસી આપવામાં આવી નહતી.

પવન ગુપ્તાએ હવે સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટીશન દાખલ કરીને ફાંસીની સજાને આજીવન કેદમાં બદલવાની માંગણી કરી છે. આ સંજોગોમાં માનવામાં આવે છે કે, હવે દોષિતોની ફાંસી ફરી છોડી પાછી ઠેલાઈ શકે છે. અત્યાર સુધી પવને સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટીશન પણ દાખલ નહતી કરી અને દયાની અરજી પણ નથી કરી.

પવનના વકીલ એપી સિંહનું કહેવું છે કે, પવન ગુપ્તાએ પોતાની અરજીમાં ફરી એક વાર ઘટના સમયે તે સગીર હોવાની વાત કરી છે. એપી સિંહનું કહેવું છે કે,

અનુસંધાન પાના નં. ૫

### સીબીઆઈ કેસમાં પૂર્વ તપાસ અધિકારીનો દિલ્હી કોર્ટમાં ઘટસ્ફોટ

## સીબીઆઈના પૂર્વ ડિરેક્ટર અસ્થાના વિરુદ્ધ ભ્રષ્ટાચારના મજબૂત પુરાવા



**ઈક્વાયરી ઓફિસર સતિષ ડાગર અસ્થાના તેમજ અન્ય સરકારી અધિકારીઓને બચાવવા પ્રયાસ કરી રહ્યા છે**

ન્યુ દિલ્હી

કેન્દ્રીય તપાસ એજન્સી (સીબીઆઈ)ના ઉચ્ચ અધિકારીઓના કેસમાં પૂર્વ તપાસ અધિકારીએ દિલ્હી કોર્ટમાં જણાવ્યું હતું કે સીબીઆઈના પૂર્વ વિશેષ ડિરેક્ટર રાકેશ અસ્થાના વિરુદ્ધના ભ્રષ્ટાચાર કેસમાં મજબૂત પુરાવા હતા. નોંધનીય છે કે રાકેશ અસ્થાનાને ભ્રષ્ટાચાર કેસમાં તાજેતરમાં ક્લિનચીટ આપવામાં આવી હતી. પૂર્વ તપાસ અધિકારી અજય કુમાર બસ્સીએ વિશેષ સીબીઆઈ જજ સંજૂવ અગ્રવાલને જણાવ્યું કે, પ્રવર્તમાન

અનુસંધાન પાના નં. ૫


MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ ( ૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ ( ૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm



### ભારતમાં જે પણ સ્થિતિ થશે તેના માટે અંગ્રેજોને દોષ ન આપી શકાય

# દેશમાં જે કાંઈ સ્થિતિ સર્જાય તે માટે આપણે જવાબદારઃ ભાગવત

**દેશ સ્વતંત્ર છે તેથી તેમાં સદભાવના જાળવી રાખવાની જવાબદારી દેશવાસીઓની છે**

નાગપુર

દિલ્હી હિંસા અંગે મોહન ભાગવતે કડક નિવેદન આપતા કહ્યું દેશમાં જે થઈ રહ્યું છે તેના માટે બ્રિટિશો પર આરોપ ના લગાવી શકાય. આરએસએસના વડા મોહન ભાગવતે નાગપુરમાં ચાલી રહેલા નવા વર્ષ ૨૦૨૦ના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમને સંબોધતા સંઘના પ્રમુખ ભાગવતે કહ્યું કે જો હવે આપણા દેશમાં કંઈક ખોટું થાય છે, તો આપણે તેના માટે બ્રિટિશને દોષી



ઠેરવી શકીએ નહીં.


ભાગવતે તેમના સંબોધનમાં ડૉક્ટર આંબેડકર અને ભગિની નિવેદિતા દ્વારા કહેલી કેટલીક વાતોનો પણ ઉલ્લેખ કર્યો. મોહન ભાગવતે તેમના ભાષણમાં સામાજિક શિસ્ત પર ભાર મૂક્યો, ''આપણે સ્વતંત્ર થઈ ગયા છીએ. હવે રાજકીય રીતે ખંડિત કેમ ના હોઈએ પરંતુ આઝાદી મળી. આજે આપણા દેશમાં આપણું શાસન છે. પરંતુ આ સ્વતંત્રતા ટકી રહે અને રાજ્ય સરળતાથી ચાલે રાખે તે માટે સામાજિક શિસ્ત જરૂરી છે''

વધુમાં સંબોધનમાં ભાગવતે આંબેડકરના ભાષણોની પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, ''સ્વતંત્ર ભારતનું બંધારણ આપતી વખતે સંસદમાં ડોક્ટર આંબેડકર સાહેબનાં બે ભાષણો થયાં હતાં. તેમાં તેમણે જે વાતોનો ઉલ્લેખ કર્યો હતો તે આ છે હવે આપણા દેશમાં જે કંઈ પણ થશે તેના માટે આપણે જવાબદાર છીએ. હવે કંઈક બાકી છે, જો કાંઈ થયું નહીં, તો કંઈક ઊલટું થયું હોય તો બ્રિટિશ લોકો પર કોઈને દોષી ના ઠેરવી શકાય. તેથી જ હવે આપણે ઘણું વિચારવું પડશે.''

### આજથી ચાર્જ સંભળાશે,અમૂલ્ય પટનાયક આજે રિટાયર થશે

## દિલ્હીના નવા પોલિસ કમિશ્નર તરીકે એમએન શ્રીવાસ્તવની નિમણૂંક

દિલ્હીના સ્પેશ્યલ કમિશનર (લૉ એન્ડ ઓર્ડર) એસએન શ્રીવાસ્તવને દિલ્હીના નવા પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. એસએન શ્રીવાસ્તવને પોલીસ કમિશનર બનાવવાની લીલી ઝંડી ગૃહમંત્રાલયે આપી દીધી છે. તે બાદ ઉપ રાજ્યપાલ અનિલ બૈજલે આદેશ જાહેર કર્યા છે તે તે કાલથી ચાર્જ સંભાળી લેશે. દિલ્હીના વર્તમાન પોલીસ કમિશનર અમૂલ્ય પટનાયકનો કાર્યકાળ ૩૧ જાન્યુઆરીએ ખતમ થઈ રહ્યો હતો પરંતુ તેમણે એક મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યુ હતું. દિલ્હીના પોલીસ કમિશનર અમૂલ્ય પટનાયક ૨૯ ફેબ્રુઆરીએ રિટાયર થઈ રહ્યા છે. એજીએમયુટી ૧૯૮૫ બેન્ચના આઈપીએસ અધિકારી



એસએન શ્રીવાસ્તવ અત્યાર સુધી સીઆરપીએફ (ટ્રેનિંગ) જમ્મુ-કાશ્મીરમાં તૈનાત હતા. દિલ્હી હિંસા વચ્ચે તેમણે સીઆરપીએફથી બોલાવીને દિલ્હીના સ્પેશ્યલ કમિશનર (લૉ એન્ડ ઓર્ડર) બનાવવામાં આવ્યા હતા. બે વર્ષ પહેલા જમ્મુ કાશ્મીરના સ્પેશ્યલ ડીજી રહેલા એસએન શ્રીવાસ્તવને ઘાટીમાં ઓપરેશન ઓલ આઉટ દરમિયાન આર્મી સાથે કામ કરવા માટે ઓળખવામાં આવે છે.

તંત્રી સ્થાનેથી...

# સુરક્ષા દળ સામે પડકાર

જમ્મુકાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની નાબુદી કરવામાં આવ્યા બાદ સુરક્ષા દળો સામે જમ્મુ કાશ્મીરમાં અનેક પ્રકારના પડકારો આવી રહ્યા છે. સ્થાનિક પડકારોની સાથે સાથે સરહદ પર પણ નવા પડકારો રહેલા છે. આ કલમ નાબુદ કરવામાં આવ્યા બાદ એકબાજુ પાકિસ્તાને ઉશ્કેરણીજનક કૃત્યો વધુ વધારી દીધા છે. સરહદ પર તે સ્થિતીનો લાભ લઈને વારંવાર ગોળીબાર કરે છે. જેમાં કેટલાક ભારતીય જવાનો શહીદ થયા છે. આ ઉપરાંત રાજ્યમાં જુદા જુદા સ્થળો પર હુમલા કરવાના તેના સમર્થકો દ્વારા પ્રયાસો જારી રાખવામાં આવ્યા છે. કાશ્મીરમાં સ્થાનિક લોકોની વચ્ચે છુપાયેલા તત્વોથી સાવધાન રહેવાની પણ સુરક્ષા દળોને જરૂર છે. સાથે સાથે લોકોની અંદર આત્મવિશ્વાસ પણ જગાવવાની જરૂર છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ હવે સ્થિતી ધીમે ધીમે સામાન્ય બની રહી છે. અહીં છેલ્લા કેટલાક મહિનાથી હાલત કફોડી બનેલી હતી. દરરોજ ત્રાસવાદી હુમલા કરવામાં આવી રહ્યા હતા. સ્થાનિક લોકો ત્રાસવાદીઓને પરોક્ષ રીતે મદદ કરી રહ્યા હતા. હજુ પણ ત્રાસવાદીઓને કેટલાક વિસ્તારોમાં સ્થાનિક લોકો આશરો આપી રહ્યા છે ત્યારે તેમની સામે નવા પડકારો ઉભા થઇ ગયા છે. આવી જટિલ સ્થિતી વચ્ચે સુરક્ષા દળોને સાવધાન રહેવાની જરૂર છે. હકીકતમાં વસ્તીના એક મોટા હિસ્સાની વિચારધારા અને તેમના વ્યવહારનો હિસ્સો બની ચુકેલી કોઇ પણ સમસ્યાને ઉકેલી દેવા માટે તાકાતની એક મોટી ભૂમિકા હોય છે પરંતુ સાથે સાથે તેને એકમાત્ર કારણ અને વિકલ્પ તરીકે જોઇને આગળ વધવાની બાબત યોગ્ય દેખાતી નથી. આના કારણે સમસ્યા વધારે ગંભીર બની જાય છે. કઠોર વલણની સાથે સાથે સમાયાતંર વાતચીતની પ્રક્રિયા જારી રાખીને જ બળ પ્રયોગનો કોઇ અર્થ નિકળી શકે છે. સમસ્યાની જડ બની ચુકેલા કેટલાક લોકોને વસ્તીથી અલગ કરવાની બાબત એક ચૂંટણી વલણ પણ હોય છે. કમનસીબ બાબત એ છે કે કાશ્મીરના સંબંધમાં છેલ્લા કેટલાક સમયથી વાતચીત માટેનો રસ્તો બંધ થયેલો છે. બલ્કે ચૂંટણી પ્રક્રિયાના પ્રયાસોમાં પણ ગંભીરતા દેખાઇ રહી નથી. છેલ્લી વિધાનસભાની ચૂંટણી બાદ બે લોકસભા સીટની પેટાચૂંટણી થઇ હતી. જેમાં ખુબ ઓછુ મતદાન થયુ હોવા છતાં ફારૂખ અબ્દુલ્લા વિજેતા બની ગયા હતા. ખાસ નોંધવા લાયક બાબત એ છે કે માત્ર લશ્કરી ઓપરેશન પર આધાર રાખીને અમે અમારા લશ્કરી બળોને પણ સંકટમાં મુકી રહ્યા છીએ. વર્તમાન સ્થિતીમાં કાશ્મીરમાં સેનાના પ્રયાસો છતાં સ્થિતી વધારે સુધરી નથી. જ્યાં સુધી શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી થશે નહીં ત્યાં સુધી સ્થિતીમાં નોંધપાત્ર સુધારો થઇ શકશે નહી.સ્થિતીને સુધારી દેવા અને તમામ પ્રકારની ચેતવણી આપવામાં આવી રહી હોવા છતાં પાકિસ્તાની સેના યુદ્ધવિરામનો ભંગ કરીને સ્થિતીને ખરાબ કરવાના પ્રયાસો સતત કરી રહી છે. પાકિસ્તાનને વારંવારની ચેતવણી આપવામાં આવી હોવા છતાં પાકિસ્તાને સતત ગોળીબાર જારી રાખ્યો છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકાર દ્વારા શ્રેણીબદ્ધ નવી જાહેરાતો જમ્મુ કાશ્મીર માટે કરવામાં આવી ચુકી છે. રાજ્યમાં વિકાસની ગતિ હવે ધીમે ધીમે ઝડપી બની રહી છે. જે સારા સંકેત તરીકે છે.

**કલમ ૩૭૦ની નાબુદી બાદ સુરક્ષા દળો સામે અનેક પ્રકારના નવા પડકારો આવ્યા**

## વિશ્વના ૪૮થી વધારે દેશો જોરદાર રીતે સકંજામાં આવ્યા જેથી...

# કોરોના વાયરસ વિકરાળ સ્વરૂપમાં




**વિશ્વના તમામ મોટા અર્થતંત્ર અને શેરબજારમાં હાહાકાર મચી ગયો છે : વાયરસના કારણે વિશ્વમાં ભયંકર તબાહી પહેલાથી જ થઈ ચુકી છે**

જે બાબતની શંકા હતી તે બાબત સાંચી સાબિત થઇ રહી છે. કોરોના વાયરસના કારણે દુનિયાના મોટા ભાગના દેશો સકંજામાં આવી ગયા છે. હાલમાં સ્થિતીમાં કોઇ સુધારો થાય તેવી શક્યતા પણ ઓછી દેખાઇ રહી છે. કોરોના વાયરસનો આતંક જારી રહ્યો છે. નવા નવા દેશ તેના વિકરાળ સકંજામાં આવી રહ્યા છે. દુનિયાના મોટા અર્થતંત્ર અને મોટા શેરબજારમાં કોહરામની સ્થિતી છેલ્લા પાંચ દિવસથી જોવા મળી રહી છે. આ સ્થિતી હાલમાં હળવી બને તેવા કોઇ સંકેત દેખાઇ રહ્યા નથી. કારણ કે અસરગ્રસ્ત લોકોની સંખ્યા હજુ લાખોમાં છે. સાથે સાથે ગંભીર રીતે અસરગ્રસ્ત લોકોની સંખ્યા પણ હજારોમાં છે. જેથી સ્થિતીમાં સુધારો થતા સમય લાગશે. આનો અર્થ એ થયો કે દુનિયાના દેશો હાલમાં ભારે મુશ્કેલીમાં કોરોના કારણે રહેનાર છે. ઉપરથી મુલ્યાંકન કરવામાં આવે તો ૮૧ હજારથી વધારે લોકો કોરોના વાયરસથી ગ્રસ્ત છે. આજે આ બિમારી ચીનના તમામ વિસ્તારોની સાથે સાથે ૪૮ દેશોમાં ફેલાઇ ચુકી છે. ઇરાન, અમેરિકા, જાપાન, ઇટાલી અને દક્ષિણ કોરિયામાં પણ તે આતંક મચાવે છે. તેનો ફેલાવો હવે મધ્યપૂર્વના દેશો અને યુરોપના કેટલાક દેશોમાં પણ છે. દક્ષિણ કોરિયના દેગુ શહેરની ચર્ચા તો ચીનના વુહાન જેટલી જ છે. આ દેશમાં ગુરૂવારના દિવસે ૧૭૬૬ નવા દર્દીઓ નોંધાયા હતા. ચીન બાદ ઇરાનમાં પણ હાલત કફોડી બનેલી છે. જાણકાર લોકો માની રહ્યા છે કે આગામી દિવસોમાં સ્થિતી વધારે ગંભીર બની શકે છે. ઇરાનમાં સ્થિતી વધારે વણસી શકે છે. અમેરિકાના પ્રતિબંધના કારણે જરૂરિ દવા ઇરાન પહોંચી રહી નથી. સાથે સાથે અન્ય દેશો મારફતે જે દવા પહોંચી રહી છે તે ખુબ મોંઘી છે. રહી વાત સારવારની તો હાલમાં કોઇ નક્કર દવા મળી રહી નથી. દર્દીને વિટામીન અને એન્ટીબાયોટિક દવા આપવા સિવાય અન્ય કોઇ દવા આપવામાં આવી રહી નથી. શરીરમાં સતત ફ્લુઇડ પહોંચાડી દેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસને રોકવા માટે કોઇ નક્કર દવા હજુ સુધી શોધવામાં આવી નથી. આનુ એક કારણ એ પણ છે કે વૈજ્ઞાનિકો તેના મુખ્ય સોર્સને લઇને કોઇ નક્કર બાબત અને તારણ પર પહોંચી શક્યા નથી. શરૂઆતમાં કહેવામાં આવ્યુ હતુ કે સાંપના કારણે તે ફેલાયો છે. જો કે તેના પર સહમતિ થઇ ન હતી. કોરોના વાયરસ હાલમાં તબીબી વૈજ્ઞાનિકો માટે પણ એક પડકારરૂપ બાબત છે. અમેરિકા સહિત દુનિયાના દેશોમાં મેડિકલ ઉદ્યોગ હાલમાં ખાનગી બિમારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારતને પણ સાવધાન થઇ જવાની જરૂર છે. વિશ્વના ૪૮થી વધારે દેશોમાં કોરોના વાયરસને તેનો સકંજો મજબુત બનાવી દીધો છે. આના કારણે ભારે દહેશત છે. કોરોના વાયરસના કારણે વિશ્વના દેશોમાં મોતનો આંકડો વધીને ૨૮૫૮ ઉપર પહોંચી ગયો છે. આવી જ રીતે રિકવર થયેલા લોકોની સંખ્યા ૩૬૫૭૪ ઉપર પહોંચી ગઇ છે. વિશ્વના દેશોમાં કુલ કેસોની વાત કરવામા આવે તો આ સંખ્યા ૮૩૩૭૯ ઉપર પહોંચી ગઇ છે. હાલમાં ઇન્ફેકટેડ દર્દીઓની સંખ્યા ૪૩૯૪૭ રહેલી છે. રિકવર થયેલા લોકોની સંખ્યા ૩૬૫૭૪ રહેલી છે. કોરોના વાયરસના કારણે હાલમાં સ્થિતીમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. ચીનમાં હુબેઇ પ્રાંતમાં સૌથી વધારે અસરગ્રસ્ત લોકો છે. સાથે સાથે મોતનો આંકડો પણ અહીં જ સૌથી વધારે નોંધાયો છે. બચાવ અને રાહત કામગીરીમાં આરોગ્ય કર્મચારીઓ એટલી હદ સુધી લાગેલા છે કે તેમને જોઇને સલામ કરી શકાય છે.દેશમાં આ વાયરસ ફેલાઇ જતા પહેલા સેન્ટ્રલ હુબેઇ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. ચીનમાં સાવેચેતીના તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હવે કોરોના વાયરસ બેકાબુ છે. કોરોના કારણે આતંક મચેલો છે.

## દબંગ સલમાને પુર પિડિત ગામને દત્તક લીધા બાદ ફેન્સ ખુશ છે...

# સલમાન ઘરોનુ ફેરનિર્માણ કરાવશે



**અક્ષય કુમાર અને આમીર ખાન બાદ સલમાન પણ સામાજિક અને લોકસેવાની દિશામાં : ટ્વિટર પર સલમાન ખાન દ્વારા જાહેરાત થઈ**

બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા સલમાન ખાનની દરિયા દિલીના કિસ્સા તો પહેલાથી જ ખુબ લોકપ્રિય રહ્યા છે. સલમાન ખાને બોલિવુડમાં અનેક નવા સ્ટારોની સતત મદદ કરી છે. સાથે સાથે સલમાન ખાન ચેરિટીના પણ અનેક પ્રકારના કામ કરે છે. તાજેતરમાં જ સલમાન ખાને એક એનજીઓની સાથે મળીને કોલ્હાપુર જિલ્લાના પુરગ્રસ્ત ગામ ખિદરાપુરને દત્તક લઇને કેટલીક નવી જાહેરાતો કરી દીધી છે. તેઓ આ ગામના લોકોની મદદ કરનાર છે. માત્ર સલમાન ખાન જ નહીં બલ્કે બોલિવુડના અન્ય કેટલાક કલાકારો પણ આ દિશામાં ધ્યાન આપતા રહે છે. ગામોની સમસ્યા તરફ સલમાન ખાન પણ ધ્યાન આપે છે. સલમાન ખાને સોશિયલ મિડિયા ટ્વીટર પર આ નવી પહેલ અંગેની જાહેરાત કરી છે. સલમાને જાહેરાત કરતા લખ્યુ છે કે ૨૦૧૯માં આવેલા પુર બાદ મોટી સંખ્યામાં લોકોએ પોતાના પરિવારના સભ્યો અને આવાસને ગુમાવી દીધા છે. ઘર હોવાની બાબત એક મુળભુત જરૂરિયાત પૈકીની એક તરીકે છે. ગામના વિકાસ કરવાની બાબત અમારી પ્રાથમિકતા રહેલી છે. આ નવી પહેલ હેઠળ સલમાન ખાન એનજીઓની સાથે મળીને પુર પ્રભાવિત ક્ષેત્રમાં આવાસનુ નિર્માણ કરનાર છે. જે લોકોએ પુરમાં તેમના આવાસ ગુમાવી દીધા છે તેમને ફરી પોતાના ઘર મળી શકે તે હેતુથી પાકા ઘરનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. એનજીઓના નિર્દેશક રવીશ કપુરે કહ્યુ છે કે ગ્રામીણ ભારતની નીવં તરીકે છે. આ યોજના તેમના માટે ઉપયોગી સાબિત થનાર છે. ગ્રામીણ લોકોના વિકાસ માટે ઉપયોગી ભૂમિકા અદા કરવા અમે જઇ રહ્યા છીએ. આ પહેલમાં સલમાન ખાન સાથે આવતા મોટી રાહત થઇ છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે માત્ર સલમાન ખાન જ નહીં બલ્કે બોલિવુડમાં અનેક કલાકારો વિવિધ કામો સાથે જોડાયેલા છે. જેમાં સલમાન ઉપરાંત આમીર ખાન અને કિરણ રાવ પણ સામેલ છે. આમીર ખાન પત્નિ કિરણ સાથે મળીને જળ સંગ્રહ અને વરસાદી પાણીના જતન માટે તેમજ તેના યોગ્ય ઉપયોગ પર કામ કરે છે. આના માટે આમીર ખાને એક ફાઉન્ડેશનની રચના પણ કરેલી છે. જેનુ નામ પાણી ફાઉન્ડેશન રાખવામાં આવ્યુ છે. આના માટે તેઓ ગામોમાં જાય છે અને ત્યાં એક બે દિવસ રહીને લોકોને જળ સંચયના મામલે માહિતી આપે છે. બીજી બાજુ ખિલાડી કુમાર અક્ષય કુમાર બોલિવુડમાં એવા સ્ટાર તરીકે છે જે હમેંશા જરૂરના સમય આગળ આવે છે. વર્ષ ૨૦૧૯માં જ્યારે પુરની સ્થિતી હતી ત્યારે અક્ષય કુમારે છઠ્ઠ પુજાના અવસર પર એક કરોડ રૂપિયાની મદદ ગામની સહાયતા તરીકે આપ્યો હતો. આ પહેલા જ્યારે આસામમાં પુરની સ્થિતી હતી ત્યારે બે કરોડ રૂપિયાની મદદ કરવામાં આવી હતી. વિતેલા વર્ષોના અનેક સ્ટાર પણ આવા કામો સામે જોડાયેલા છે. જેમાં ધર્મેન્દ્ર અને નાના પાટેકરનો સમાવેશ થાય છે. અભિનેતા ધર્મેન્દ્રને ગામના જીવનને વધારે પસંદ કરવાની પ્રક્રિયા પસંદ છે. જેથી તે હાલમાં વધારે સમય ફાર્મ હાઉસમાં ગાળે છે. તે ત્યાં ઓર્ગેનિક ખેતી કરે છે. તે કેટલીક વખત ખેતરથી પોતાના ફોટો અને વિડિયો શેયર કરે છે. અભિનેતા નાના પાટેકર પણ લોકોની મદદ કરતા રહે છે. તે એક ફાઉન્ડેશન ચલાવે છે. વર્ષ ૨૦૧૯માં મહારાષ્ટ્રમાં આવેલા પુર બાદ અભિનેતાએ કોલ્હાપુર જિલ્લાના શિરોલ ગામમાં બરબાદ થયેલા એક ગામને દત્તક લેવાની જાહેરાત કરી હતી. સાથે સાથે ૫૦૦ નવા મકાન બનાવવાની જાહેરાત કરી હતી. ખેડુતોની આર્થિક મદદ પણ તે કરતો રહે છે. બોલિવુડના અન્ય અનેક કલાકારો પણ જુદી જુદી સંસ્થા ચલાવે છે. આ લોકો વિવિધ રીતે શક્ય તેટલા પ્રમાણમાં મદદ કરે છે. તમામ લોકો જાણે છે કે સલમાન ખાને અનેક સ્ટાર કિડ્સ અને નવા કલાકારોને બોલિવુડમાં લોંચ કરીને તેમને તક આપી છે. સલમાન ખાન  કેટરીના કેફ, જરીન ખાન, ડેઝી શાહ સહિતની અનેક અભિનેત્રીઓની પણ કેરિયરમાં તેજી લાવવામાં ભૂમિકા અદા કરી છે. સુરજ પંચોલીના પુત્રને પણ મદદ કરી છે.

# ટુથપેસ્ટ પણ ઝેર પહોંચાડે છે

સવારે ઉઠીને અમે જે ટુથપેસ્ટથી બ્રસ કરી રહ્યા છીએ તે અમારી અંદર ઝેર પહોંચાડે છે. એક ટૂથપેસ્ટમાં નવ સિગારેટ જેટલું નિકોટીનનું પ્રમાણ હોઈ શકે છે. દિલ્હી સ્થિત ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ એન્ડ રિસર્ચે પોતાની તપાસમાં આ મુજબનો ઘટસ્ફોટ કર્યો છે. આ સંસ્થાએ કહ્યું છે કે તમામ ટુથપેસ્ટ બનાવટી કંપનીઓ લોકોના દાંતને ખરાબ કરવાની પ્રક્રિયામાં જોડાયેલી છે. આ સંસ્થાના પૂર્વ અધિકારી અને પ્રોફેસર એસ એસ અગ્રવાલે જણાવ્યું છે કે બજારમાં ઉપલબ્ધ તમામ ટોચની કંપનીઓના પેસ્ટને લઈને તપાસ કરવામાં આવી ચૂકી છે. આમાંથી ૧૧ પેસ્ટ અને દાતમંજનમાં નિકોટીનનું પ્રમાણ અપેક્ષા કરતાં વધારે જોવા મળ્યું છે. પેસ્ટમાં યુઝીનોલ અને ટારનું પ્રમાણ પણ ખૂબ મોટી માત્રામાં જોવા મળ્યું છે. ફ્લોરાઈડનું પ્રમાણ પણ મોટી માત્રામાં જોવા મળ્યું છે. ઘણા પેસ્ટ અને દાંતમંજનમાં ૧૮ મિલીગ્રામ સુધી નિકોટીનનું પ્રમાણ જોવા મળ્યું છે. એક સિગારેટમાં ૨થી ૩ મિલીગ્રામ નિકોટીનનું પ્રમાણ રહે છે. આ રીતે જોવા જઈએ તો પેસ્ટમાં ૮થી ૯ સિગારેટ સમાન નિકોટીનનું પ્રમાણ રહે છે. નિકોટીન દિમાગને તાજગી ઉપલબ્ધ કરાવે છે પરંતુ તેની આડ અસરો પણ રહેલી છે. યુઝીનોલ પીડાને ઘટાડે છે. મોટાભાગની કંપનીઓ દાંતમાં રહેતી પીડાને દૂર કરવા માટે આનો ઉપયોગ કરે છે પરંતુ હાર્ટની ધમની પર તેની માઠી અસર થાય છે. ટૂથપેસ્ટમાં સામેલ ટાર કેન્સર માટે મોટું કારણ હોઈ શકે છે. પેટ ઉપર પણ તેની પ્રતિકૂળ અસર થાય છે. આનાથી ભૂખનું પ્રમાણ ઘટી જાય છે. ટૂથપેસ્ટને લઈને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં ઘણી અન્ય બાબતો પણ જાણવા મળી છે જેમાં વધુ અભ્યાસ કરવામાં આવશે.

**દાંતને પણ નુકસાન કરે છે : રિસર્ચમાં દાવો કરાયો**

## કેરળના સૌથી મહત્વપૂર્ણ શહેરો પૈકી એક તરીકે કોચી રહેલુ છે...

# કોચીનુ આકર્ષણ હાલમાં વધ્યુ છે



**લોકોમાં સૌથી પસંદગીના ટ્યુરિસ્ટ સ્થળ તરીકે હવે કોચી છે : ફિલીપાઈન્સના લુજોન અને પોર્ટુગલના પોર્ટોની પણ બોલબાલા રહી**

દુનિયાના સૌથી લોકપ્રિય અને મહત્વપૂર્ણ તેમજ પસંદગીના સ્થળ પૈકી એક તરીકે કોચી હાલમાં ઉભરી આવતા ભારત માટે ખુબ સારા સમાચાર છે. હવે કેરળના કોચીમાં ફરવા આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઝડપથી વધારો થઇ રહ્યો છે. મોટા ભાગના પ્રવાસીઓ દ્વારા હાલમાં કબુલાત કરવામાં આવી છે કે કોચી તેમના ફેવરીટ સ્થળ પૈકી એક તરીકે છે. દુનિયાભરના પ્રવાસીઓમા તે હવે હોટસ્થળ પૈકી એક તરીકે છે. અહીં આવવા માટે લાખોની સંખ્યામાં લોકો આયોજન કરી રહ્યા છે. તે હાલમાં પ્રવાસીઓની વચ્ચે આકર્ષણના કેન્દ્ર તરીકે છે. યાત્રાની ઓનલાઇન માહિતી ઉપલબ્ધ કરાવનાર કંપી ટ્રિપ એડવાઇઝરના હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કોચી લોકોની હવે પહેલી પસંદ તરીકે છે. ટ્રિપ એડવાઇઝર દ્વારા ૨૦૨૦ના સૌથી લોકપ્રિય સ્થળો પ્રવાસીઓની વચ્ચે ક્યાં રહ્યા છે તેને લઇને સર્વેની કામગીરી હાથ ધરી હતી. લોકોના અભિપ્રાય પણ લીધા હતા. જેમાં હવે કોચી વિશ્વભરમાં પ્રથમ સ્થાને રહેતા ભારતને રાહત થઇ છે. આ વર્ષે નવી પ્રકારની ગણતરી કરીને બે લિસ્ટ બનાવવામાં આવી છે. પ્રથમ યાદીમાં એવા સ્થળોની યાદી તૈયાર કરવામાં આવી છે જે વર્તમાન સમયમાં લોકોની વચ્ચે પસંદ કરવામાં આવી રહેલા ટ્રેન્ડ તરીકે છે. જ્યારે બીજી યાદી એવા ઉભરી રહેલા સ્થળોની યાદી છે જ્યાં લોકો જવા માટે ઉત્સુક બની રહ્યા છે. કંપનીની નાઉ એન્ડ એકસ્ટ યાદી મુજબ પસંદ કરવામાં આવી રહેલા સ્થળોની યાદીમાં કોચી પ્રથમ સ્થાન પર છે. જ્યારે બીજા સ્થાન પર ફિલિપાઇન્સમાં લુજોન છે. ત્રીજા સ્થાન પર પોર્ટુગલના પોર્ટો છે. જ્યારે યાદીમાં ૨૫ સ્થળો પૈકી સૌથી છેલ્લા સ્થાન પર રશિયાના મોસ્કો તરીકે છે. દુનિયાના ઉભરી રહેલા સ્થળોની યાદીમાં રશિયાના કલિનિનગ્રાદ  પ્રથમ સ્થાન પર છે. જ્યારે અલ્બાનિયાના સારાંન્ડે બીજા સ્થાને છે. લેબનોનના બેરુતને ત્રીજા સ્થાન પર રાખવામાં આવતા તેની પણ ચર્ચા છે. પ્રવાસીઓની વધી રહેલી રૂચિને પણ ધ્યાનમાં લેવામાં આવી રહી છે. કોચીમાં અનેક પ્રકારના આકર્ષણ રહેલા છે. ખુબ ઓછા લોકો જાણે છે કે કોચીને પહેલા કોચીન તરીકે ગણવાવામાં આવતા હતા. ભારતના દક્ષિણ પશ્ચિમ દરિયાકાઠા પર કોચીન અથવા તો કોચી સ્થિત છે. તે તમામ રીતે ભારતના અન્ય ભાગો સાથે જોડાયેલ હોવાથી તમામ જગ્યાએથી અહીં સરળ રીતે પહોંચી શકાય છે. કેરળના સૌથી વધારે વસ્તી ધરાવતા વિસ્તાર તરીકે પણ છે. વર્ષ ૨૦૧૧ની ગણતરીને ધ્યાનમાં લેવામાં આવે તો અહીંની વસ્તી ૬૭૭૩૮૧ નોંધાઇ હતી. કેરળના સૌથી વધારે વસ્તી ધરાવતા મેટ્રો પોલિટન વિસ્તાર તરીક છે. કોચી શહેર ગ્રેટર કોચીન પ્રદેશના ભાગરૂપે છે. ક્વીન ઓફ અરેબિયન સી તરીકે તે ઓળખાય છે. કોચી કારોબારના મુખ્ય કેન્દ્ર તરીકે દશકોથી છે. કેરળમાં તે સૌથી વધારે જીડીપી પ્રતિ વ્યક્તિ અને સૌથી વધારે જીડીપી ધરાવે છે. કોચીમાં અતિ આધુનિક સ્થળોની સાથે સાથે ખુબસુરત દરિયાઇ વિસ્તારો આવેલા છે. શ્રેણીબદ્ધ પ્રવાસી કેન્દ્ર છે. પ્રાચીન સાંસ્કૃતિની ઝલક અહીં જોવા મળે છે. કોચીમાં અનેક ઐતિહાસિક અને પ્રાચીન ધરોવર ધરાવે છે. ટીસીએસ સહિત અનેક મોટી કંપનીઓની અહીં ઓફિસ આવેલી છે. ખુબસુરત દરિયાઇ વિસ્તારો, ભવ્ય પ્રાચીન કળા અહીં જોઇ શકાય છે. આ તમામ વિશેાષતા કોચી તરફ લોકોને આકર્ષિત કરે છે. કોચીના ટ્યુરિસ્ટ સ્થળોની વાત કરવામાં આવે તો અનેક જગ્યા છે. જેમાં અરેબિયન દરિયામાં સમાંતર લેક છે. મરીન ડ્રાઇવ, ફોર્ટ કોચી, હિલ પ્લેસ, ડચ પ્લેસ, કોચી ઇન્ટરનેશનલ મરિના, સાન્ટા ક્રુઝ , વિલિંગડોન આઇલેન્ડ, મ્યુઝિયમ ઓફ કેરળ હિસ્ટ્રી, સેન્ટ ફ્રાન્સીસ ચર્ચનો સમાવેશ થાય છે. કોચી જળ રમતોના રશિયા લોકો માટે ખાસ સ્થળ તરીકે ચે. વિલિગડોન માનવી દ્વારા તૈયાર કરવામાં આવેલા એક આઇલેન્ડ તરીકે છે. અહીં એકથી એક અનેક શાનદાર અને ખુબસુરત હોટેલો આવેલી છે. જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ પણ તમામને આકર્ષિત કરે છે. જ્યાં મેચોનુ આયોજન પણ કરવામાં આવે છે. હાલના સમયમાં પ્રવાસી પરિવારને જે પ્રકારની સુવિધા અને અન્ય આકર્ષિત જગ્યાની જરૂર હોય છે તે તમામ જગ્યાએ કેરળના કોચીમાં રહેલી છે.

## ફિલ્મી ગપસપ...



*પેરિસમાં પ્રસ્તુત વિમેન્સ ફેશન વીક ફોલ/વિન્ટર ૨૦૨૦/૨૧ દરમિયાન એક મોડેલ ઓફ વ્હાઇટ ફેશન સંગ્રહ માટેનું સર્જન પહેરે છે.*

# રિચા ચઢ્ઢા અને અલી ફઝલ એપ્રિલમાં લગ્નના બંધનમાં બંધાશે




બોલિવૂડ અભિનેત્રી રિચા ચઢ્ઢા અને અલી ફઝલના લગ્નની ચર્ચા બોલિવૂડની ગલીઓમાં ગુંજી રહી છે. આ કપલ લગ્ન કરશે તે નક્કી છે પરંતુ ક્યારે કરશે તે કોઈને ખબર નથી. પરંતુ હવે જાણકારી મળી ગઈ છે કે બંન્ને ક્યારે લગ્નનાં તાંતણે બંધાશે. મીડિયા રિપોર્ટ અનુસાર રિચા ચઢ્ઢા અને અલી ફઝલ આ વર્ષે એપ્રિલમાં જ લગ્ન કરી લેશે. ખબરો અનુસાર તેઓ પહેલા કોર્ટ મેરેજ કરશે અને તેના પછી સેલિબ્રેશન કરશે. ખબરો અનુસાર બંન્ને ૧૫ ફેબ્રુઆરીના રોજ ફેમિલિ કોર્ટમાં લગ્ન માટે રજિસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. તો નિયમ અનુસાર તેઓ ૧૫ માર્ચ બાદ ક્યારેય પણ લગ્ન કરી શકે છે. પરંતુ રિચા ૩૧ માર્ચ સુધી પોતાના શૂટમાં વ્યસ્ત છે માટે બંન્નેએ એપ્રિલમાં કોર્ટ મેરેજ કરવાનો નિર્ણય કર્યો છે. રિચા અને અલીના પ્રવક્તાએ જણાવ્યું કે, 'લગ્ન માટે કોર્ટમાં રજિસ્ટ્રેશન કરાવી દીધુ છે. પ્રોસેસના હિસાબે રજિસ્ટ્રેશનની તારીખથી લગ્ન માટે ત્રણ મહિનાની વિંડો મળશે. એટલે કે એપ્રિલ માસ દરમિયાન તેઓ લગ્ન કરી લેશે.' અલી અને રિચા પ્રથમવાર ૨૦૧૨માં ફિલ્મ ફુકરેના સેટ પર મળ્યા હતા અને ત્યારથી તેઓ દોસ્ત છે. જોકે તેમણે ડેટ કરવાનું ૨૦૧૫માં શરૂ કર્યું હતું અને ૨૦૧૭માં બંન્નેએ પોતાના સંબંધને સાર્વજનિક કરી દીધો હતો. હવે ફાઇનલી તેઓ લગ્ન કરવા જઈ રહ્યા છે.

# બિગબોસ-૧૩ નંબર વન શો... ફિનાલેનાં એપિસોડે ૧૦૫૧૭ ઈમ્પ્રેશન સાથે રેકોર્ડ તોડ્યો

મુંબઈ


કલર્સ ચેનલ પર ટેલિકાસ્ટ થતો શો 'બિગ બોસ ૧૩' પૂરો થઇ ગયો છે. ૧૫ ફેબ્રુઆરીના રોજ ફિનાલે હતો જેમાં સિદ્ધાર્થ શુક્લા વિજેતા થયો હતો. બાર્કના વીકલી ટીઆરપી રિપોર્ટમાં સાતમા અઠવાડિયાંમાં 'બિગ બોસ ૧૩' બીજા બધા શોને પાછળ રાખીને નંબર વન શો બની ગયો છે. ફિનાલે વીકને કારણે 'બિગ બોસ ૧૩' શો લિસ્ટમાં ટોપ પર આવ્યો અને આવું પહેલીવાર થયું કે શો નંબર વન પર આવ્યો હોય.



આ શોના ફિનાલે વીકને ૧૦૫૧૭ ઈમ્પ્રેશન મળ્યા હતા. અત્યારસુધીની બિગ બોસની એકપણ સીઝનને આટલી ઈમ્પ્રેશન મળી નથી.

ટીઆરપી લિસ્ટમાં સતત પહેલા નંબર પર રહેલ 'કુંડલી ભાગ્ય'ને ૭૫૨૦ જ ઈમ્પ્રેશન મળ્યા હતા. આ વીકમાં 'કુંડલી ભાગ્ય' સિરિયલે 'નાગિન ૪'ને બીજા નંબર પર રિપ્લેસ કરી છે. ત્રીજા નંબર પર ૭૨૫૯ ઈમ્પ્રેશન સાથે 'કુમકુમ ભાગ્ય' છે. ૭૦૩૯ ઈમ્પ્રેશન સાથે 'તારક મહેતા કે ઉલ્ટા ચશ્મા' શો ચોથા નંબર પર છે. પાંચમા નંબર પર ૬૮૯૪ ઈમ્પ્રેશન સાથે 'નાગિન ૪' છે.

# એક ઉત્કૃષ્ટ બુદ્ધિમાન વ્યક્તિ એ છે જે મૂર્ખ હોવાનો ઢોંગ કરે : બિગ બી



મુંબઈ

બોલીવુડ શહેનશાહ અમિતાભ બચ્ચન આજકાલ તેમની આગામી ફિલ્મ બ્રહ્માસ્ત્રના શૂટિંગમાં વ્યસ્ત છે. જો કે તેમ છતાં પણ તેમને જ્યારે પણ નવરાશ મળે ત્યારે તે સોશિયલ મીડિયા પર તેમની હાજરી બતાવે છે. હાલમાં જ તેમનું એક ટ્વીટ ખૂબ જ વાયરલ થઈ રહ્યું છે. અમિતાભ બચ્ચને ટ્વીટમાં લખ્યું કે, એક ઉત્કૃષ્ટ બુદ્ધિમાન વ્યક્તિ એ છે જે મૂર્ખ હોવાનો ઢોંગ કરે, અને એ પણ એ વ્યક્તિ સામે કે જે બુદ્ધિમાન હોવાનો ઢોંગ કરે છે. અમિતાભના આ ટ્વીટ પર તેના ચાહકો અવનવી પ્રતિક્રિયા આપી રહ્યા છે.

અમિતાભ બચ્ચનનું આ ૩૪૫૪મું ટ્વીટ છે. આ અગાઉ પણ તેમણે ટ્વીટ મારફતે લોકોને સલાહ આપતા લખ્યું હતું કે, કોઈ તમારા સારા કાર્ય પર શંકા કરે તો તેને કરવા દેવી જોઈએપકારણ કે શંકા હંમેશા સોનાની શુદ્ધતા પર જ કરવામાં આવે છે કોલસાની કાળાશ પર નહીં.

# શાહરૂખની સાસુ અને સાળી પર બોમ્બે ટેનેંસી એક્ટના વાયોલેશનનો આરોપ મુકાયો

મુંબઈ

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનની સાસુ સવિતા છિબ્બાની કંપનીના ફાર્મ હાઉસ પર ૩ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. શાહરૂખ ખાનની સાસુ સવિતા અને તેની સાળી નમિતા છિબ્બા ડેજા વૂ ફાર્મ્સ લિમિટેડની ડાયરેક્ટર છે. એક આલીશાન બંગ્લા સાથે આ ફાર્મ હાઉસ થાલના અલીબાગમાં છે. તેમના પર બોમ્બે ટેનેંસી એક્ટના વાયોલેશનનો આરોપ લાગ્યો છે.

વર્ષ ૨૦૦૮માં આ બંગ્લામાં તમામ બોલિવૂડ પાર્ટીનું આયોજન થયેલ છે



જેમા શાહરૂખ ખાનના ૫૨મા જન્મદિવસની પાર્ટી પણ સામેલ છે. ૧.૩ હેક્ટરમાં બનેલ આ ફાર્મ હાઉસમાં એક સ્વિમિંગ પુલ અને હેલિપેડ પણ છે. મીડિયા રિપોર્ટ અનુસાર ફાર્મ હાઉસને ૨૯ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ કલેક્ટર વિજય સૂર્યવંશી દ્વારા નોટિસ મોકલવામાં આવી હતી. નોટિસમાં લખવામાં આવ્યું હતું કે પ્લોટને ખરિદ્યા બાદ તે વખતના એડિશનલ કલેક્ટર રાયગડે ૧૩ મે ૨૦૦૫ના રોજ આ પ્લોટ પર ખેતીવાડી કરવાની અનુમતિ આપી હતી.

જેમા લખવામાં આવ્યું હતું કે, જૂના ફાર્મ હાઉસને તોડી તે જગ્યા પર નવું ફાર્મ હાઉસ બનાવવામાં આવ્યુ હતું, જે બોમ્બે ટેનેંસી એક્ટના સેક્શન ૬૩નું ઉલ્લંઘન કરે છે. ફાર્મ હાઉસના ડાયરેક્ટર્સ સૂનવણી માટે સમન મોકલવામાં આવ્યું અને તેમને પૂછવામાં આવ્યું કે, તેમના વિરૂદ્ધ કાર્યવાહી કેમ કરવામાં ન આવે? થોડી સૂનવણી બાદ ૨૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ વધુ એક ઓર્ડર આપવામાં આવ્યો જેમા ઉલ્લંઘનની વાત કરવામાં આવી અને ૩ કરોડ ૯ લાખ રૂપિયાની પેનલ્ટી તરીકે જમા કરવાની વાત કહેવામાં આવી.

# મને લોકોની સલાહથી કોઈ ફરક પડતો નથી : શ્રુતિ હાસન

મુંબઈ

એક્ટ્રેસ શ્રુતિ હાસને બોડી શેમિંગને લઈ ટ્રોલ કરનારા લોકોને જોરદાર જવાબ આપ્યો છે. શ્રુતિએ પોતાની એક તસવીર શેર કરતા પ્લાસ્ટિક સર્જરીની વાત કહી. સાથે જ તેના લુક્સને લઈ ટ્રોલ કરનારા લોકોને તગડો જવાબ આપ્યો છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક લોકોજ શેર કરતા લખ્યુ- 'મને લોકોની સલાહથી કોઈ ફરક પડતો નથી પરંતુ વારંવાર તમે મોટા છો, તમે પાતળા લોકોને એડવાઝ કરવું ખુબ મુશ્કેલ હતું. આ બંન્ને તસવીરો લેવામાં માત્ર ત્રણ દિવસનો ફરક છે. મને ચોક્કસપણે વિશ્વાસ છે કે એવી મહિલાઓ હશે જે મારી સ્થિતિને



સમજતી હશે. આવું ગણી વખત થયુ છે જ્યારે હું મેન્ટલી અને ફિજિકલી મારા હોર્મોશની દયા પર હોવ છું. હું સમય અનુસાર તેની સાથે સંબંધ મજબૂત કરવાની કોશિશ કરી રહી છું. સારિરીક બદલાવ જોવુ કોઇ સરળ નથી.' તેણે આગળ લખ્યું, 'આ મારી જિંદગી છે અને હા મેં પ્લાસ્ટિક સર્જરી કરાવી છે. હું આ માટે જરા પણ શરમ અનુભવતી નથી.

# દિલ્હીમાં થયેલ હિંસા દેશ અને ભારત વિરુદ્ધનું યુદ્ધ : વિવેક અગ્નિહોત્રી

મુંબઈ

દિલ્હીમાં થયેલી હિંસાને ફિલ્મમેકર વિવેક અગ્નિહોત્રીએ દેશ તથા હિંદુઓ વિરુદ્ધનું યુદ્ધ ગણાવ્યું છે. તેમણે આજે એટલે કે ૨૮ ફેબ્રુઆરીએ ટ્વીટ કરી હતી, આ તોફાન નથી. આ હિંદુઓ તથા ભારત વિરુદ્ધ સમજી વિચારીને કરવામાં આવેલું યુદ્ધ છે. આની યોજના અનેક વર્ષ પહેલાં બનાવવામાં આવી હતી, જેને ૨૦૨૦માં અંજામ આપવામાં આવ્યો. હું ચોક્કસ



ચેતવણી આપતો આવ્યો છું. આ હજી પૂરું થયું નથી. આ તો હજી શરૂઆત છે. વિવેકે એક વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે કેવી રીતે એક ઘરના તારીખો સાથે વર્ષો સુધી ધાબે હિંદુઓ પર હુમલાની તૈયારી કરવામાં આવી હતી.

વિવેકે અન્ય એક ટ્વીટમાં દિલ્હીની હિંસાની તુલના ૧૯૯૦માં કાશ્મીરી પંડિતો પર કરવામાં આવેલી બર્બરતા સાથે કરી હતી. વિવેકે કહ્યું હતું, પ્રિય મિત્રો, આપણે એ વાત પર ચર્ચા કરતાં રહીશું કે ફાસીવાદ આવે છે કે નહીં પરંતુ કાશ્મીર ૨.૦ આવી ગયું છે. અર્બન નક્સલ, બોલિવૂડયાઝ અને નકલી નાસ્તિક આને લઈને આવ્યા છે.

# ટાઈગર શ્રોફે 'હિરોપંતી ૨'ની જાહેરાત કરી, ફિલ્મના પોસ્ટર્સ રિલીઝ કર્યા

મુંબઈ

'બાગી ૩' બાદ ટાઈગર શ્રોફ હવે 'હિરોપંતી ૨'માં જોવા મળશે. ટાઈગરે હાલમાં જ પોતાની આ ફિલ્મની જાહેરાત કરી હતી અને ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ કર્યો હતો. ટાઈગરે 'હિરોપંતી ૨'ના બે પોસ્ટર્સ શેર કર્યા હતાં. એક પોસ્ટરમાં ટાઈગર શ્રોફ બંદૂકો વચ્ચે ઘેરાયેલો છે અને બીજા પોસ્ટરમાં ટાઈગર શ્રોફ સૂટ બૂટમાં અને હાથમાં ગન સાથે જોવા મળે છે. આ તસવીરો શેર કરીને ટાઈગરે કહ્યું હતું, આ તેના માટે ખાસ છે. આ ફ્રેન્ચાઈઝીને આગળ લઈ જવામાં તે ઘણો જ આનંદ અનુભવે છે. બંને પોસ્ટર્સ જોઈને લાગે છે કે આ ફિલ્મ એક્શનથી ભરપૂર હશે. વર્ષ ૨૦૧૪માં રિલીઝ થયેલી 'હિરોપંતી'થી ટાઈગર શ્રોફ તથા કૃતિ સેનને બોલિવૂડ ડેબ્યૂ કર્યું હતું. આ રોમેન્ટિક-એક્શન ફિલ્મને સાજીદ નડિયાદવાલાએ પ્રોડ્યૂસ કરી હતી. આ ફિલ્મ તેલુગુ ફિલ્મ 'પરુગુ' રીમેક છે. આ ફિલ્મને સબીર ખાને ડિરેક્ટ કરી હતી. ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી.

# અજય દેવગણ તમિળ ફિલ્મ 'કૈથી'ની હિન્દી રિમેકમાં ચમકશે

મુંબઈ

અજય દેવગણે ૨૦૨૧ની તેની પહેલી ફિલ્મનું અનાઉન્સમેન્ટ કરી દીધું છે. તેણે સોશિયલ મીડિયા પર આ વાત કન્ફર્મ કરી છે કે તે તમિળ ફિલ્મ કૈથીની હિન્દી રિમેકમાં લીડ રોલ પ્લે કરશે. ૨૦૧૯માં રિલીઝ થયેલ કૈથી ફિલ્મની હિન્દી રિમેકનું અનાઉન્સમેન્ટ ગયા વર્ષે જ થયું હતું. ફિલ્મની લીડ સ્ટારકાસ્ટ માટે સલમાન ખાન અને હ્રિતિક રોશનના નામની ચર્ચા થતી હતી. પરંતુ અજયે ફિલ્મના રોલને કન્ફર્મ કરતા ટ્વીટ કર્યું કે, 'હા હું તમિળ ફિલ્મ



કૈથીની હિન્દી રિમેક કરી રહ્યો છું. ફિલ્મ ૨૦૨૧ના ૧૨ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થશે.'

આ ફિલ્મને પ્રોડ્યૂસર એસઆર પ્રભુ રિલાયન્સ એન્ટરટેનમેન્ટ સાથે મળીને પ્રોડ્યૂસ કરી રહ્યા છે. ઓરિજિનલ ફિલ્મમાં લીડ રોલમાં કાર્તિ હતો. આ એક્શન અને થ્રિલરની ભરપૂર ફિલ્મને લઈને પ્રોડ્યૂસર એસઆર પ્રભુનું કહેવું છે કે, 'કૈથી ફિલ્મમાં કોઈ હિરોઈન નથી કોઈ સોન્ગ નથી અને તે ૧૦૦% એક્શન જોનરની ફિલ્મ છે. આ હાઈ ઓક્ટેન ફિલ્મ ઓડિયન્સને જરૂર મનોરંજન પૂરું પાડશે.'

## રમત જગત વિશેષ

### સવારે મેચ ૪ વાગે શરૂ થશે,વરસાદની સંભાવના,ઈશાંત શર્મા મેચમાંથી બહાર

# ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આજે બીજી અને અંતિમ ટેસ્ટ

**ભારત ૨ ટેસ્ટની સીરીઝમાં ૦-૧થી પાછળ**

ક્રાઈસ્ટચર્ચ

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે બે ટેસ્ટ સીરિઝની બીજી મેચ આજે ક્રાઈસ્ટચર્ચમાં રમાશે. ટીમ ઈન્ડિયા સીરિઝમાં ૦-૧થી પાછળ છે. ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડમાં છેલ્લા ૫૦ વર્ષમાં માત્ર બે ટેસ્ટ જીતી છે. છેલ્લે માર્ચ ૨૦૦૯માં ભારતે ન્યૂઝીલેન્ડને દસ વિકેટે હરાવ્યું હતું. તે મેચમાં સચિન તેંડુલકરે ૧૬૦ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ભારત અન્ય એક મેચમાં જાન્યુઆરી ૧૯૭૬માં ઓકલેન્ડ ખાતે આઠ વિકેટે જીત્યુ હતું. ઈજાગ્રસ્ત ઈશાંત શર્મા બીજી ટેસ્ટમાંથી બહાર થયો છે. જે ભારત માટે એક મોટો ઝટકો સાબિત થઈ શકે છે. પ્રથમ ટેસ્ટમાં પાંચ વિકેટ ઝડપી હતી.

વેલિંગ્ટન ટેસ્ટમાં પ્રથમ ઈનિંગ્સમાં પાંચ વિકેટ લેનાર ઈશાંત શર્મા પાસે ૩૦૦ ના ક્લબમાં સામેલ થવાની તક છે તે આ સિદ્ધિથી માત્ર ત્રણ શિકાર દૂર છે તે ત્રણ વિકેટ ઝડપને આ માઈલસ્ટોન અચિવ કરનાર છઠો ભારતીય બનશે. ભારત માટે અનિલ કુંબલેએ સૌથી વધુ ૬૧૯ વિકેટ લીધી છે.

ભારત ન્યૂઝીલેન્ડમાં કુલ ૯ સીરિઝ રમ્યું છે. તેમાંથી ટીમ ઈન્ડિયાએ ૨ વાર સીરિઝ જીતી છે. ૧૯૬૭/૬૮માં મંસૂર અલી ખાન પટૌડીની કપ્તાનીમાં ૩-૧ અને૨૦૦૮/૦૯માં એમએસ ધોનીની કપ્તાનીમાં ૧-૦થી સીરિઝ પોતાના નામે કરી હતી.

શનિવારે ક્રાઈસ્ટચર્ચમાં તાપમાન ૧૮ થી ૨૧ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે. વાદળછાયુ વાતાવરણ હશે. વરસાદની સંભાવના છે. પિચથી બોલર્સને મદદ મળશે.

ભારતની સંભવિત પ્લેઈંગ ૧૧: મયંક અગ્રવાલ, શુભમન ગિલ, ચેતેશ્વર પુજારા, વિરાટ કોહલી, અજિંક્ય રહાણે, હનુમા વિહારી, રિદ્ધીમાન સાહા, રવિન્દ્ર જાડેજા, મોહમ્મદ શમી, જસપ્રીત બુમરાહ અને ઈશાંત શર્મા


ન્યૂઝીલેન્ડની સંભવિત પ્લેઈંગ ૧૧: કેન વિલિયમ્સન (કેપ્ટન), ટોમ લેથમ, ટોમ બ્લેન્ડલ રોસ ટેલર, હેનરી નિકોલ્સ, બીજે વોટલિંગ, કોલિન ડી ગ્રાન્ડહોમ, ટિમ સાઉથી, ટ્રેન્ટ બોલ્ટ, નિલ વેગનર અને કાઈલી જેમિસન.

# પૃથ્વી શો ટેસ્ટમાં રમવા માટે તૈયાર: રવિ શાસ્ત્રી

ક્રાઈસ્ટચર્ચ

ભારતના યુવા ઓપનર પૃથ્વી શો ફિટ છે અને ક્રિસ્ટચર્ચમાં ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીની બીજી ટેસ્ટ મેચમાં તે ટીમનો ભાગ બનશે, તેમ હેડ કોચ રવિ શાસ્ત્રીએ શુક્રવારે આ વાતની પુષ્ટિ કરી હતી. શાસ્ત્રીએ જણાવ્યું હતું કે શોના પગમાં ઈજા થઈ છે.

ડાબા પગમાં સોજો આવવાને કારણે પૃથ્વી ગુરુવારે તાલીમ સત્રામાં પ્રવેશ્યો ન હતો, ત્યારબાદ



ટીમ મેનેજમેન્ટની ચિંતા વધી ગઈ હતી. જોકે, હવે એક સારા સમાચાર છે કે શુક્રવારે પૃથ્વી શો નેટ્સમાં પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો.

ટીમના મુખ્ય કોચ રવિ શાસ્ત્રી પણ તેની નજર રાખી રહ્યા હતા. કેપ્ટન વિરાટ કોહલીએ તેને કેટલીક ટીપ્સ પણ આપી હતી. શાસ્ત્રીએ આ ઓપનરની ફિટનેસ અંગેની તમામ શંકાઓ દૂર કરી અને કહ્યું, "પૃથ્વી તૈયાર છે.

### સબરીમાલા કેસની સુનાવણી બાદ તુરંત સુનાવણી હાથ ધરાશે

# ૧૯૯૫માં આપેલા હિન્દુત્વના ચુકાદા પર ફરી વાર સુનાવણી કરવા સુપ્રિમ કોર્ટ તૈયાર



ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટ ૧૯૯૫માં આપેલા હિન્દુત્વના ચુકાદા પર ફરી વાર સુનાવણી કરવા રાજી થયું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, સબરીમાલા કેસની સુનાવણી પુરી થાય પછી તુરંત જ આ અંગેની સુનાવણી હાથ ધરશે. જણાવી દઈએ કે, ૧૯૯૫માં જસ્ટિસ જેએસ વર્માની પીઠે પોતાના ચુકાદામાં હિન્દુત્વને ભારતીય લોકોની જીવનશૈલી ગણાવી હતી. આ ચુકાદા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી.

૧૯૯૨માં પેન્ડીંગ પડેલા અભિરામ સિંહના કેસમાં દલીલ કરતા વરિષ્ઠ વકીલ અરવિંદ દત્તારે દલીલ આપી હતી કે, ઘણા બધા ઉમેદવાર ૧૯૯૦માં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ગેરવર્તણૂંકના કેસમાં છૂટી ગયા છે, પણ મારા વાદી અભિરામ સિંહ પણ હજૂ સુધી કોઈ ચુકાદો આવ્યો નથી. કારણ કે, આ અરજીને ત્રણ જજોની બેંચ પાસે મોકલી દેવામાં આવ્યો હતો. ૫ જજ બાદ ૭ જજોની બેંચ પાસે મોકલી દેવામાં આવ્યો. જેને આ નિર્ણય કરવાનો હતો કે, ઉમેદવાર ધર્મ, સંપ્રદાય, જાતિ, સમુદાય અથવા તો ભાષાના આધાર પર મત માંગવા અયોગ્યતાની શ્રેણીમાં આવે છે કે, નથી આવતું ?

૧૧ ડિસેમ્બર ૧૯૯૫માં જસ્ટિસ જે. એસ. વર્માની બેંચે ચુકાદો આપ્યો હતો કે, હિન્દુત્વ શબ્દ ભારતીય લોકોની જીવનશૈલીને વર્ણવે છે. હિન્દુત્વને ફક્ત ધર્મ સુધી સીમિત રાખી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે હિન્દુત્વના ઉપયોગને રિપ્રજેંટેશન ઓફ પીપલ્સ એક્ટ કલમ ૧૨૩ મુજબ કરપ્ટ પ્રેક્ટિસ નથી માનતું. ૧૯૯૫ના આ ચુકાદામાં હિન્દુત્વને જીવનશૈલી ગણાવ્યું છે કે, હિન્દુત્વના નામ પર વોટ માગવાથી કોઈના પર પ્રતિકૂળ અસર થતી નથી. ૧૯૯૫માં આ ચુકાદા પર સવાલ ઉઠાવ્યા બાદ મામલો ફરી ૨૦૧૪માં પાંચ જજોની બેંચની સામે પહોંચ્યો, જેને ૭ જજોની બેંચને રેફર કરી દેવામાં આવ્યો.

# ચીનમાં કોરોના વાયરસથી વધુ ૪૪ના મોત,મૃત્યુઆંક વધીને ૨,૭૮૮એ પહોંચ્યો



બીજિંગ

ચીનમાં કોરોના વાયરસના કારણે મોતનો સીલસીલો બંધ થવાનું નામ લઇ રહ્યો નથી. આ જીવલેણ સંક્રમણના કારણે વધુ ૪૪ લોકોના મોત નિપજ્યા. આ સાથે જ ચીનમાં કોરોના વાયરસના કારણે કુલ મૃત્યુઆંક વધીને ૨,૭૮૮ના આંકડાએ પહોંચી ગયો. ચીનના સ્વાસ્થ્ય અધિકારીઓએ આ જાણકારી આપી. ગુરૂવારે ચીનમાં કોરોના વાયરસના કારણે નવા ૩૨૭ કેસ સામે આવ્યા. જો કે એક મહિનાથી વધુ સમયમાં કોરોના વાયરસના કારણે દરરોજ સંક્રમિત જણાઈ રહેલા લોકોની સંખ્યા હવે ઘટી રહી છે.

ચીનના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિભાગે પોતાના રિપોર્ટમાં જણાવ્યું કે વાયરસના કારણે ૪૧ લોકોના મોત હુબેઈ પ્રાંતમાં થયા. જે આ મહામારીથી સૌથી વધુ પ્રભાવિત છે. બે લોકોના મોત બેઈજિંગમાં થયા. જ્યારે એક વ્યક્તિનું મોત શિનજિયાંગ પ્રાંતમાં થયું. ચીનમાં કુલ ૭૮ હજાર ૮૨૪ લોકો કોવિડ-૧૯ નામથી ઓળખાતા આ વાયરસના સંક્રમણમાં આવી ગયા છે. ચીનમાં કોરોના વાયરસના પોઝીટીવ કેસ ઘટી રહ્યા છે. જ્યારે કે અન્ય દેશોમાં વધી રહ્યા છે.



*હાલ જ્યારે દેશની રાજધાની દિલ્હીનો એક જિલ્લો હિંદુ-મુસ્લિમ રમખાણોની ચપેટમાં છે અને ૩૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, ત્યારે ઉત્તર પ્રદેશના મેરઠમાં સાંપ્રદાયિક સૌહાર્દનું ઉદાહરણ સામે આવ્યું છે. મેરઠમાં એક લગ્નનું કાર્ડ ચર્ચાનો વિષય બન્યું છે. લગ્ન તો મુસ્લિમ સમુદાયના બે લોકોના છે, પરંતુ આમંત્રણ કાર્ડ પર ભગવાન ગણેશ અને રાધા-કૃષ્ણના ફોટા સાથે જ ઈસ્લામના પ્રતિક ચાંદ-તારાનો ફોટો છપાવ્યો છે.*

# દિલ્હી હિંસામાં મોતનો આંકડો ૪૨: પોલીસની સઘન તપાસ શરૂ

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસામાં મોતને ભેટેલા લોકોની સંખ્યા ૪૨ થઈ ગઈ છે. તોફાનો તો શાંત થયા છે પણ મૃત્યુ આંક વધી રહ્યો છે. કારણકે હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સળગેલા મકાનો, દુકાનોના કાટમાળ નીચેથી અને નાળાઓમાંથી મૃતદેહો મળવાની અને મોતનો આંકડો હજી વધે તેવી આશંકા છે.

હવે પોલીસ નાળાઓની પણ તપાસ કરી રહી છે. કારણકે અંકિત શર્માની લાશ નાળામાંથી મળ્યા બાદ બીજા બે મૃતદેહો પણ આ રીતે ગઈકાલે નાળામાંથી મળી આવ્યા હતા.

બીજી તરફ શિવ વિહાર વિસ્તારમાં એક સળગાવાયેલી દુકાન અને ગાડીમાંથી બે લાશો મળી ચુકી છે. જેનાથી એવી આશંકા વધી છે કે, સળગેલી મિલકતો અને વાહનોમાં હજી બીજી લાશો હોઈ શકે છે.

પોલીસનુ કામ એટલા માટે પણ વધી ગયુ છે કે, સળગાવી દેવાયેલી પ્રોપર્ટીઓની સંખ્યા સેંકડોમાં થવા જાય છે.

નાળાઓમાં તપાસ કરવા માટે સિંચાઈ અને પૂર વિભાગ, પૂર્વ દિલ્હી નગર નિગમ અને પોલીસ વચ્ચે બેઠક પણ થઈ છે. નગર નિગમે નાળાઓની શોધખોળ કરવામાં તમામ પ્રકારની મદદનો ભરોસો આપ્યો છે.

# ૨૧મી સદીમાં પણ મહિલાઓ પર અત્યાચાર: યુએન મહા સચિવ

ન્યૂયોર્ક

વિશ્વભરમાં ૨૧મી સદીમાં પણ મહિલાઓ સાથે થઈ રહેલા અન્યાય વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે નિંદા કરી છે. એની સાથે તેમણે કહ્યું છે કે ૨૧મી સદી મહિલા સમાનતા માટે હોવી જોઈએ.તેમણે જણાવ્યું હતું કે બધી જગ્યાએ મહિલાઓ સાથે ખરાબ વર્તન થાય છે, કેમ કે તેઓ મહિલા છે, એમ ન્યુ યોર્કમાં ધ ન્યુ સ્કૂલમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે જે રીતે પાછલી સદીઓમાં ગુલામી અને વસાહતીકરણ એક કલંક હતું એમ જ ૨૧મી સદીમાં મહિલા અસમાનતા થવાની



આપણને શરમ આવવી જોઈએ, કેમ કે એ અસ્વીકાર્ય છે. બલકે એ મૂર્ખતાપૂર્ણ કામ છે. તેમણે કહ્યું કે જેન્ડર સમાનતા એક સારા વિશ્વ બનાવવાની શરત છે. તેમણે કહ્યું કે મહિલાઓની સાથે કેટલાંક સ્થળોએ દુષ્કર્મ અને ઘરેલુ હિંસા ચાલુ છે, જે બંધ થવી જોઈએ. ૩૪ દેશોમાં લગ્ન પછી મહિલાઓની સાથે બળાત્કાર અસંવૈદ્યાનિક છે. તેમણે કહ્યું હતું કો યૌન અને પ્રજનન અધિકારોને વિવિધ પક્ષોથી જોખમ છે અને આ ભેદભાવ બધા મહિલાઓને પ્રભાવિત કરી રહ્યા છે. આમાં નેતા અને લોકપ્રિય હસ્તીઓ પણ સામેલ છે.

ગુટેરેસના અનુસાર પિતૃસત્તા પુરુષો અને મહિલાઓની જિંદગીને પ્રભાવિત કરી રહી છે. એનું પરિણામ યુવકો અને યુવતીઓને ચૂકવવું પડે છે. જોકે મહિલાઓ સાથે થઈ રહેલી હિંસાની માહિતી વિશ્વભરમાંથી આવે છે, જે એક યુદ્ધ સમાન છે. તેમણે કહ્યું હતું કે અમારા દેશમાં પુરુષ સતત મહિલાઓ પર હાથ ઉઠાવે છે, પણ એને કોઈ અટકાવવાના પ્રયત્ન નથી કરતા.

### અટકળો વચ્ચે નાણાંમંત્રીની સ્પષ્ટતા

# ૨૦૦૦ની નોટ સર્ક્યુલેશનમાંથી હટાવી લેવાનો કોઈ આદેશ નથી




ન્યુ દિલ્હી

દેશના તમામ બેંક એટીએમ મશીનોમાં ૨૦૦૦ રૂપિયાના મૂલ્યની નોટો હવે ઘટી જશે એવું કહેવાય છે. આ પ્રકારના અહેવાલો અમુક દિવસોથી પ્રચારમાધ્યમોમાં આવી રહ્યા છે, પણ કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામને એ વિશે સ્પષ્ટતા કરી છે. એમણે કહ્યું છે કે ૨૦૦૦ રૂપિયાની નોટોને સર્ક્યૂલેશનમાંથી હટાવી લેવાનો સરકારે બેંકોને કોઈ આદેશ આપ્યો નથી.

એક અહેવાલમાં જણાવાયું હતું કે, દેશમાં ૨ લાખ ૪૦ હજાર એટીએમ મશીનોમાંથી ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટો પાછી મગાવવામાં આવી છે. આ અહેવાલને પગલે ૨૦૦૦ની નોટ બંધ થઈ રહી હોવાની વાતો ચગી છે. સીતારામને કહ્યું કે ૨૦૦૦ની નોટ ઈસ્યૂ કરવાનું બંધ કરવાનો બેંકોની સરકારે કોઈ સૂચના આપી નથી. 'જ્યાં સુધી મને ખબર છે, બેંકોને એવી કોઈ સૂચના આપવામાં આવી નથી,' એમ તેમણે જાહેર ક્ષેત્રોની બેંકોના વડાઓ સાથેની એક બેઠકમાં આમ કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ૨૦૦૦ની નોટ દેશમાં સૌથી મોટી રકમની ચલણી નોટ છે.

### એક રિપોર્ટમાં ખુલાસો

# દિલ્હી હિંસામાં ૮૨ લોકોને ગોળી વાગી હતી જેમાંથી ૨૧ના મોત થયા

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસામાં ૮૨ લોકોને ગોળી વાગી હતી તેમાંથી ૨૧ લોકોના મોત થયા છે. એક રિપોર્ટમાં આ વાત સામે આવી છે. મૃતકોમાં હેડ કોન્સ્ટેબલ રતન લાલ પણ સામેલ છે. તેમનું મોત સોમવારે થયું છે. પોલીસે અત્યાર સુધી મૃતકો અને ઘાયલો સહિત ૨૫૦ લોકોની યાદી તૈયાર કરી છે. આ આંકડો જણાવે છે કે દર ત્રણમાંથી એક ગોળી વાગવાના કારણે ઘાયલ થયા છે. આ સંખ્યાથી પોલીસ તપાસ કરી રહી છે કે, કેટલા ઉપદ્રવીઓ પાસે બંદૂકો હતી.

સીનિયર અધિકારીના જણાવ્યા પ્રમાણે પોલીસને હિંસા સ્થળેથી ૩૫૦થી વધારે ઉપયોગમાં લેવામાં આવેલી કારતૂસ મળી છે. તપાસ દરમિયાન ૦.૩૨ મિમી, ૦.૯ મિમી અને ૦.૩૧૫ મિમી કેલિબરની કારતૂસ મળી આવી છે. ઘટના સ્થળેથી રમકડાવાળી બંદૂકની કારતૂસો પણ મળી છે.

### ૩૦ એપ્રિલ સુધી જવાબ આપવા આદેશ

# દિલ્હી હિંસા,શાહિનબાગ મુદ્દે સુનાવણી: હાઈકોર્ટની કેન્દ્ર અને રાજ્ય સરકાર,પોલીસને નોટિસ

ન્યુ દિલ્હી

દિલ્હીમાં થયેલી હિંસા અને નાગરિકતા સંશોધન એક્ટ વિરુદ્ધ ચાલી રહેલા પ્રદર્શન વિશે ઘણી અરજીઓની શુક્રવારે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી કરવામાં આવી છે. શાહીનબાગ સહીત અન્ય આઠ વિસ્તારોમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વિશે કરવામાં આવેલી અરજીમાં પૂછવામા આવ્યું છે કે, આ માટે ફન્ડિંગ કોણ કરી રહ્યું છે. આ અરજી મામલે હવે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને દિલ્હી પોલીસને નોટિસ આપી છે. આ સિવાય પણ ઘણી અરજીઓ વિશે આજે હાઈકોર્ટમાં સુનાવણી કરવામાં આવી છે. અરજી કરનાર અજય ગૌતમે હાઈકોર્ટમાં અરજી કરી છે કે, આ પ્રદર્શનના કારણે દિલ્હીમાં હિંસાનું વાતાવરણ ઉભુ થયુ છે. આ સંજોગોમાં તપાસ થવી જોઈએ કે, આ ધરણાં પ્રદર્શનો માટે ફન્ડિંગ કોણ કરી રહ્યું છે. આ અરજીની સુનાવણીમાં હાઈકોર્ટે દિલ્હી પોલીસ, દિલ્હી સરકાર અને કેન્દ્ર સરકારને નોટિસ આપી છે અને ૩૦ એપ્રિલ સુધી જવાબ આપવા કહ્યું છે. આ અરજીની સુનાવણી દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ડીએન પટેલની આગેવાની વાળી બેન્ચ દ્વારા કરવામાં આવી છે.

### ૬ મહિના પછી દેશની અર્થવ્યવસ્થામાં નજીવો સુધારો

# ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિ ૪.૫% થી વધીને ૪.૭% થઈ

ન્યુ દિલ્હી

ભારતીય અર્થતંત્ર ચારેય બાજુથી કટોકટીનું સામનો કરી રહ્યું હોય તેવું આજે જાહેર થયેલા આર્થિક વિકાસદરના આંકડાઓથી દ્રશ્યમાન થાય છે. આજે જાહેર થયેલા આંકડાઓ મુજબ ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૧૯ના ત્રિમાસિક ગાળામાં દરમિયાન ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ૪.૭ ટકા નોંધાયો છે. જ્યારે તેની અગાઉના સપ્ટેમ્બર ક્વાર્ટર ૨૦૧૯માં વિકાસદર ૪.૫ ટકા આવ્યો હતો. આર્થિક મંદીના ભણકારા અને હાલ કોરોના વાયરસની પ્રતિકુળ અસરોને પગલે ચાલુ માર્ચ ક્વાર્ટર ૨૦૨૦માં વિકાસદર વધુ ઘટે તેવી આશંકાઓ અત્યારથી જ સેવાઈ રહી છે.

વિકાસમાં સુધારાથી એ વાતના સંકેત મળે છે કે દેશમાં જે આર્થિક સુસ્તી હતી જે ધીમી ધીમે ઓછી થઈ રહી છે પરંતુ બીજી બાજુ હાલ સમગ્ર વિશ્વ ઉપર ઘેરાઈ રહેલા કોરોના વાયરસના જોખમથી વૈશ્વિક અર્થવ્યવસ્થા દહેશતમાં છે અને તેના લીધે ગ્લોબલ જીડીપી ગ્રોથમાં ગાબડું પડ્યું અને તેનાથી ભારતીય અર્થતંત્ર પણ બચી શકશે નહીં.

ઉલ્લેખનિય છે કે, આજે ભારતીય શેરબજારમાં તેના ઈતિહાસનો બીજો સૌથી મોટો એક દિવસીય કડાકો બોલાયો છે. આજે બીએસઈ સેન્સેક્સ ૧૪૪૮ પોઈન્ટના કડાકામાં ૩૮૨૯૭ના સ્તરે બંધ રહ્યો હતો. તો એનએસઈ નિફ્ટી ઈન્ડેક્સ પણ ૪૩૧ પોઈન્ટની ખુવારીમાં ૧૧૨૦૧ના સ્તરે બંધ આવ્યો હતો.

એકંદરે અપેક્ષા મુજબ જ આર્થિક વિકાસદરના આંકડા આવ્યા છે. મોટાભાગના આર્થિક નિષ્ણાંતોએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૫ ટકાના વિકાસદરની ધારણા મૂકી હતી.

સરકારના આંકડાકીય વિભાગે એક નિવેદનમાં જણાવ્યું કે, ચાલુ નાણાંકીય વર્ષના ત્રીજા ઓક્ટોબરથી ડિસેમ્બર ત્રિમાસિકગાળામાં ભારતની જીડીપી રૂ. ૩૬.૬૫ લાખ કરોડ રહી છે જે વર્ષ પૂર્વેના સમાન ક્વાર્ટરમાં રૂ. ૩૫ લાખ કરોડ નોંધાઈ હતી. નોંધનિય છે કે, સપ્ટેમ્બર ક્વાર્ટર ૨૦૧૯માં ભારતની વિકાસદર ૪.૫ ટકા આવ્યો હતો જે છેલ્લા સાડા છ વર્ષનો સૌથી નીચો વૃદ્ધિદર હતો. પણ આ વખતે ડિસેમ્બર ક્વાર્ટરમાં જીડીપી ગ્રોથ સાધારણ સુધરીને ૪.૭ ટકા આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ભારત માટે અત્યંત નિરાશાજનક અને પડકારજનક રહ્યું છે.

# ૨૦૧૯માં ભારતના ૩૭૫૦૦ વિદ્યાર્થીઓને યુકેએ સ્ટુડન્ટ વિઝા આપ્યા

ન્યુ દિલ્હી

યુકે ઈમિગ્રેશન બાબતે તાજેતરમાં ૨૭ ફેબ્રુઆરીએ પ્રગટ થયેલા આંકડાઓ જણાવે છે કે ૨૦૧૯માં ભારતના ૩૭૫૦૦ વિદ્યાર્થીઓને ટાયર-૪(સ્ટુડન્ટ) વિઝા આપવામાં આવ્યા છે, જે ગત વર્ષ કરતાં ૯૩ ટકાનો ઉછાળો સૂચવે છે. ભારતીય વિદ્યાર્થીઓને આપવામાં આવેલા વિઝાની સંખ્યા છેલ્લાં આઠ વર્ષની આ સૌથી મોટી છે. ૨૦૧૬થી આ સંખ્યા સતત વધતી જ રહી છે. સ્ટુડન્ટ વિઝા માટે ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી ઝડપથી વધી રહી છે.

ગયા વર્ષે ૫૭,૦૦૦થી વધુ ભારતીય નાગરિકોને ટીયર ૨ સ્કીલ્ડ વર્ક વિઝા આપવામાં આવ્યા હતા. આ આંકડો વિશ્વ સ્તર પર આપવામાં આવેલા તમામ સ્કીલ વર્ક વિઝાના ૫૦ ટકાથી વધુ છે. એનો અર્થ એવો કે, વિશ્વના અન્ય દેશોની સરખામણી ભારતીયોને સૌથી વધુ વિઝા આપવામાં આવ્યાં.

ભારતીય પ્રવાસીઓ માટે યુકે સતત લોકપ્રિય હોલિડે ડેસ્ટિનેશન બની રહ્યું છે. ગયા વર્ષે ૫,૧૫,૦૦૦ ભારતીય નાગરિકોને વિઝિટ વિઝા ઈશ્યૂ કરવામાં આવ્યા હતા, જે ૨૦૧૮ની સરખામણીએ ૮ ટકા વધારો દર્શાવે છે. વર્ષ ૨૦૧૯માં યુકેના વિઝા માટે અરજી કરનારા ૯૫ ટકા ભારતીયોને વિઝા પ્રાપ્ત થયા હતા. તેમાં પણ ૨૦૧૮ની સરખામણીએ ૫ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી.

ભારત સ્થિત યુકે હાઈ કમિશનર જોન થોમ્પસનનું કહે છે કે, સ્ટુડન્ટ વિઝાની સંખ્યામાં અભૂતપૂર્વ વૃદ્ધિ યુકેની વૈશ્વિક સ્તરની શિક્ષણ પ્રણાલી અને ભારતીય વિદ્યાર્થીઓની પ્રતિભા દર્શાવે છે.

### બાલાકોટ એર સ્ટ્રાઈક, આતંક સામે ભારતનો સ્પષ્ટ સંદેશ: રાજનાથ સિંહ

ન્યુ દિલ્હી

રક્ષા પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું કે, ભારત દ્વારા કરવામાં આવેલી બાલાકોટ એર સ્ટ્રાઈક એ વાતનો સ્પષ્ટ સંદેશ હતો કે, સરહદ પારની માળખાગત સુવિધાઓનો ઉપયોગ આતંકવાદીઓ તેમના સુરક્ષિત સ્થાન તરીકે નહીં કરી શકે. 'સેન્ટર ફોર એર પાવર સ્ટડીઝ'માં રાજનાથ સિંહે કહ્યું કે, આપણને જે કામ મળ્યું છે, તેના માટે તૈયાર રહેવું હોય તો, એ જરૂરી છે કે, આપણે જમીન, આકાશ,અને સમુદ્રમાં દરેક વખતે વિશ્વનીય પ્રતિકાર ક્ષમતા જાળવી રાખવી પડશે.

### વધુ સુનાવણી ૧૩ એપ્રિલે હાથ ધરાશે

# સોનિયા,રાહુલ સહિતના નેતાઓના નિવેદન મુદ્દે રાજ્ય-કેન્દ્ર અને પોલીસને નોટિસ

દિલ્હી હાઈકોર્ટે આ દરમિયાન સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, વારિસ પઠાણ દ્વારા આપવામાં આવેલા નિવેદનની પણ સુનાવણી કરવામાં આવી છે. અરજી કરનારે આરોપ લગાવ્યો છે કે, આ નેતાઓએ ઉશ્કેરણીજનક નિવેદનો આપ્યા અને લોકોને ઉશ્કેર્યા છે. હાઈકોર્ટે આ અરજીની સુનાવણીમાં પણ દિલ્હી પોલીસ, કેન્દ્ર અને રાજ્ય સરકારને નોટિસ આપી છે. આ મામલે હવે ૧૩ એપ્રિલે સુનાવણી કરાશે.

આ અરજીમાં સોનિયા ગાંધીના એ નિવેદનનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમા તેણે કહ્યું છે કે, મોદી સરકાર વિરુદ્ધ આપણે રસ્તાઓ પર આવવું પડશે. જ્યારે વારિસ પઠાણ દ્વારા આપવામાં આવેલા ૧૫ કરોડ વાળા નિવેદનનો પણ આ અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.



*ગ્રેલાગ હંસનો એક ટોળું અને વધારે સફેદ-પાંખવાળા હંસ હંગેરીના હોર્ટોબેગીની મ્યુનિસિપલિટીને ભેગા કરે છે. ઓક્ટોબરથી માર્ચની વચ્ચે હંસ હોર્ટોબાગી પ્રેરીઝ અને ફિશપન્ડ્સના નિયમિત મહેમાનો છે.*

## દેશમાં વિજ્ઞાનની એક શાનદાર પરંપરા રહી છે: રાષ્ટ્રપતિ

ન્યુ દિલ્હી

નેશનલ સાયન્સ ડે નિમિત્તે દિલ્હીમાં એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંબોધન કરતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે, આ ધરતી પર વિશેષ મગજ ધરાવતા લોકોએ જન્મ લીધો છે. તેમણે કહ્યું કે આપણા દેશમાં વૈજ્ઞાનિક તપાસની એક લાંબી અને શાનદાર પરંપરા છે. પ્રાચિન કાળથી લઈને મધ્યયુગ અને પછી આધુનિક કાળ સુધી આ ભૂમિ અસાધારણ જ્ઞાનનું ઘર રહી છે જેણે માનવીય જ્ઞાનના મોર્ચાને આગળ વધાર્યો છે.

તેમણે કહ્યું કે, સ્વતંત્રાના વાયદાથી ભારતે વૈજ્ઞાનિક સ્વભાવને વેગ આપવા માટે વિશેષ જોર આપ્યું છે. આપણા સંવિધાને સ્વયં આ વલણને એક મૈલિક કર્તવ્ય તરીકે પરિભાષિત કર્યું છે. આ પ્રકારે, ભારતના પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે કે વૈજ્ઞાનિક સ્વભાવ, માનવતાવાદ અને તપાસ અને સુધારની ભાવનાને વધારે આગળ લઈ જાય.

રાષ્ટ્રપતિ કોવિંદે સંબોધન દરમિયાન જણાવ્યું કે, આ જ દિવસે ૧૯૨૮ માં સર સી.વી.રમને પ્રકાશ પર એક ઉત્કૃષ્ટ શોધની જાહેરાત કરી, જેને રમન પ્રભાવ રુપમાં જાણવામાં આવે છે. તેમણે ૧૯૩૦ માં ફિઝીક્સના નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જેનાથી તેઓ કોઈપણ વિજ્ઞાન માટે સન્માન જીતનારા પ્રથમ એશિયન બની ગયા હતા.

### પંજાબના પૂર્વ મુખ્યમંત્રીએ સેક્યુલરિઝમ, ડેમોક્રેસિ,સોશિયલિઝમ મુદ્દે સવાલો ઉઠાવ્યા

## દેશમાં હવે ધર્મનિરપેક્ષતા બચી જ નથી તે દુર્ભાગ્ય: પ્રકાશસિંહ બાદલ

ચંડીગઢ

દિલ્હી હિંસા ભાજપના સહયોગી દળ અકાલી દળે જ મહત્વનું નિવેદન આપ્યું છે. અકાલી દળના નેતા અને પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલે સેક્યુલરિઝમ, સોશિયલિઝમ અને ડેમોક્રેસીને લઈને સણસણતા સવાલ કર્યા છે.

પ્રકાશ સિંહ બાદલે કહ્યું હતું કે, આ ખુબ જ મોટી જવાબદારી છે. અમન-શાંતિ સાથે રહેવુ ખુબ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, આપણા દેશના સંવિધાનમાં ત્રણ બાબતો લખવામાં આવી છે જે સેક્યુલરિઝમ, સોશિયલિઝમ અને ડેમોક્રેસી છે. પણ અહીં એકેય બાબત રહી નથી.

ભારતીય જનતા પાર્ટીના સહયોગી પક્ષ અકાલી દળે જ હવે ગઠબંધન વિરોધી અવાજ ઉઠાવ્યો છે. શિરોમણી અકાલી દળના નેતા અને પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલે દિલ્હીમાં થયેલી હિંસાને લઈને આકરી ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું હતું કે, ધનીક ધનીક બની રહ્યો છે અને ગરીબ વધારે ગરીબ. લોકસાહી (ડેમોક્રેસી) માત્ર બે સ્તર પર રહી ગઈ છે, એક લોકસભાની ચૂંટણી અને બીજી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં, બીજે ક્યાંય નહીં.

આ અગાઉ પૂર્વ વડાપ્રધાન ઈન્દ્રકુમાર ગુજરાલના દિકરા અને અકાલી દળના નેતા નરેશ ગુજરાલે પત્રમાં દિલ્હી પોલીસની ઉદાસીનતા પર સવાલ ઉઠાવ્યા હતાં. તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને આ મામલે પત્ર લખ્યો હતો. નરેશ ગુજરાલે કહ્યું હતું કે, દર વખતે અલ્પસંખ્યકોને જ હિંસામાં નિશાન બનાવવા દુર્ભાગ્યપૂર્ણ છે.

### અગાઉ દેશના ના.સ્વાસ્થ્ય મંત્રી પણ કોરોનાથી સંક્રમિત થયા હતા

## ઈરાનના નાયબ રાષ્ટ્રપતિ પણ કોરોના વાયરસની ચપેટમાં: ૨૬ના મોત

તહેરાન

ઈરાનના નાયબ રાષ્ટ્રપતિ મૈસુઓમેહ ઈબ્ટેકર કોરોના વાયરસની સપેટમાં આવી ગયા છે. સરકારે ગુરુવારે ૨૪ કલાકમાં સંક્રમિત થયેલા ૧૦૬ લોકોની યાદી જાહેર કરી છે જેમાં નાયબ રાષ્ટ્રપતિ ઈબ્ટેકરનું નામ પણ સામેલ છે. અગાઉ દેશના નાયબ સ્વાસ્થ્ય મંત્રી પણ કોરોના વાયરસના સંક્રમણના શિકાર થયા હતા.

કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને સરકારે શુક્રવારે નમાઝ માટે પણ લોકોના ભેગા થવા પર રોક લગાવી દીધી છે. ઈરાન ચીન બાદ કોરોના વાયરસથી સૌથી વધારે સંક્રમિત દેશ છે. ઈરાનમાં આ ઘાતક વાયરસને કારણે ૨૬ લોકોના મોત થયા છે અને ૨૪૫ કેસ સામે આવ્યા છે. બીમારીને ધ્યાનમાં રાખીને ડીજીસીએએ ઈરાનથી આવનારી તમામ ફ્લાઈટોને રદ કરી દીધી છે.

ચીનના સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું છે કે, કોરોના વાયરસના નવા કેસોમાં ઘટાડો થયો છે. બુધવારે દેશમાં માત્ર ૪૩૩ નવા કેસ નોંધાયા હતા, જ્યારે ૨૯ લોકોના મોત થયા હતા. હુબેઈ પ્રાંતમાં ૨૬ લોકોના મોત થયા છે. ચીનમાં અત્યાર સુધી વાયરસ સંક્રમણના ૭૮,૪૮૭ કેસની પુષ્ટિ થઈ છે. જ્યારે ૨,૭૪૪ લોકોના મોત નિપજ્યા છે.

## કોરોનામા શેરબજાર તો ધોવાઈ ગયું હવે કોમવાદમાં મોદીજી પણ ધોવાઈ જશે કે શું..?

દેશ વિદેશમાં ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને આપણા વડાપ્રધાન મોદીની મુલાકાત ઉપર નજર હતી. રાજકીય પંડિતોએ અગમવાણી કરી હતી તેમ ટ્રમ્પના હૈયે અમેરિકાનું હિત પ્રથમ હતું. અને તેઓ ભારતને સંરક્ષણ ક્ષેત્રે ખાસ જરૂર હતી તેવા વિમાન સહીતના જરૂરી શસ્ત્ર સામગ્રીનો વેપાર ધંધો કરીને અમેરિકા પરત કર્યા. પરંતુ મેક ઈન ઈન્ડિયા જેઓના હૈયે છે તે મોદીજી વ્યાપાર ન કરી શક્યા....! પણ ભારતનું હિત જોઈને સંરક્ષણ સાધનો માટેના સોદા કર્યા. તે વાત દેશ અને દુનિયામાં ફરી વળી છે. ત્યારે દિલ્હીના શાહીનબાગ નજીક આવેલા મૌજપૂર ખાતે ભાજપાના નેતા કપીલ મીશ્રાએ સીએએની તરફેણમાં લોકોને એકઠા કરી રેલી કાઢી હતી. અને સીએએ તરફીઓ અને સીએએ વિરોધીઓ સામ સામે આવી જતા ધમાલ મચી ગઈ હતી. ભારે પથ્થરમારો થતાં પોલીસે ટીયરગેસના સેલ છોડવા પડ્યા હતા. ત્યારબાદ શાહીનબાગ આજુબાજુના ૧૦ જેટલા જિલ્લાઓમાં કોમી દાવાનળ સળગી ઉઠ્યો હતો. લોકો હિંસા પર ઉતરી આવ્યા હતા તો અનેક મિલકતોને સળગાવવામાં આવી હતી. જેના પડઘાં દિલ્હીવાસીઓમાં ઘણા ઘેરા પડ્યા છે... તો દેશભરમાં પણ તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જે પ્રત્યાઘાતો ભાજપા માટે નુકસાન દેહી છે અને આવા સમયે જ દેશભરમાં પોલીસની વચ્ચેજ તોફાનીઓ પથ્થલબાજી કરતા ફરી રહ્યા છે અને પથ્થરમારો કરી રહ્યા છે અને પોલીસ માત્ર જોઈ રહી છે કોઈ પગલા નથી લેતી તેનો વીડીઓ વાયરલ પણ થયો છે.... દિલ્હીવાસીઓમાં મૂળ ચર્ચા એ છે કે દિલ્હી ચૂંટણી દરમિયાન નેતાઓએ બેફામ ભડકાઉ ભાષણો આપ્યા હતા અને લોકોમાં ડર પેદા થાય તેવા નિવેદનો કર્યા હતા. તેના કારણે દિલ્હી રાજ્યના લોકો ભડક્યા હતા અને આમ આદમી પાર્ટીને સત્તા આપી હતી... ચૂંટણી પરિણામો સુધી રાજ્યમાં શાંતિ છવાયેલી રહી હતી.... પરંતુ ગુજરાતમાં ટ્રમ્પ આવ્યાના દિવસે ભાજપાના નેતાશ્રીએ રેલી કાઢી હતી. અને ટ્રમ્પ-મિલેનિયા આગ્રા તાજમહેલ મુલાકાતે આવ્યા તે દિવસે મૌજપુર સહિતના દશેક જિલ્લામાં કોમી હિંસા ભડકી ઉઠી..... કે જેનો દિલ્હીવાસીઓને ડર હતો... એટલે દિલ્હીના લોકોમા ભાજપા માટે નફરત ફરી વળી છે.....! જેની નોંધ લેવી રાજનેતાઓ માટે અતિ જરૂરી છે.....!

તોફાનના બીજા દિવસે એટલે કે ૨૭મીએ દિલ્હીની હાઈકોર્ટમાં દિલ્હીમાંના તોફાનો અને હિંસા બાબતમાં ન્યાયાધીશ મુરલીધરને પોલીસનો ઉધડો લઈ લેવા સાથે ભાજપાના નેતાઓના ભડકાઉ ભાષણોના વીડિયો જોયા બાદ તેમણે પોલીસને આદેશ આપ્યો હતો કે કપિલ મિશ્રા, અનુરાગ ઠાકુર, પરેશ વર્મા વગેરે સામે એફઆઈઆર દાખલ કરો.... અને આ બાબતથી દિલ્હીવાસીઓ અને દેશભરના લોકોમાં ન્યાયાલયો માટેનો વિશ્વાસ અતુટ બની ગયો હતો. તો મોટાભાગના લોકો ખુશ થયા હતા. પરંતુ ભાજપામાં અને કેન્દ્ર સરકારમાં ભારે અજંપો ફરી વળ્યો હતો.....! ત્યારે વડાપ્રધાન મોદીજીએ અજીત દેઓલને બોલાવીને હિંસા પર કાબૂ મેળવવા સત્તા સોંપી હતી. અને અમિત શાહ મૌન બની ગયા હતા. કાલે પ્રથમ દિલ્હી પોલીસ કમિશનરના સ્થાને શ્રીવાસ્તવની સ્પેશ્યલ કમિશનર તરીકે નિમણુક કરાવી દીધી. તેમ જ પાંચેક જેટલા પોલીસ અધિકારીઓની બદલી પણ કરી નાખી. તો કેટલાક અધિકારીઓને ખખડાવી નાખવા સાથે એક્શન પ્લાન અમલમાં મૂકી દીધો.... તો દેખો ત્યાં ઠાર કરવાના હુકમ પણ કરાવી દીધા.... અને બુધવારે ડાવોલ પોતે તોફાનગ્રસ્ત વિસ્તારમાં મુસ્લિમ સમુદાય વચ્ચે પહોંચી જઈ વાતચીત શરૂ કરી અને તેનો સંદેશો સમગ્ર તોફાનગ્રસ્ત વિસ્તારમાં ફરી વળતા તોફાનો શાંત થઈ ગયા હતા. તો બીજી તરફ મોદીજી માટે ચિંતા થાય તેવી ટ્વિટ ભાજપાના નેતા બી એલ સંતોષે મુકતા મોદીજી ભડકી ગયા હતા... અને સંતોષનો ઉધડો લઈ લીધો હતો. પરંતુ દિલ્હીના તોફાનોના ઘેરા પ્રત્યાઘાત અમેરિકા સહિત વિશ્વભરમાં પડ્યા છે... તેમાં પણ અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાંના ટ્રમ્પના હરીફ તરીકે ચૂંટણી મેદાનમાં બર્ની સેન્ડર્સ ઉતરવાના છે. તેમને આ દિલ્હી તોફાનો અને સીએએના મુદ્દે રાજકારણ ખેલવાનું શરૂ કર્યું છે.... જે ટ્રમ્પ માટે મુશ્કેલી સર્જી શકે છે.....! તો બીજીતરફ સંયુક્ત રાષ્ટ્રની નજર પણ આ તોફાનો ઉપર મંડરાઈ છે... જે ખરેખર ભારત માટે કમનસીબી છે. ત્યારે મોદીજીએ શરમ છોડી ભાજપામાં જે નેતાઓએ ભડકાઉ ભાષણો આપ્યા છે તેમને પક્ષમાંથી કાઢી મૂકવા જોઈએ. અને તેમના પર કાર્યવાહી થવા દેવી જોઈએ એવું દિલ્હીવાસીઓનું કહેવું છે....! તો જજ મુરલીધરની જે પ્રકારે અને જેવા સમયે બદલી કરી છે તેનાથી આમ પ્રજામાં મોદી અને ભાજપ માટે ખોટો સંદેશો ગયો છે.... ત્યારે ભાજપ રાજનેતાઓ હવે કેવા પગલાં લે છે....? તેના પર લોકોની નજર છે.... વંદે માતરમ્

### વિધાન પરિષદમાં એનસીપી નેતા નવાબ મલિકની જાહેરાત

## મહારાષ્ટ્ર સરકાર મુસ્લિમોને શિક્ષણમાં ૫% અનામત આપશે

મુંબઈ

મહારાષ્ટ્રમાં શિવસેનાની આગેવાનીવાળી મહારાષ્ટ્ર વિકાસ અઘાડી રાજ્યમાં શિક્ષણમાં મુસ્લિમોને અનામત આપી શકે છે. તેની જાહેરાત નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટીના નેતા નવાબ મલિકએ કરી. શુક્રવારે વિધાન પરિષદમાં તેઓએ જણાવ્યું કે મુસ્લિમ સમાજને અનમાત આપવામાં આવશે. મલિકે કહ્યું કે તેના માટે સરકાર વટહુકમ લાવશે. રાજ્ય સરકારમાં લઘુમતી મંત્રી નવાબ મલિકે કહ્યું કે અગાઉની સરકાર (બીજેપી)એ શિક્ષણમાં મુસ્લિમોને ૫ ટકા અનામત નહોતું આપ્યું. આ સરકાર અનામત આપશે.

મળતી જાણકારી મુજબ, મહારાષ્ટ્રમાં વિધાનસભાનું બજેટ સત્ર પૂરું થતાં પહેલા મુસ્લિમોને શિક્ષણમાં પાંચ ટકા અનામત આપવામાં આવશે. મળતી માહિતી મુજબ અગાઉની સરકારમાં કોર્ટના ચુકાદો આવ્યા બાદ પણ બીજેપી વટહુકમ નહોતી લાવી. મંત્રીએ કહ્યું કે નોકરીમાં અનામતને લઈને કાયદાકિય સલાહ લેવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં તેના પર નિર્ણય લેવામાં આવશે.

નોંધનીય છે કે, મહારાષ્ટ્રમાં ૨૦૧૪માં યોજાયેલી વિધાનસભા ચૂંટણી પહેલા જૂન મહિનામાં મહારાષ્ટ્રની તત્કાલીન કૉંગ્રેસ-એનસીપી ગઠબંધન સરકારે મુસ્લિમો માટે ૫ ટકા અનામતની વ્યવસ્થા કરી હતી અને તે સંબંધમાં વટહુકમ પણ જાહેર કર્યો હતો.

જણાવીએ કે, વર્ષ ૨૦૧૪ પહેલા જ્યારે કોંગ્રેસ અને એનસીપીની સરકાર હતી ત્યારે મરાઠા માટે ૧૬ અને મુસલમાનો માટે ૫ ટકા અનામતની જોગવાઈનો વટહૂકમ કરવામાં આવ્યો હતો. ચૂંટણી થઈ, ત્યારે ભાજપ અને શિવસેના ગઠબંધનની સરકાર સત્તામાં આવી હતી.

### ટ્રમ્પની ભારત મુલાકાત દર્શાવે છે કે અમેરિકા માટે ભારત કેટલું મહત્વનું

## ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકા-ભારતની ભાગીદારી વધુ મજબૂત બનશે: પોમ્પિયો

વૉશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની બે દિવસની ભારત યાત્રાને અમેરિકન વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ શાનદાર અને ઐતિહાસીક ગણાવી છે. પોમ્પિયોએ ટ્રમ્પ અમેરિકા પરત ફર્યા પછી ગુરુવારે ટ્વિટ કરી છે. તેમાં તેમણે લખ્યું છે કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પની આ મુલાકાત દર્શાવે છે કે, અમેરિકા માટે ભારત કેટલુ મહત્વનું છે. પોમ્પિયોએ વ્હાઈટ હાઉસની એક ટ્વિટને રિટ્વિટ કરતાં લખ્યું છે કે, લોકતાંત્રિક પરંપરાઓ આપણને (ભારત-અમેરિકાને) એક કરે છે. બંને દેશોના હિતો આપણને જોડે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પના નેતૃત્વમાં બંને દેશોની આ ભાગીદારી વધારે મજબૂત થશે. પોમ્પિયોએ વ્હાઈટ હાઉસની જે ટ્વિટને રિટ્વિટ કરી છે તેમાં ટ્રમ્પ અને વડાપ્રધાન મોદીની ચાર તસવીરો પણ સામેલ છે. ૨૬ ફેબ્રુઆરીએ કરવામાં આવેલી આ ટ્વિટમાં વ્હાઈટ હાઉસે લખ્યું છે કે, અમે લોકોની સ્વતંત્રતા, વ્યક્તિગત અધિકારો અને કાયદાની રક્ષા માટે કામ કરીએ છીએ. અમેરિકાના દક્ષિણ અને મધ્ય એશિયા મુદ્દાના કાર્યવાહક મંત્રી એલિસ જી વેલ્સે પણ ટ્વિટ કર્યું છે કે, ટ્રમ્પની ભારત યાત્રાથી બંને દેશોના સંબંધોમાં સુધારો થયો છે. આ પ્રવાસથી બંને દેશોના લક્ષ્યાંક આગળ પહોંચ્યા છે. ઉર્જા, રક્ષા જેવા ઘણાં મહત્વના મુદ્દાઓમાં આંતરિક સહયોગ માટે રસ્તા ખુલ્યા છે.

### બ્લેક ફ્રાઈડે
પહેલા પાનાથી ચાલુ

BSE મિડકેપ અને BSE સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૩.૧૩ ટકા અને ૩.૫૨ ટકા ઘટીને બંધ રહ્યા હતા.

વૈશ્વિક વેચવાલીના કારણે ઘરેલું શેર માર્કેટમાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો છે. શુક્રવારે કારોબારી સમય દરમિયાન રોકાણકારોને ૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. બીએસઈ ૩૦ શેર્સવાળો ઈન્ડેક્સ સેન્સેક્સ શરૂઆતી કારોબારમાં ૧,૧૬૦ અંકથી વધુ પટકાયો હતો જેના કારણે બીએસઈમાં રજીસ્ટર્ડ કંપનીની માર્કેટ કેપિટલમાં ભારે કડાકો જોવા મળ્યો. આ કારણે રોકાણકારોને કારોબારના અમુક સમયમાં જ અંદાજે ૪,૬૫,૯૧૫.૫૮ કરોડ રૂપિયા સુધીનું નુકસાન વેઠવું પડ્યું છે.

સેન્સેક્સ પેકની તમામ ૩૦ સ્કીપના ભાવોમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ સ્કીપમાં એક ટકાથી લઈ ૮.૫૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. મેટલ ઈન્ડેક્સ સૌથી વધારે ૫૫૦ એટલે કે ૬.૨૧ ટકા, ઓટો ઈન્ડેક્સ ૫૮૭.૦૯ પોઈન્ટ એટલે કે ૩.૬૩ ટકા, આઈટી ઈન્ડેક્સ ૫૪૭.૯૮ પોઈન્ટ અથવા ૩.૪૫ ટકા, ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ૪૩૪.૮૪ પોઈન્ટ અથવા ૩.૩૪ ટકા ગગડ્યા છે. ભારતીય શેરબજારમાં આજે જે આશરે ૧૧૦૦ પોઈન્ટનો કડાકો આવ્યો છે તેને લીધે રોકાણકારોની કુલ સંપત્તિમાં આશરે રૂપિયા પાંચ લાખ કરોડની ગણતરીની મિનિટોમાં જ ધોવાણ થયું છે. બીએસઈ ખાતે કુલ ૧,૮૯૭ સ્કીપમાં કામકાજ થઈ રહ્યું છે,જે પૈકી ૧,૬૩૩ સ્કીપના ભાવોમાં મંદી જોવા મળે છે, ૧૯૭ સ્કીપમાં સામાન્ય સુધારો જ્યારે ૬૭ સ્કીપના ભાવ યથાવત છે. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૫૩૬.૯૪ પોઈન્ટ અથવા ૩.૫૬ ટકા અને ૫૦૦.૮૨ પોઈન્ટ એટલે કે ૩.૫૨ ટકાનો ઘટાડો થયો છે. ફોરેન પોર્ટફોર્લિયો ઈન્વેસ્ટર્સ અને સ્થાનિક સંસ્થાગત રોકાણકારો દ્વારા ચોતરફથી તમામ સેક્ટરોમાં મોટા પ્રમાણે વેચવાલી કરી રહ્યા હતા.

વૈશ્વિક બજારોની સ્થિતિ પર નજર નાંખીએ તો ગઈકાલે અમેરિકાનો ડાઉ જોન્સ ૧,૧૯૦.૯૫ પોઈન્ટ એટલે કે ૪.૪૨ ટકાના ઘટાડા સાથે ૨૫,૭૬૬.૬૪,S&P ૫૦૦ ૧૩૭.૬૩ પોઈન્ટ ૪.૪૨ ટકા ૨,૯૭૮.૭૬, બ્રાઝીલ બોવેસ્પા સ્ટોક ઈન્ડેક્સ ૧૦,૬૯૭.૮૮ પોઈન્ટ એટલે ૯.૪૧ ટકા તૂટી ૧૦૨,૯૮૩.૫૪ રહ્યા હતા. એશિયાના બજારોની વાત કરીએ તો જાપાનનો નિક્કી ૮૬૮.૧૧ પોઈન્ટ અથવા ૩.૯૬ ટકા, હોંગકોંગનો હેંગસેંગ ૬૭૦.૩૪ પોઈન્ટ અથવા ૨.૫૦ ટકા, ચીનનો શાંઘાઈ એસઈ કોમ્પોઝીટ ૧૦૦.૭૬ પોઈન્ટ અથવા ૩.૩૭ ટકા ગગડ્યા છે. જ્યારે યુરોપમાં ઈંગ્લેન્ડો એફટીએસઈ-૧૦૦ આશરે ૨૪૬.૦૭ પોઈન્ટ અથવા ૩.૪૯ ટકા, ફ્રાંસનો સીએસી-૪૦ આશરે ૧૮૮ પોઈન્ટ અથવા ૩.૩૨ ટકા, જર્મનીનો ડીએએક્સ આશરે ૪૦૭ પોઈન્ટ અથવા ૩.૧૭ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે.

બ્લેક ફ્રાઈડે સમાન આજે શુક્રવારે બીએસઈ લિસ્ટેડ ૧,૭૦૦ શેર્સ ઘટીને ટ્રેડ થઈ રહ્યાં હતા અને તેમાં મોટે ભાગે મિડકેપ અને સ્મોલકેપ શેર્સ સામેલ હતા. કોરોનાના ફટડાટથી વૈશ્વિક બજારોમાં ઘટાડા તરફી ચાલ જોવા મળી રહી છે. આ સાથે બીએસઈ લિસ્ટેડ કંપનીઓના માર્કેટકેપમાં પ્રારંભિક તબક્કે ૪,૬૫,૯૧૫.૫૮ કરોડનું ધોવાણ જોવા મળ્યું હતું. બીએસઈમાં લિસ્ટેડ A, B, T અને Z ગ્રુપના ૩૨૩ શેર્સ ઘટીને ૫૨ સમાની નીચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યાં હતાં.

ભારતીય શેરબજારમાં આ સપ્તાહના પાંચેય દિવસ સતત મંદીમય વલણ રહ્યું છે. ગત ૨૪મી ફેબ્રુઆરી એટલે કે સોમવારથી અત્યાર સુધીમાં શેરબજારમાં આશરે ૨૫૦૦ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો છે.

### નિર્ભયા
પહેલા પાનાથી ચાલુ

ઘટના સમયે પવન ગુપ્તાની ઉંમર ૧૮ વર્ષ હતી.

આ કેસમાં ચારેય દોષિત મુકેષ, વિનય, અક્ષય અને પવનને ફાંસીની સજા આપવામાં આવી છે. ચારમાંથી ત્રણ દોષિત મુકેશ, વિનય અને અક્ષય ફાંસીથી બચવા માટે રાષ્ટ્રપતિને દયાની અરજી કરી ચૂક્યા છે અને તે ફગાવી દેવામાં આવી છે. તેમની ક્યુરેટિવ પિટીશન પણ ફગાવી દેવામાં આવી છે. આમ, આ સંજોગોમાં આ ત્રણેય દોષિતોને ફાંસી મળવી નિશ્ચિત છે.

દિલ્હીના વસંત વિહાર વિસ્તારમાં ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ની રાત્રે ૨૩ વર્ષની પેરામેડિકલ વિદ્યાર્થીની નિર્ભયા સાથે ચાલતી બસમાં ક્રૂરતાથી સામૂહિક દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. આ ઘટના પછી પીડિતાને સારવાર માટે સરકાર સિંગાપોર લઈ ગઈ હતી. ત્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

આ ઘટનામાં દોષિતોએ પીડિતાના પ્રાઈવેટ પાર્ટમાં રોડ પણ નાખી દીધો હતો. આ ભયાનક ઘટના પછી સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શન થયા હતા. આ ઘટનાની ચર્ચા આંતરરાષ્ટ્રીય સ્તરે પણ થઈ હતી. જ્યારે નિર્ભયાના એક દોષી રામ સિંહે કેસની સુનાવણી દરમિયાન જેલમાં જ આત્મહત્યા કરી લીધી હતી.

ક્યૂરેટિવ પિટિશનમાં દોષિ ચુકાદાના ટેક્નિકલ પાસાઓની તરફ ચિન્હિત કરે છે અને સવાલ ઉઠાવે છે કે ચુકાદામાં સુધારની જરૂર છે. પરંતુ આના માટે વરિષ્ઠ વકીલની ભલામણની જરૂર હોય છે. વરિષ્ઠ વકીલની ભલામણ વગર ક્યૂરેટિવ પિટિશન દાખલ થઈ શકતી નથી. ક્યૂરેટિવ પિટિશનની સુનાવણી ચેમ્બરમાં થાય છે. સુપ્રીમ કોર્ટ જો ક્યૂરેટિવ પિટિશન પણ રદ કરી દે છે ત્યારબાદ રાષ્ટ્રપતિ સમક્ષ દયા અરજી દાખલ કરી શકાય છે.

### અસ્થાના
પહેલા પાનાથી ચાલુ

ઈક્વાયરી ઓફિસર સતિષ ડાગર અસ્થાના તેમજ અન્ય સરકારી અધિકારીઓને બચાવવા પ્રયાસ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ભ્રષ્ટાચારના કેસમાં પૂર્વ સીબીઆઈ સ્પેશ્યલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાને ક્લિન ચીટ મામલે ૧૨ ફેબ્રુઆરીએ કોર્ટે નિરાશા વ્યક્ત કરી હતી સવાલ પૂછ્યો હતો કે સીબીઆઈના ડીએસપીની ધરપકડ કરાઈ છે ત્યારે અન્ય ઉચ્ચ હોદ્દો ધરાવતા અધિકારીઓ શા માટે છૂટા ફરી રહ્યા છે. ૧૯મી ફેબ્રુઆરીના કોર્ટે સુનાવણી દરમિયાન સીબીઆઈને સવાલ કર્યો હતો કે પૂર્વ વિશેષ ડિરેક્ટર રાકેશ અસ્થાનાનો લાઈ ડિટેક્ટર ટેસ્ટ શા માટે કરાયો નહતો. રાકેશ અસ્થાના અને ડીએસપી દેવેન્દ્ર કુમારના નામ ચાર્જશીટની ૧૨મી કોલમમાં હતા અને તેમની ૨૦૧૮માં ધરપકડ કરાઈ હતી પરંતુ કેસમાં તેમને ક્સૂરવાર ઠેરવવા માટે પુરતા પુરાવા મળ્યા નહતા. હૈદરાબાદના વેપારી સતિષ સનાની ફરિયાદના આધારે સીબીઆઈએ અસ્થાના વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. ૨૦૧૭માં અસ્થાના દ્વારા માંસના નિકાસકાર મોઈન કુરેશી કેસની તપાસ દરમિયાન ભ્રષ્ટાચારની ફરિયાદ ઉપસ્થિત થઈ હતી.

# હાર્દિક પટેલને સુપ્રીમ કોર્ટની મોટી રાહત, ૬ માર્ચ સુધી ધરપકડ પર પ્રતિબંધ

અમદાવાદ

ધરપકડથી બચવા માટે છેલ્લા ઘણા સમયથી ભૂગર્ભમાં ઉતરી ગયેલાં હાર્દિક પટેલ માટે અત્યંત રાહતના સમાચાર છે. સુપ્રીમ કોર્ટે હાર્દિક પટેલને મસમોટી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૫ના પાટીદાર આંદોલન કેસમાં હાર્દિક પટેલને ૬ માર્ચ સુધી આગોતરા જામીન આપ્યા છે. એટલું જ નહીં આ સાથે સુપ્રીમ કોર્ટે પાટીદાર આંદોલન દરમિયાન થયેલી હિંસા મામલે એફઆઈઆર રદ કરવાની અનુરોધવાળી હાર્દિક પટેલની અરજી પર ગુજરાત સરકાર પાસેથી જવાબ પણ માગ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં હાર્દિક પેટેલની અરજી પર સુનાવણી કરતાં જસ્ટિસ યૂ. યૂ. લલિત અને જસ્ટિસ વિનીત સરની બેન્ચે ગુજરાત સરકારને નોટિસ જાહેર કરી છે. સાથે બેન્ચે કહ્યું કે મામલો ૨૦૧૫માં નોંધવામાં આવ્યો હતો અને તપાસ હજુ સુધી પેન્ડિંગ છે. તમે પાંચ વર્ષથી આ મામલો બેસી ન રહી શકે.

હાર્દિક પટેલની આગેવાનીવાળી પાટીદાર અનામત આંદોલન સમિતિએ અનામત માટે અમદાવાદમાં એક મેગી રેલી યોજી હતી અને ગેરકાયદેસર રીતે એકત્ર થવા માટે એક એફઆઈઆર નોંધવામાં આવી હતી કારણ કે પોલીસે દાવો કર્યો હતો કે આ રેલી માટે મંજૂરી આપવામાં આવી ન હતી. આ પહેલા કોર્ટમાં ગેરહાજર રહી કાનૂની કાર્યવાહીને જાણી જોઈને વિલંબમાં નાખી મુદતમાં હાજર ન રહેતા હાર્દિકની વિરમગામમાંથી ધરપકડ થયા બાદ હાર્દિક પટેલે કોર્ટમાં લેખિતમાં બાંહેધરી આપી હતી કે હવે તે કોર્ટમાં હાજર રહેશે. આ બાહેંધરીના આધારે કોર્ટે તેમના જામીન મંજૂર કર્યા હતા. જોકે આમ છતાં હાર્દિક ગેરહાજર રહેતા કોર્ટે તેની સામે વોરંટ કાઢ્યું હતું.

રાજદ્રોહ કેસમાં જામીન મળ્યા બાદ જેલ બહાર આવેલા હાર્દિકની માણસા પોલીસે જાહેરનામાનો ભંગ કરી સભા સંબોધવા બદલ હાર્દિક પટેલની ધરપકડ કરી હતી. માણસા કોર્ટમાંથી જામીન મળતા જ હાર્દિક પટેલની સિદ્ધપુર પોલીસે વર્ષ ૨૦૧૭માં ચૂંટણીમાં મંજૂરી વિના સભા કરતા ધરપકડ કરી હતી. ત્યાર બાદ તેને જામીન પર છોડવામાં આવ્યો હતો.

# રાજ્યમાં હવે બાળકો અને સર્ગભા મહિલાઓને ફ્રીમાં રસી અપાશે

ગાંધીનગર

ઈન્દ્ર ધનુષ ટુ પોઈન્ટ ઝીરો (૨.૦) કાર્યક્રમ બાબતે રાજ્યના આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે ગુજરાતમાં લાખ બાળકો અને તે લાખથી વધુ સગર્ભા માતાઓને રસીકરણની સેવા પૂરી પાડવા ૫૦,૨૬૮થી વધુ મમતા સ્ટેશનનું આયોજન થાય છે. આ તમામ લાભાર્થીઓ નામ સાથેની ટ્રેકીંગ સિસ્ટમ સાથે સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આમ, ગુજરાત રાજ્યમાં પૂર્ણ રસીકરણનો લક્ષ્યાંક ૧૦૦ ટકા થાય તે માટે તમામ પ્રયાસો હાથ ધરવામાં આવેલા છે.

આ કાર્યક્રમની શરૂઆતના પ્રથમ રાઉન્ડ ૨ ડિસેમ્બર ૨૦૧૯ શરૂ થયેલો હતો. જેમાં અત્યાર સુધીમાં કુલ ત્રણ તબક્કા પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ત્રણ તબક્કામાં ૧૫૬૪૩ રસીકરણ દ્વારા સમગ્ર ગુજરાતના ૭૩,૭૫૫ બાળકો અને તે ૨૭૬૫ સગર્ભા માતાઓને રસીકરણનો લાભ આપેલો છે.આમ, હવે ફરીથી સમગ્ર રાજ્યમાં રસીકરણનું અભિયાન શરૂ કરવામાં આવશે. જેનો તમામ ખર્ચ કેન્દ્ર સરકાર આપે તેવી પણ શક્યતા દર્શાવી રહી છે.

### વિધાનસભામાં ગૃહમંત્રી પ્રદિપસિંહની કોંગ્રેસ ધારાસભ્યોને ખૂલ્લી ઓફર

# રાજ્યસભા ચૂંટણી આવે છે, તમારે આવવું હોય તો આવી શકો છો

ગાંધીનગર

રાજ્યસભાની ચૂંટણીનું એલાન થઈ ચૂક્યું છે. તો સાથે જ વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે. જેને કારણે હાલ ગુજરાતમાં રાજકારણ ગરમાયું છે. તેવામાં વિધાનસભામાં ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના નિવેદન પર ભારે હોબાળો મચી જવા પામ્યો છે. પ્રદિપસિંહે વિધાનસભામાં જ કોંગ્રેસના કોર્પોરેટરને ઓફર કરી કે, રાજ્યસભાની ચૂંટણી આવે છે, તમારે આવવું હોય તો આવી શકો છો.

હાલ બજેટ સત્ર ચાલી રહ્યું છે. અને વિધાનસભામાં કાર્યવાહી દરમિયાન કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતે જેઠાભાઈને કહ્યું હતું કે, કુંવરજી જવાહરભાઈ મંત્રી બનશે તમે નહીં. કોંગ્રેસના ધારાસભ્યની આવી પ્રતિક્રિયા પર તરત જ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા તરત જ એક્શનમાં આવી ગયા હતા. અને ગુલાબસિંહની વાત પર કટાક્ષ કરતાં પ્રદિપસિંહે તેઓને વિધાનસભામાં જ ભાજપમાં જોડાવવાની ઓફર કરી દીધી હતી.

પ્રદિપસિંહની આ ટિપ્પણી પર રાજકારણ ગરમાયું હતું. અને પ્રદિપસિંહની ઓફરને લઈ કોંગ્રેસનાં ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યુંકે, રાજ્યસભાની ચૂંટણી સમયે જ ભાજપ તોડજોડ કરે છે. ભાજપ તરફથી ધારાસભ્યોને તોડવાની કોશિશ થાય છે. રાજ્યસભામાં ભાજપને એક બેઠક ગુમાવવાનો ડર છે. આ સાથે ખેડાવાલાએ એમ પણ જણાવ્યું હતું કે, રાજ્યસભામાં કોંગ્રેસની ૨ બેઠક પર જીત થશે.

# કપડાની દુકાન અને મેડિકલમાં ચોરી કરી તસ્કરો ફરાર, ઘટના સીસીટીવીમાં કેદ

વડોદરા

ગુંદલાવ ખાતે મુખ્ય રસ્તા પર આવેલી આવેલી દુકાનોના શટર તૂટ્યા હતાં. તસ્કરોએ કપડાની અને મેડિકલ સહિતની દુકાનોના શટર હથિયાર વડે વચ્ચેથી ઊંચા કરી દઈને ચોરી કરી હતી. ચોરીની સમગ્ર ઘટનામાં આરોપીઓ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયાં હતાં.

મુખ્ય રસ્તા ઉપર આવેલી દુકાનોના શટર તોડીને તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો. તસ્કરોએ રેડિમેડ કપડાની દુકાનમાંથી જીન્સના પેન્ટ અને શર્ટની ચોરી કરી હતી. ચોરીની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. રોડ ઉપર આવતા વાહનોના પ્રકાશથી આરોપીઓ સંતાવાનો પ્રયાસ કરતાં હતાં. પેટ્રોલિંગ કરતા પોલીસ જવાનોને જોઈને તેના ઉપર પથ્થરમારો કર્યો હતો. પોલીસ જવાનોએ પીછો કરતા આરોપીઓ ફરાર થઈ ગયા હતાં. હાલ પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ૩ હોમગાર્ડ જવાનોએ બસ ડેપોના ધાબે યુવતી પર સામુહિક દુષ્કર્મ આચરતા ખળભળાટ

ડીસા

મહિલાઓ માટે સલામત ગુજરાતના દાવા દિવસે ને દિવસે પોકળ થતાં જાય છે. હજુ તો એક દિવસ પહેલાં કોટડાસાંગણીમાં ભાજપ અગ્રણી દ્વારા યુવતીનું અપહરણ કરી તેના પર ગેંગરેપની ઘટનાની સ્યાહી સૂકાઈ નથી ત્યાં વધુ એક સામુહિક દુષ્કર્મનો કિસ્સો બનાસકાંઠાના ડીસામાંથી સામે આવ્યો છે. ડીસામાં ૩ હોમગાર્ડ જવાનોએ એસટી બસ સ્ટેન્ડ પર મહિલા મુસાફર સાથે સામુહિક દુષ્કર્મ આચર્યું હતું.

રાત્રીના સમયનો લાભ ઉઠાવી ૩ હોમગાર્ડ જવાનો દ્વારા યુવતી સાથે બળજબરી કરવામાં આવી હતી. અને તેને ધાક ધમકી આપીને બસ ડેપોના ધાબા પર લઈ જવામાં આવી હતી. અને ધાબા પર લઈ જઈને ત્રણેય હોમગાર્ડ જવાનો દ્વારા અમદાવાદની યુવતી પર પાશ્ચી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. બસ ડેપો પર સામુહિક દુષ્કર્મની ઘટનાની વાત વાયુવેગે ફેલાતાં ચકચાર મચી જવા પામી હતી. જો કે આ મામલે પોલીસ ઈન્સ્પેક્ટર જે.વાય.ચૌહાણે જણાવ્યું કે, પ્રાથમિક તપાસ બાદ જ એફઆઈઆર નોંધાવવામાં આવશે. તો ગેંગરેપની ઘટનાને પગલે મામલતદાર સહિતનાં અધિકારીઓ પણ દોડતાં થઈ ગયા હતા. અને આ મામલે તેઓએ પણ તપાસ કાર્યવાહીમાં જોડાયા હતા. તો હોમગાર્ડ જવાનો દ્વારા જ જ્યારે યુવતી પર સામુહિક દુષ્કર્મની ઘટના બને તો ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા અંગે ચોક્કસથી સવાલ ઉભા થાય છે.

# નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં સરકારે ૪ કરોડ, કોર્પોરેશને ૮ કરોડ ખર્ચ્યા : રૂપાણી

ગાંધીનગર

વિધાનસભા ગૃહમાં કોંગ્રેસ દ્વારા જેટલા પણ આક્ષેપ કરવામાં આવ્યા હતા તેના જવાબમાં રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ અલગ અલગ વિભાગની કામગીરીની વિગતો આપી હતી. જ્યારે પોતાના પ્રવચન દરમિયાન વિધાનસભાગૃહમાં કોંગ્રેસને પણ આડે હાથે લેવાની તક વિજય રૂપાણી ચૂક્યા ન હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગાંધી અને નરેન્દ્ર મોદીના પદ ઉપર ચાલવા વાળી સરકાર છે. અમે વાસ્તવમાં સુરાજ્ય બને તે દિશામાં આગળ વધી રહ્યા છે. જેના કારણે સામાન્ય નાગરિકને પણ એવો અહેસાસ થાય છે કે હું સરકાર છું અને લોકોને લાગે છે કે આ મારી જ સરકાર છે.

ઉપરાંત મારી સરકારે એલ.આર.ડી. મુદ્દે હજુ વચ્ચેનો રસ્તો કાઢી રહ્યા છે. આ અમારો ધર્મ છે. જેમાં શિક્ષણ વિભાગના બાળકોની હાજરી અને શિક્ષકોની હાજરી ઓનલાઈન જોવામાં આવી રહી છે. જેમાં ૮૫ ટકા હાજરી જોવા મળી રહી છે રાજ્ય સરકાર યોગ્ય વ્યવસ્થાનું કામ કરે છે. આ ઉપરાંત ટીપી સ્કીમમાં બધાને ખબર છે વર્ષોથી પાસ થતી નથી, પરંતુ મારી સરકાર આવતાં જ એક વર્ષમાં સૌથી વધુ ટીપી સ્કીમ પાસ કરી છે. આમ, રાજ્ય સરકારના તમામ વિભાગો બાબતે મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ વિધાનસભા ગૃહમાં નિવેદન આપ્યું હતું.

ઉપરાંત વિધાનસભા ગૃહમાં રાજ્યપાલના પ્રવચન મુદ્દે ચર્ચાઓ થઈ રહી હતી, ત્યારે ભાજપના અભેસિંહ તડવીના પ્રવચન બાદ કોંગ્રેસના ગુલાબ સિંહ રાજપૂતે કટાક્ષ કરતા જણાવ્યું હતું કે સરકારના આટલા વખાણ ન કરો તમે પ્રધાન નહીં બની શકો. જો પ્રધાન બનવામાં તમારું નામ વેઇટિંગ લિસ્ટમાં હશે તોપણ પ્રધાન નહીં બની શકો. જેના મુદ્દે અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ કહ્યું કે તમે તો મંત્રીમંડળ વચ્ચે રાખ્યું તેના જવાબમાં રાજપૂતે કહ્યું કે મંત્રીમંડળ સમગ્ર આઉટસોર્સિંગથી જ ચાલે છે.

# ઈકો કારમાં આગ ભભૂકતા મહિલાનું મોત, ૬ લોકોનો બચાવ

સુરેન્દ્રનગર

અમદાવાદ-લીંબડી હાઈવે પર આવેલા પાણશીણા પાસે ઈકો કારમાં આગ લાગી હતી. જેમા ગૂંગળાઈ જતાં એક મહિલાનું મોત નીપજ્યું છે. જ્યારે ૬ લોકોનો આબાદ બચાવ થયો છે. વહેલી સવારે લીંબડી હાઈવે પર પાણશીણા પોલીસ ચોકી સામે જ ઈકો કારમાં આગ લાગી હતી. આગના કારણે કારમાં ધુમાડો ફેલાઈ ગયો હતો અને કારના દરવાજા પણ લોક થઈ ગયા હતા.

પોલીસ ચોકીમાં બેઠેલા પોલીસકર્મીઓ તરત જ દોડી ગયા હતા અને કારના કાચ તોડી દરવાજા ખોલી લોકોને બહાર કાઢ્યા હતા. ૭માંથી ૬ લોકોને બહાર કાઢી જીવ બચાવી લીધા હતા જો કે એક મહિલાનું ગૂંગળાઈ જવાથી મોત થયું હતું.

# વિદ્યાર્થિનીને વોટ્સઅપમાં બીભત્સ મેસેજ કરતા બે સંતાનનાં પિતાની ધરપકડ

રાજકોટ

ગોંડલ રોડ પી.ડી. માલવીયા કોલેજ પાછળ લોધેશ્વર સોસાયટીમાં રહેતો બે સંતાનનો પિતા ધર્મેશ છોટુભાઇ ઝરીયાએ મકાનના વાંધાના કામમાં મદદ કરવાને બહાને બીસીએની એક વિદ્યાર્થિની સાથે ઓળખ કેળવી તેને પહેલા હાઈનો મેસેજ મોકલી બાદમાં આઇ લવ યુનો મેસેજ કરી તેમજ એક રાતે તેના ઘર નજીક આવી પાછળથી અચાનક પકડી લઇ કિસ કરી લીધી હતી. બાદમાં જો તું મને મેસેજ નહીં કરે અને ફોન નહીં કરે તો બદનામ કરી દઈશ તેવી ધમકી આપી હેરાન કરતાં અને કોલેજે પણ પાછળ જઈ સતામણી કરતાં મહિલા પોલીસે ગુનો નોંધી ધર્મેશને સકંજામાં લીધો છે.

વિદ્યાર્થિનીએ ફરિયાદમાં જણાવ્યું છે કે આશરે સાડા ત્રણ મહિના પહેલા મારા ફઈને મકાન બાબતે વાંધો ચાલતો હોય તેને કામ પડતાં ધર્મેશ છોટુભાઇ ઝરીયાનો સંપર્ક કર્યો હતો. તેણે પોતે મકાનના વાંધાના કામમાં મદદ કરશે, બધે ઓળખાણ છે તેવી વાત કરી હતી. જેથી તેની સાથે ઓળખાણ થઇ હતી. એ પછી એક દિવસે ધર્મેશે મને તેના મોબાઇલ ફોનમાંથી વ્હોટ્સએપમાં હાઈનો મેસેજ કર્યો હતો. તેના નંબરની મને ખબર હોય મેં કોઈ જવાબ આપ્યો નહોતો. એ પછી તેણે વારંવાર મને મેસેજ કર્યા હતાં. ઓળખીતા હોવાથી મેં સામે રીપ્લાય આપ્યા હતાં. એકાદ મહિના બાદ તેણે આઇ લવ યુનો મેસેજ મોકલ્યો હતો. મેં તેને આવું કરવાની ના પાડી હતી અને તમે પરણેલા છો, તમારે બે છોકરા છે તેમ કહી મારે તમારી સાથે કોઇ સંબંધ રાખવો નથી તેમ સ્પષ્ટ કહી દીધું હતું. આથી ધર્મેશે મને જો તું મારી સાથે સંબંધ નહીં રાખ તો હું સમાજમાં તને બધે બદનામ કરી દઈશ.

# જેલમાં કેદીના આંતરવસ્ત્રમાંથી મોબાઈલ અને તમાકુ મળી આવતા ચકચાર મચી

રાજકોટ

રાજકોટની મધ્યસ્થ જેલમાં અવારનવાર કોઈ દડા બનાવી મોબાઇલ ફોન, તમાકુના પડીકા, પાન મસાલા, ચાર્જર સહિતની ચીજવસ્તુઓના ઘા કરી જાય છે. અગાઉ આવુ કૃત્ય કરનાર એક શખ્સ ઝડપાયો હતો. ત્યાં હવે જેલમાં કેદીઓની જડતી દરમિયાન એક પાકા કામના કેદી યાકુબખાન કાળુખાન પઠાણના પેન્ટના ખિસ્સામાંથી થોડી છૂટક તમાકુ અને આંતરવસ્ત્રમાં છૂપાવેલો મોબાઈલ ફોન મળી આવ્યો છે. આ મામલે કેદી વિરૂદ્ધ ફોજદારી દાખલ કરાવવામાં આવી છે. જે કેદી પાસેથી મોબાઇલ મળ્યો છે તે સુરેન્દ્રનગર તરફનો છે.

આ અંગે રાજકોટ મધ્યસ્થ જેલના ગ્રુપ-૨ જેલર વી. કે. હેરભાએ પાકા કામના કેદી યાકુબખાન કાળુખાન પઠાણ વિરૂદ્ધ પ્રિઝન એક્ટની કલમ ૪૨, ૪૩, ૪૫ની પેટા કલમ ૧૫ મુજબ પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી છે. જેલર હેરભાએ ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૬ ફેબ્રુઆરીના રોજ મારી ડ્યુટી જેલર તરીકેની હતી. બપોરે સાડા ત્રણેક વાગ્યે નવી જેલ-૦૧ યાર્ડ નં. ૩ની બેરેક નં. ૩ની બહારના ભાગે સીડી પાસે પાકા કામનો કેદી (નં. ૪૨૪૪૧) યાકુબખાન કાળુખાન પઠાણની ફરજ પરના અમલદાર મનોજભાઈ જયંતિલાલ લખતરીયા જીણવટભરી અંગ જડતી કરતાં હોય કેદીના પેન્ટના ખિસ્સામાંથી થોડી છૂટી તમાકુ મળી આવી હતી. આ પછી વધુ તપાસ કરવામાં આવતાં તેણે પહેરેલા આંતરવસ્ત્રમાં છૂપાવેલો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. આ ફોન કેચાઓડા કંપનીનો એ-૨૬ સિરીઝનો કાળા રંગનો હતો અને તેમાં બેટરી પણ હતી. સીમકાર્ડ નહોતું.

# મહિલા વેશમાં આવેલ યુવકને લોકોએ ઘેર્યો, બાળકોની ઉઠાંતરી કરવાનો આરોપ

હિંમતનગર

ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં બેરણા ગામમાં એક યુવક મહિલાના વસ્ત્રો પહેરીની બાળકોની ઉઠાંતરી કરવા આવતો હોવાના આરોપ સાથે તેને ગામ લોકોએ ઘેરી લીધો હતો. સ્થાનિકોએ યુવકને ઝડપીને પોલીસ હવાલે કરવા માટે નક્કી કર્યું હતું.

ત્યારબાદ યુવકને ઘેરીને ગામલોકોએ પોલીસને બોલાવી હતી. ગામલોકો પૈકીના કેટલાક લોકો અંદરોઅંદર પકડાયેલો યુવક ગાંડો હોવાની ચર્ચાઓ કરતા હતા. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે તેની અટકાયત કરીને તેને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. આ મામલે પોલીસ તપાસ કરી રહી છે.

# સંતાન પોતાનું ન હોવાની શંકામાં પતિએ પત્નીને વોટસએપથી ત્રિપલ તલાક આપ્યાં

ઉમરગામ

ઉમરગામના સંજાણ બંદર નારગોલ રોડ ખાતે રહેતા સલિમ મહમદ કાલીયાની દીકરી ફરહીનના લગ્ન સંજાણ બંદર રહેતા જૈલુન સાથે વર્ષ ૨૦૧૫માં મુસ્લિમ સમાજના નીતિનિયમ મુજબ થયા હતા. ફરહીનના પતિ જૈલુન શિપિંગ કંપનીમાં કામ કરતો હોવાથી ૮ મહિના તે વિદેશમાં રહે છે ત્યાર બાદ ચાર મહિના ઘરે સંજાણમાં આવી પરિવાર સાથે વિતાવતો હતો. વર્ષ ૨૦૧૬માં ફરહીનના કૂખે રફાન નામના સંતાનનો જન્મ થયો હતો. જે સંતાન તેનું નહીં હોવાનું કહી ફરહીન સાથે તેના પતિ જૈલુને ઝઘડો શરૂ કરી દેતા કંકાસથી કંટાળી રફાન તેના પિયર ચાલી ગયેલ.

આગેવાનોની મધ્યસ્થી સાથે પતિ પત્ની વચ્ચે સમાધાન થતાં ફરહીન તેના પુત્ર સાથે ઘરે પરત આવેલ. ફરહીનની નુરબીબી નામક એક નણંદ છે. તેના કોખે સંતાન નહીં હોવાથી ફરહીનનો પતિ અને સાસુ સસરા રફાન (પુત્ર)ને નુરબીબીને દત્તક આપી દેવાનું દબાણ શરૂ કરતા ફરહીને અસહમતી દર્શાવતા તેને ઘરની પાછળ આવેલ કૂવામાં ફેકી જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હતી. ગત માર્ચમાં પતિએ તેને ઢોર માર મારી પિયરે મૂકી ગયો હતો.

શિપિંગમાં વિદેશ ગયા બાદ પતિએ તેને વોટ્સએપ ઉપર ટ્રિપલ તલાકનો મેસેજ મોકલી તલાકનામુ સંજાણના જામા મસ્જિદમાં જમા કરાવેલ. જેની સામે વાંધો હોવાથી ટ્રસ્ટીઓએ તલાક નામા ઉપર હસ્તાક્ષર કર્યા ન હતા. જેની ફરિયાદ ઉમરગામ પોલીસ મથકે ફરહીને ગત ૧૪મે ૨૦૧૯એ કરી હતી. જે સંદર્ભે ઉમરગામ પોલીસે સાસરિયા પક્ષ સામે ફરિયાદ નોંધી પતિ જૈલુન જાવેદ કાલીયા, સસરા જાવેદ ઉમરમીયા કાલીયા અને સાસુ નફીસા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

# પરીક્ષા આપવા જતાં યુવાનોની કાર કન્ટેનરમાં ઘૂસતા ૩ના મોત નીપજ્યાં

હિંમતનગર

ઉદયપુર પાસે ટીડી હોસ્પિટલના પાટીયા નજીક પરીક્ષા આપવા જતા હિંમતનગરના યુવાનોની કાર કન્ટેનરમાં ઘૂસી જતાં ઘટનાસ્થળે ૩ યુવાનોના મોત નિપજ્યા હતા. મોડી રાત્રે ઉદયપુર નજીક કન્ટેનરમાં કાર ઘૂસતા ઘટનાસ્થળે જ ૩ના પ્રાણપંખેરું ઉડી ગયા હતા. તેમના મૃતદેહોને બહાર કાઢવા માટે જેસીબી મશીનની મદદ લેવાઈ હતી. કારમાં સવાર એક ઈજાગ્રસ્ત યુવાનને નજીકની હોસ્પિટલમાં સારવારાર્થે ખસેડાયો હતો. તમામના મૃતદેહોને વતનમાં લાવવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. હિંમતનગરના માનવ બ્રહ્મભટ્ટ, ધવલ દેસાઈ અને નેહલ પટેલ તેમજ અન્ય એક યુવાન રાજસ્થાન પરીક્ષા આપવા માટે ગયા હતા. મોડી રાત્રે એક વાગ્યા આસપાસ ઉદયપુર નજીક ટીડી હોસ્પિટલના પાટીયા પાસે તેમની મારૂતી ડીઝાયર કાર જીજે૯બીએફ૯૧૧૫ આગળ જતાં એચઆર૬૭સી૪૭૭૯ નંબરના એક કન્ટેનરમાં ઘૂસી ગઈ હતી. કન્ટેનરમાં તેમની કાર ઘૂસતા ત્રણેયના મોત થયા હતા. કાર કન્ટેનરમાં અડધી ઘૂસી જતા બે કલાકની જહેમત બાદ ત્રણેયના મૃતદેહો બહાર કઢાયા હતા.

# જ્વેલર્સની દુકાનમાં ચેઈનની ચોરી કરતા બે ગઠીયાઓ સીસીટીવીમાં થયા કેદ

વડોદરા

સંગમ ચાર રસ્તા પાસેની જવેલર્સની દુકાનમાં ગઠિયો સોનાની બે ચેઈન લઈ રફુચક્કર થઈ જતાં સી.સી.ટીવી ફુટેજને આધારે કારેલીબાગ પોલીસે તેને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.વડોદરા શહેરના કારેલીબાગ સંગમ ચાર રસ્તા પાસે આવેલા ગુંજન કોમ્પ્લેક્સમાં સંગમ જવેલર્સ નામની દુકાન આવેલી છે.જેમાં આવી ચઢેલા એક ગઠિયાએ ૮૦,૦૦૦ ની સોનાની બે ચેન બહાર મમ્મીને બતાવી આવ્યાનું જણાવી રૂપિયા ૯૦,૦૦૦નો મોબાઈલ વિશ્વાસ માટે દુકાનદારને આપ્યો હતો.જોકેચેન લઈ જનાર ગઠિયો પરત ના આવતાં દુકાનદારે કારેલીબાગ પોલીસ મથકે ફરિયાદ નોંધવાની તજવીજ હાથધરી હતી.બનાવ અંગે પોલીસે દુકાનમાં લાગવાયેલ સી.સી.ટીવી કેમેરાના ફૂટેજ ચકાસતાં ગઠિયો કેમેરામાંકેદ થઈ જવા પામ્યો હતો.જે ફુટેજને આધારે પોલીસે ગાંઠિયાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બી.આર.સી ભવન માંડલ ખાતે ઈનોવેશન પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત વર્કશોપ યોજાયો




**સગર્ભા માતાઓ, કિશોરીઓને એનીમિયા થવાના કારણો, અસરો અને નિવારણના પગલાઓ અંગે સમાજ આપવામાં આવી**

**વંદના નીલકંઠ વાસુકિયા વિરમગામ દ્વારા**

તારીખઃ- ૨૮-૦૨-૨૦૨૦ને શુક્રવારના રોજ અમદાવાદ જીલ્લાના માંડલ તાલુકા ખાતે 'એનિમિયા પ્રિવેન્શન ઈન પ્રેગ્નેન્ટ વુમન એન્ડ એડોલેશન ગર્લ' ઈનોવેશન પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં આઈસીડીએસ વિભાગના જિલ્લા પ્રોગ્રામ ઓઈસર મીનળ મહેતા, અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.શિલ્પા યાદવ, સી.ડી.પી.ઓ મીતા જાની, તૃમિ ભટ્ટ, ડૉ.ભાવેશ રથવી, વિષ્ણુ ઉપાધ્યાય, ચેતન પટેલ, ડ્રીસ્ટીક પ્રોજેક્ટ એસોસિયેટ, ડ્રીસ્ટીક કો. -ઓર્ડીનેટર, એન.એન.એમ સહીતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. બી.આર.સી ભવન માંડલ ખાતે ઈનોવેશન પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત આયોજિત વર્કશોપમાં માંડલ તાલુકાની આંગણવાડી વર્કર બહેનો અને હેલ્પર બહેનો તથા આશા બહેનોને સગર્ભા માતાઓ તથા કિશોરીઓને એનીમિયા થવાના કારણો તેની અસરો અને એનીમિયાના નિવારણના પગલાઓ અંગે વિસ્તૃતમાં સમાજ આપવામાં આવી હતી.

# રાજકોટ પોલીસ દ્વારા ૩ કરોડનાં ખર્ચે મા અંબાના મંદિરનો જીર્ણોદ્ધાર

રાજકોટ

રાજકોટ શહેર પોલીસ દ્વારા પોલીસ હેડ ક્વાર્ટરમાં દાયકા પહેલાં બિરાજીત અંબા માતાજીના મંદિરનો ૩ કરોડના ખર્ચે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા રાજયમાં પ્રથમ નવનિર્મિત મંદિરમાં ગુરુવારે માતાજીની મૂર્તિની ધામધૂમથી પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આજે અંબા માતાજીના મુખ્ય સ્થાનક ગણાતા ગબ્બરથી માતાજીની અખંડ જ્યોત અને મંદિરનીમાટી રાજકોટ મંદિરમાં લાવવામાં આવી હતી. અખંડ જ્યોતને બગીમાં લાવી સામૈયા કરવામાં આવ્યા હતા. જેમાં પોલીસ બેન્ડના તાલે કર્મચારીઓ ગરબે ઘૂમ્યા હતા. આ પ્રસંગે પોલીસ અધિકારી અને પોલીસ પરિવારજનો મોટી સંખ્યામાં ભાવભેર હાજર રહ્યાં હતા. અંબા માતાના મંદિરમાં અન્ય ૩૧ દેવી-દેવતાઓની મૂર્તિઓની પણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના ભાગરૂપે મંદિરની બાજુમાં અવેરનેસ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં રાજકોટ શહેર ટ્રાફિક શાખા, દુર્ગાશક્તિ ટીમ, સાયબર ક્રાઈમ દ્વારા શસ્ત્ર પ્રદર્શનના જુદા જુદા સ્ટોલો ઉભા કરવામાં આવ્યા છે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પ્રદર્શન નીહાળી માહિતી મેળવી હતી.

# કોંગ્રેસના કોર્પોરેટરની એફબી પર કરી પોસ્ટ : 'એસ્ટેટ અધિકારી તડવી તોડબાજ છે'

અમદાવાદ

કોંગ્રેસના જમાલપુર કોર્પોરેટર શાહનવાઝ શેખે ફેસબુક પર મધ્યઝોનના ડે.એસ્ટેટ ઓફીસર રમેશ તડવી સામે તોડબાજી એટલે કે ભ્રષ્ટાચાર કરતા હોવાનો આક્ષેપ કરતી પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં શાહનવાઝે લખ્યું કે, મધ્યઝોનનો એસ્ટેટ અધિકારી તડવી તોડબાજ છે. બાંધકામમાં પૈસા ઉઘરાવે છે અને સામાન છોડવા પૈસા માંગ છે એટલે તડવી તોડબાજ છે.આ પોસ્ટ બાદ વધુ એક વિવાદાસ્પદ પોસ્ટ કરતા શાહનવાઝે લખ્યું કે, હજરતઅલીનો એક કૌલ છે, જે કોમ જુલ્મ સામે અવાજ નથી ઉઠાવતી તે કોમ માત્ર લાશો ઉઠાવે છે.

આ અંગે શાહનવાઝે મીડિયા સાથેની વાતચીત દરમિયાન તડવી પર આક્ષેપ કરતા કહ્યું કે રમેશ તડવી મધ્ય ઝોનમાં પાથરણાવાળા અને લારી ગલ્લા વાળા પાસેથી રૂ.૨૦૦૦થી લઈ રૂ.૧૫૦૦૦ની લાંચ માંગે છે. તેઓએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે કોર્પોરેશનના ગોડાઉનમાં અત્યારે પણ કેટલોક સામાન ગાયબ છે આ સામાન ક્યાં છે? તેનો જવાબ આપે. કોર્પોરેટર શાહનવાઝે આ મામલે મ્યુનિસિપલ કમિશનર પાસે વિજિલન્સ તપાસની માંગ કરી હતી. મધ્ય ઝોનના ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર રમેશ તડવી તોડબાજ હોવાને લઈ સૂત્રોચ્ચાર કર્યા હતા. બોર્ડ બેઠકમાં જતાં પહેલાં તડવી તોડબાજ હોવાના સૂત્રોચ્ચાર કર્યા હતા.

તો બીજી તરફ ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર રમેશ તડવીએ આક્ષેપને લઈને જણાવ્યું હતું કે એસ્ટેટ વિભાગે જમ કરેલા સામાનને છોડી દેવા શાહનવાઝે ભલામણ કરી હતી. ભદ્ર દરવાજા, પાનકોર નાકાનો જમ કરાયેલો સામાન છોડી દેવા ભલામણ કરી હતી. ભલામણનો અસ્વીકાર કરતા મારા પર આક્ષેપ કરવામાં આવ્યા છે.

# વિધાનસભા અધ્યક્ષની જાહેરાતઃ રાજ્યમાં 'શ્રેષ્ઠ ધારાસભ્ય'નો એવોર્ડ અપાશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષે ૨૦૧૯થી 'શ્રેષ્ઠ ધારાસભ્ય'નો એવોર્ડ આપવાની જાહેરાત કરી છે. જેના માટે પસંદગી સમિતિ અને પસંદગી માટે ધોરણો ઠરાવતા નિયમો પણ જાહેર કરવામાં આવશે. ધારાસભ્યોને તેમની ફરજો અને જવાબદારીઓ સારી રીતે નિભાવવાની પ્રેરણા મળે તે માટે આ એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

વર્ષ ૧૯૯૫થી સંસદના બન્ને ગૃહો એવા રાજ્યસભા અને લોકસભાના વર્તમાન સભ્યોને ઉત્કૃષ્ટ કામીગીર બદલ 'આઉટસ્ટેન્ડિગ પાર્લામેન્ટ્રીયન' એવોર્ડ આપવામાં આવે છે. તેમજ આસામ, રાજસ્થાન, કર્ણાટક, ઝારખંડ, ઉત્તરાખંડના વિધાનસભાના વર્તમાન સભ્યોને દર વર્ષે 'શ્રેષ્ઠ ધારાસભ્ય'નો એવોર્ડઆપવામાં આવે છે.

### ફક્ત ૨૨૩૦ યુવાનોને જ સરકારી નોકરી મળી

# રોજગારીના બણગાં ફૂંકતી સરકાર... ૨ વર્ષમાં અધધધ ૪.૫ લાખ બેરોજગારો નોંધાયા

ગાંધીનગર

આમ તો ચૂંટણીઓમાં અને ટીવી ડિબેટોમાં ગુજરાત સરકાર રોજગારીના મસમોટા બણગાં ફૂંકે છે. પણ હાલમાં ચાલી રહેલ વિધાનસભા ગૃહની કાર્યવાહીમાં એક બાદ એક ગુજરાત સરકારની પોલ ખૂલતી જાય છે. ગુજરાત વિધાનસભાના પ્રશ્નોતરીકાળમાં એક બાદ એક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. બજેટ સત્રના પ્રશ્નોતરીકાળ દરમિયાન બેરોજગારીનો સવાલ પુછવામાં આવ્યો હતો. જેમાં સરકારે સ્વીકાર કરતાં જણાવ્યું છે કે, ગુજરાતમાં બે વર્ષમાં અંદાજે ૪.૫ લાખ કરતાં પણ વધારે બેરોજગાર લોકો નોંધાયા છે. પણ તેની સામે ફક્ત ૨૨૩૦ યુવાનોને જ સરકારી નોકરી મળી હતી.

સરકારી નોકરીનો મુદ્દો વિધાનસભા ગૃહમાં ગુંજ્યો હતો. જેમાં જાણવા મળ્યું કે, ગુજરાતના યુવાનોને સરકારી નોકરી મળવાનું પ્રમાણ નહિવત છે. સરકારે ગૃહમાં આપેલી માહિતીમાં આ ખુલાસો થયો હતો. ગુજરાતમાં છેલ્લા ૨ વર્ષમાં ૪,૫૮,૦૯૬ બેરોજગારો નોંધાયા હતા. તો છેલ્લા ૨ વર્ષમાં ૪,૩૪,૬૬૩ શિક્ષિત બેરોજગારો નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨ વર્ષમાં ૨૩,૪૩૩ અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયા છે. જ્યારે તેની સામે છેલ્લા ૨ વર્ષમાં માત્ર ૨૨૩૦ યુવાનોને જ સરકારી નોકરી મળી છે. તો રાજ્યમાં ૭,૩૨,૧૩૯ યુવાનો ખાનગી નોકરીમાં જોડાયા છે. આ આંકડાઓનો મતલબ એ થયો કે છેલ્લા બે વર્ષમાં માત્ર ૦.૩૦ ટકા બેરોજગારોને જ સરકારી નોકરી મળી છે. જ્યારે અન્ય ૯૯.૬૯ ટકાને ખાનગી નોકરી કરવી પડે છે. તેમાં પણ આશ્ચર્યની વાત તો એ છે કે, રાજ્યના ૧૪ જિલ્લામાંથી એકપણ બેરોજગારને સરકારી નોકરી મળી નથી. આ અંગે કોંગ્રેસે સરકાર પર આક્ષેપ કર્યો કે, આ આંકડાઓ વર્ષે એક લાખને સરકારી નોકરી આપવાના સરકારના દાવાની પોલ ખોલે છે.

### *રમશે ગુજરાત..?!! રાજ્યની ૪૬૧૨ સરકારી શાળાઓમાં રમત-ગમતના મેદાન નહિ*

***રાજ્ય સરકાર દ્વારા 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ના નારા હેઠળ ખેલ મહાકૂંભનું આયોજન કરે છે. જેથી દરેક શાળાના બાળકોને ખેલકૂદમાં માહેર બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. કોંગ્રેસના ધારાસભ્યો તરફથી વિધાનસભામાં આ અંગે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. જેના જવાબમાં રાજ્ય સરકારે જણાવ્યું હતું કે, ૨૦૧૭માં ૭૨૦૯ સરકારી પ્રાથમિક શાળાઓમાં મેદાનો ન હતાં, જેની સરખાણીએ ૨૦૧૯માં ૨૫૯૭ શાળાઓ હવે મેદાન ધરાવે છે. જ્યારે ૪૬૧૨ સરકારી પ્રાથમિક શાળાઓ હજી પણ મેદાન વગરની છે.***

# લોપામુદ્રા-નિત્યનંદિતાના વકીલાતનામામાં યુવતીઓની સહી કેમ નથી, સ્પષ્ટતા કરોઃ હાઈકોર્ટ

અમદાવાદ

હાઈકોર્ટે લોપામુદ્રા અને નિત્યનંદિતાના વકીલના વકીલાતમાં બંને યુવતીઓની સહીં ન હોવાથી હાઈકોર્ટે બંને વકીલોને સપષ્ટતા કરવાનો આદેશ કર્યો હતો. સુપ્રિમ કોર્ટના ક્યાં આદેશ અથવા કાયદાકીય રીતે અસીલની વકીલાતનામાં સહીં વગર વકીલ સુનાવણી કરી શકે તેની સપષ્ટતા કરવાનો આદેશ કર્યો હતો. અગાઉ આ હેબિયસ કોર્પસ રિટ જસ્ટીસ એસ.આર. બ્રહ્મભટ્ટ અને એ.પી. ઠાકરની ડિવિઝન બેન્ચ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જસ્ટીસ એસ.આર બ્રહ્મભટ્ટની જગ્યાએ હવે આ કેસની સુનાવણી જસ્ટિસ બેલા ત્રિવેદીની અધ્યક્ષતાવાળી ડિવિઝન બેન્ચ સમક્ષ થતાં કેસને ફરીવાર સાંભળવામાં આવશે.

અગાઉ જસ્ટીસ બ્રહ્મભટ્ટની કોર્ટમાં પિતા જનાર્દન શર્મા તરફે રજૂ કરેલા સોગંદનામામાં દલીલ કરવામાં આવી હતી કે, બંને દીકરીઓએ સ્વેચ્છાએ સોગંદનામું રજૂ કર્યું છે કે કેમ આ અંગેની ચકાસણી માટે વિદેશ મંત્રાલય જમાઈકામાં આવેલા ભારતીય હાઈ કમિશ્નર પાસેથી આ સીસીટીવી ફૂટેજ રજૂ કરવામાં આવ્યાં હતા. બંને દિકરીઓ દ્વારા ભારતીય એમબ્સી દ્વારા ચકાસેલા સોંગદનામાની સ્વૈચ્છિકતા સામે પિતા જર્નાધન શર્માના વકીલ દ્વારા વાંધો ઉઠાવ્યો હતો. હાઈકોર્ટે અરજદારના વકીલને ભારતીય એમ્બસી દ્વારા ચકાસેલા સોંગદનામાનો સ્વીકાર શા માટે ન કરવો જોઈએ એ મુદ્દે કોર્ટને જણાવે તેવો અવલોક કર્યો હતો.અરજદાર - પિતા જર્નાધન શર્મા તરફે વકીલ યતિન ઓઝાએ દલીલ કરી હતી કે, બંને દિકરીઓ દ્વારા જે સોંગદનામાં રજુ કરવામાં આવ્યા છે તે બળ-જબરીપૂર્વક કરાવવામાં આવ્યા નથી તે સાબિત થતું નથી.

# રાજકોટ કલેક્ટરે બાળકીની મુલાકાત લીધી નવજાત બાળકી પર છરીના ઘા નહીં, કૂતરાએ જ બચકા ભર્યા : એફએસએલ રિપોર્ટ

રાજકોટ

ઠેબસડા ગામની સીમમાંથી નવજાત બાળકીની સારવાર સિવિલ હોસ્પિટલમાં ચાલી રહી છે. કલેક્ટર રેમ્યા મોહન બાળકીની મુલાકાત લીધી હતી અને તબીબો સાથે બાળકીના આરોગ્ય અંગે ચર્ચા કરી હતી. માનવતાના ધોરણે બાળકીની મુલાકાત લીધી હોવાનું અને જરૂર પડ્યે વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવાની ખાત્રી પણ આપી હતી.

રાજકોટ-ભાવનગર હાઈવે ઉપર ઠેબચડા ગામની સીમમાં એક કૂતરું મોઢામાં માસુમ બાળકીને લઈને જતું નજરે પડતા જાગૃત નાગરિકે તે બાળકીને બચાવી સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડી હતી અને ત્યાં તેને કે.ટી. ચિલ્ડ્રન વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. આ બાળકીને પ્રથમ કોઈ તીક્ષ્ણ હથિયારના ઘા માર્યા હોવાની પોલીસે શંકા દર્શાવી હતી પરંતુ બાદમાં બાળકીને શરીરના ભાગે જે ઈજાના નિશાન હતા તે કૂતરાએ જ બચકા ભર્યા હોવાનો એફએસએલમાં રિપોર્ટ આવ્યો હતો. આજીડેમ પોલીસે બાળકીને અસુરક્ષિત રીતે ત્યજી દઈ નાસી છૂટેલી અજાણી વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી શોધખોળ હાથ ધરી છે.

# જળસંકટ...૩૦ માર્ચ સુધીમાં આજી-૧ અને ૩૦ એપ્રિલ આસપાસ ન્યારી ડેમ ડૂકી જશે..!!

રાજકોટ

રાજકોટ શહેરને દરરોજ પાણી વિતરણ માટે ૩૦૦ એમએલડી પાણીની જરૂર છે. આ પાણીનો જથ્થો આજી ડેમ, ન્યારી ડેમ અને ભાદર ડેમમાંથી ઉપાડવામાં આવે છે. આગામી ૩૦ માર્ચ સુધીમાં આજી-૧ ડેમ અને ૩૦ એપ્રિલ આસપાસ ન્યારી ડેમ ડૂકી જવાની તૈયારીમાં છે. જેના પગલે મહાનગરપાલિકાએ રાજ્ય સરકારને સૌની યોજનાથી પાણી આપવા પત્ર લખ્યો છે, પરંતુ હજુ સુધી સરકારમાંથી કોઈ પ્રત્યુત્તર આવ્યો નથી. જેના પગલે કમિશનરે પાણીની સમીક્ષા બેઠક બોલાવી છે અને ઉનાળાને ધ્યાને લઈ પાણી વિતરણનું સમયપત્રક તૈયાર કરવા અધિકારીઓને સૂચના આપી છે. ૧૫ માર્ચ પહેલા આજી ડેમમાં સૌની યોજનાનું પાણી નહીં મળે તો સૌની ચિંતામાં વધારો થશે.

રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરું પાડતા આજી ડેમમાંથી હાલ દૈનિક ૧૨ કરોડ લિટર (૧૨૦ એમએલડી-૫ એમસીએફટી) પાણીનો જથ્થો ઉપાડવામાં આવે છે. આજી ડેમમાંથી હજુ ૧૫૦થી ૧૬૦ એમસીએફટી પાણીનો જથ્થો ઉપાડી શકાય તેમ છે. તે જોતા આગામી ૩૦ માર્ચ સુધીમાં આજી ડેમ ડૂકી જશે. જેના પગલે મનપાએ ૨૦ દિવસ પહેલા જ રાજ્ય સરકારને સૌની યોજના હેઠળ આજી ૧ ડેમમાં ૧૫ માર્ચ પહેલા પાણી આપવા પત્ર લખી નાખ્યો છે, પરંતુ હજુ સુધી સિંચાઈ વિભાગમાંથી કોઈ જવાબ આવ્યો નથી.

# વડોદરાના ઉદ્યોગોના વેરાની બાકી રકમ અધધ...૬,૮૯૭ કરોડ

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન કરજણના ધારાસભ્ય અક્ષયકુમાર પટેલ દ્વારા વડોદરા શહેરના ઔધોગિક એકમોના બાકી વેરા અંગે પુછાયેલા પ્રશ્નના જવાબમાં નાણા પ્રધાન નિતીનભાઈ પટેલે જવાબ રજૂ કર્યો હતો કે, વડોદરામાં ૮,૭૩૦ ઉધોગકારો પાસેથી સેલ્સ ટેક્સ, વેટ, અને જી.એસ.ટી. જેવા વેરાઓની કુલ બાકી લેણા રૂ.૬,૮૯૭ કરોડ અને રૂ.૬૭ લાખ લેવાના બાકી નીકળે છે. આ લેણા વિવિધ સત્તાધિકારીઓ દ્વારા આપવામાં આવેલા બાકી હુકમ સિવાયના છે. આ ઉધોગકારો પાસેથી સરકાર વિવિધ કાયદા અન્વયે પગલાં લઈ રહી છે, તો બાકી વેરા વસુલાતની કવાયત પણ ચાલુ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત જેવા ઔધોગિક રાજ્યના મોટાભાગની આવક ઉદ્યોગો પરના કર દ્વારા જ પ્રાપ્ત થાય છે, જો કર ભરવામાં આવી ઢીલાશ રાખવામાં આવે કે, પછી કરચોરીની વૃત્તિઓ વધે તો રાજ્યની આવકમાં ઘટાડો થતા વિકાસના કામો પર બ્રેક લાગી શકે છે, તો આ જ આવક થી જે સરકાર માળખાકીય સુવિધાઓ લોકો માટે ઉભી કરે છે, તેમાં પણ બ્રેક વાગશે.

### ટ્રેનમાં સામાનની ચોરી કે લૂંટફાટ થાય તો મોબાઈલ એપનું બટન દબાવતા જ મદદ મળશે

# રેલવે પોલીસે તૈયાર કરી 'સુરક્ષિત સફર' મોબાઈલ એપ, પ્રદીપસિંહ જાડેજા લોન્ચ કરશે

અમદાવાદ

રેલવેમાં મુસાફરી કરતાં મુસાફરોને ચાલુ ટ્રેનમાં લૂંટ, ધાડ, ચોરી, છેતરપિંડી, અપહરણ કે અકસ્માત વખતે કોને જાણ કરવી? ફરિયાદ ક્યાં આપવી? ખોવાયેલું બાળક મળી આવે તો શું કરવું? શંકાસ્પદ વસ્તુ, ડ્રગ્સ, દારૂ હેરાફેરી, જેવી પ્રવૃત્તિ બાબતે કોને જાણ કરવી? શારીરિક દુર્વ્યવહાર,છેડતી કે રોમિયોગીરીના બનાવ વખતે મદદ મેળવવા તાત્કાલિક કોનો સંપર્ક કરવો? કમ્પાર્ટમેન્ટમાં અનઅધિકૃત વ્યક્તિઓનો પ્રવેશ થાય તો કોને ફરિયાદ કરવી? રેલવેમાં મુસાફરી દરમ્યાન અચાનક મદદની જરૂર પડે તો શું કરવું? વગેરે બાબતોને ધ્યાનમાં રાખી 'સુરક્ષિત સફર' નામની મોબાઈલ એપ ગુજરાત રેલવે પોલીસે તૈયાર કરી છે. ઈમરજન્સીમાં આ એપમાં પેનિક નામનું એક માત્ર બટન દબાવતા જ તમે પોલીસની મદદ મેળવી શકશો. રાજ્યના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા આજે આ એપ્લિકેશન લોન્ચ કરશે. આ એપ્લિકેશન તૈયાર કરવા પાછળ અંદાજીત રૂ. ૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

સિનિયર સિટીઝનો માટે ખાસ તેમાં ટ્રેક માય રૂટની સુવિધા આપવામાં આવી છે. સિનિયર સિટીઝન જ્યારે એકલા ટ્રેનમાં મુસાફરી કરતા હોય ત્યારે ટ્રેક માય રૂટ પર તેમની માહિતી આપશે એટલે પોલીસ સતત સિનિયર સિટીઝનોનું ધ્યાન રાખશે. એક બટન દબાવશે એટલે તરત પોલીસ તેમની મદદ કરશે.

સુરક્ષિત સફર એપ દ્વારા મુસાફરોને ૨૪ કલાક મદદ મળી રહે તે માટે ત્રણ એડમિન પેનલ બનાવવામાં આવી છે. જેમાં પશ્ચિમ રેલવે અમદાવાદ અને વડોદરા જિલ્લા કન્ટ્રોલ ખાતે તથા એક એડમિન પેનલ નાયબ પોલીસ મહાનિરીક્ષક, રેલ્વેઝ કન્ટ્રોલ ખાતે કાર્યરત રહેશે. આ પોલીસ કર્મીઓ ૨૪ કલાક આ એપ્લિકેશનનું મોનિટરિંગ કરશે અને મુસાફરોની ફરીયાદ સમયે ટ્રેન પેટ્રોલિંગના માણસોને સુચના આપશે.

# પિતાએ પરંપરા તોડી... લગ્નમાં ઘોડાવાળી બગીમાં દીકરીઓનો વરઘોડો નીકળ્યો

વડોદરા

ડેસર તાલુકાના સાઢાસાલ ગામના માજી સરપંચ ખોડસિંહ સામંતસિંહ ગોહિલને ત્યાં દીકરીઓના લગ્ન ધૂમધામથી કરવામાં આવ્યાં હતાં. જેમાં મોટી સંખ્યામાં મહેમાનો લગ્ન મ્હાલવા ઉમટી પડ્યા હતા. બે કિલોમીટર દૂરથી માર્ગની આસપાસ ડેકોરેશન કરી બે ઘોડાવાળી બે બગીઓ અને ડીજેના તાલે ઝુમતા પરિવારે ટીમલી રમવા છોટાઉદેપુરના કવાંટથી ખૈલેયાને બોલાવી પોતાની બે વ્હાલ સોયી દીકરીઓ અંજલિ અને ધર્મિષ્ઠાના વાજતે ગાજતે સાઢાસાલના માર્ગો ઉપર વરઘોડા કાઢવામાં આવ્યા હતાં.

દીકરીઓના વરઘોડા નીકળ્યા છે તેવી વાતો વાયુવેગે પ્રસરતા સાઢાસાલના બજારોમાં કુતૂહલ સર્જાયું હતું. લોકોના ટોળા દીકરીઓના વરઘોડા જોવા માટે રસ્તા પર ઉમટી પડ્યાં હતાં.અંજલીના લગ્ન રણછોડપુરા નિવાસી પરેશ સાથે જ્યારે ધર્મિષ્ઠાના લગ્ન સાંકરદા નિવાસી મિતેશ સાથે હિન્દૂ રીત રિવાજ મુજબ ગુરૂવારે ૨૭મી ફેબ્રુઆરી સાંજે કરાયા

હતાં.ખોડસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, મારી બન્ને દીકરીઓની પહેલેથી જ ઈચ્છા હતી કે અમારા લગ્નમાં વરઘોડા કાઢવાના છે તેઓની ઈચ્છા આગળ હું તો કંઈ જ નથી મારી દીકરીઓ જેમાં ખુશ તેમાં હું ખુશ.



૨૯ ફેબ્રુઆરીએ ભારત રત્ન તથા પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવશે. અડાજણ ખાતે આવેલા મોરારજી દેસાઈ ગાર્ડનમાં મોરારજી દેસાઈની કાંસ્ય પ્રતિમાને સ્વચ્છ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

## ભારત રત્ન મોરારજી દેસાઈ જન્મ જયંતી ઉજવાશે

સુરત

દક્ષિણ ગુજરાતના સપૂત વીર સ્વાતંત્ર્ય સેનાની અને ભારત રત્ન એવા દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈની જન્મજયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૨/૨૦૨૦ને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ડુમસ-ચોપાટી, ડુમસ, સુરત ખાતે આવેલ શ્રી મોરારજીભાઈ દેસાઈ પ્રતિમાને સુતરાંજલિ સહ વિંદના કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જુના મુંબઈ રાજયના મુખ્યપ્રધાન અને ત્યારબાદ દેશના વડાપ્રધાન બનેલા એવા ગાંધીવાદી વિચાર ધારાના પથદર્શ, નૈતિક મૂલ્યોને વરેલા, તંદુરસ્ત, સિદ્ધાંતવાદી તેમજ પ્રેરણાદાયી એવા શ્રી મોરારજીભાઈ દેસાઈને સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમમાં સહભાગી થવા ડુમસચોપાટી ખાતે સમયસર ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ છે.

# બાળકીનો મૃતદેહ ગુમ થવા અંગે ડીંડોલી સ્મશાન ભૂમિમાં કબરો ખોદી તપાસ

### મેજીસ્ટ્રેટની હાજરીમાં ખોદેલી કબરોમાંથી અન્ય મૃતકોના મૃતદેહો મળ્યા

સુરત

ડીંડોલી વિસ્તારમાં આવેલા બાળકોના સ્મશાનમાંથી બે માસની મૃત બાળકીનો મૃતદેહ ચોરાયો હોવાની ફરિયાદના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. બે માસ અગાઉ જ્યાં બાળકીનો મૃતદેહ દફનાવવામાં આવ્યો હતો ત્યાં મેજીસ્ટ્રેટ અને પોલીસની હાજરીમાં ખોદકામ કરવામાં આવ્યું હતું. જો કે, બાળકીનો મૃતદેહ જ્યાં દફનાવાયો હતો ત્યાંથી અન્યનો મૃતદેહ મળી આવતાં ત્રણ કબર ખોદવામાં આવી હતી તેમ છતાં મૃતદેહ મળ્યો નહોતો.

બે મહિના પહેલા મૃત્યુ બે મહિનાની બાળકીનું મોત થયું હતું. જે બાદ પરિવાર બાળકીને સ્મશાનમાં દફન કરવા ગયું હતું. પરિવાર હિન્દૂ વિધિ પ્રમાણે કબર પર વિધિ કરવા ગયું હતું.સફેદ કલરના કપડામાં વિટાળી દફન કરાયેલી બાળકીનું સફેદ કપડું કબર બહાર જોઈ પરિવાર આશ્ચર્યમાં પડી ગયું હતું. બાદમાં કોર્ટની પરવાનગી બાદ જજ સાહેબ અને પોલીસ અધિકારીઓની હાજરીમાં ગઈકાલે ગુરૂવારની બપોરે એક નહિ પણ ત્રણ કબર ખોદી નાખી હતી. તેમ છતાં પણ મૃત બાળકીનો મૃતદેહ મળ્યો નહોતો.ડિંડોલીની સ્મશાન ભૂમિમાંથી બે માસની મૃત બાળકીનો દફન કરેલો મૃતદેહ ગુમ થવાના મુદ્દે ભારે હોબાળો મચી ગયો હતો.

# એવન ફેશન પેઢીના માલિકો દ્વારા રૂા.૪૫.૧૨ લાખની ઠગાઈ કરાઈ

### વેપારીએ પેમેન્ટની ઉઘરાણી કરતા ધમકી આપી

સુરત

રિંગરોડ રાધા ક્રિષ્ણા ટેક્ટાઈલ માર્કેટમાં એ વન ફેશનના નામે વેપાર કરનારાએ આડતિયા પાસેથી રૂપિયા ૪૫,૧૨,૯૩ની કિંમતનો ગ્રે કાપડનો જથ્થો ખરીદી પેમેન્ટની ચૂકવણી કરવાના બદલે જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો બનાવ સ્થાનિક પોલીસ દફ્તરે નોંધાયો હતો.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ભટાર રોડ ચૈતન્ય પાર્કમાં રહેતા આડડિયા ભૂપેન્દ્ર અગ્રવાલે આરોપી રાજેશ ઉર્ફે રાજુ રાઠી, ગોપાલ ચાંડક, પુખરાજ ચૌધરી (એ વન ફેશન, રાધાક્રિષ્ણા માર્કેટ, રિંગરોડ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી પાસેથી શરૂઆતમાં માલ ખરીદી કરી સમયસર પેમેન્ટ ચૂકવતા હતા. ત્યારબાદ આરોપીઓએ કુલ રૂા.૪૫,૧૨,૪૯૩ની કિંમતનો ગ્રે કાપડનો જથ્થો બાકીમા ખરીદ્યો હતો. આ માલના પેમેન્ટની ઉઘરાણી ફરિયાદીએ કરતા આરોપીઓએ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી પોસઈ પી.બી. મેસવાણીયાએ તપાસ હાથ ધરી છે.

## મૃત્યુ બાદ દેહદાન કરવા વધુ ૧૪ લોકો દ્વારા કરાયેલો સંકલ્પ

સુરત

ડો. પ્રફુલ્લભાઈ શિરોયા અને લોકપ્ટિ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત દેહદાનનાં ભગીરથ કાર્યને લોકોનો સારો પ્રતિસાદ મળી રહયો છે. મૃત્યુ બાદ અતિ કિંમતી માનવ દેહને લોકો અંધવિશ્વાસથી ભરેલી નકામી વિધીઓમાંથી છોડાવી લોક ઉપયોગી દેહદાન તેમજ ચક્ષુદાન કરીને બીજા માનવીનાં શરીરમાં અમર રહેવા આગળ વધી રહયા છે આ નેક કાર્યમાં મધુભાઈ રામભાઈ કાકડીયા નું સારૂએવુ યોગદાન છે. તેમણે લોકોને દેહદાન વિશે આપેલી સમજણ અને ઉપયોગીતાને લીધે વધુ ૧૪ વ્યકિતઓએ દેહદાન જાહેર કરેલ છે. જેમાં (૧) નનુભાઈ નારણભાઈ રામોલીયા – ૬૮, (૨) પ્રવિણભાઈ ઉકાભાઈ ઘીનૈયા – ૫૭ ,(૩) રમીલાબેન પ્રવિણભાઈ ઘીનૈયા – ૫૪, (૪) કાન્તાબેન શામજીભાઈ રામાણી – ૭૩, (૫) કિશોરભાઈ રવજીભાઈ નળિયાપરા – ૫૦, (૬) મનસુખભાઈ ગોરધનભાઈ જીવાણી – ૭૧ ,(૭) જસવંતિબેન મનસુખભાઈ જીવાણી – ૬૮, (૮) નરહરિભાઈ ચુનીલાલ ઠાકર – ૮૪ ,(૯) સુરેશભાઈ પી. શાહ – ૮૨, (૧૦) કાન્તીભાઈ લલ્લુભાઈ પટેલ – ૭૧, (૧૧) છગનભાઈ પ્રેમજીભાઈ બાબરીયા – ૫ (૧૨) ચંપાબેન છગનભાઈ બાબરીયા – ૩ (૧૩) લલીતભાઈ છગનભાઈ બાબરીયા – ૩૫ (૧૪) સોનલબેન લલીતભાઈ બાબરીયા – ૩૩નો સમાવેશ થાય છે.

# સુરતમાં ડાંગની ઓર્ગેનિક ખેલ ઉત્પાદીત ચીજ વસ્તુઓનું પ્રદર્શન તથા વેચાણ

### નાગલી, લાલકડા, કાળા ચોખા પૌષ્ટિક તત્વોથી ભરપુર ધાન્યપાકો ઉપલબ્ધ છે

સુરત

ખાવા પીવાના શોખીન સૂરતીઓ માટે સૂરતના આંગણે ડાંગ અને વલસાડના ડુંગરાળ પ્રદેશોમાં ઉત્પાદિત થતા નાગલી, કાજુ, હળદર સહિતના વિવિધ ઓર્ગોનિક ધાન્ય પાકો ખરીદવાની સુવર્ણતક સાપડી છે.

અઠવાલાઈન્સ વનિતા વિશ્રામ મેદાન ખાતે ડાંગ જિલ્લામાં ઉત્પાદિત થયેલી ઓર્ગેનિક વસ્તુઓનો વેચાણ મેળો યોજાયો છે. જેમાં ખેત પેદાશો જેવી કે દેશી ડાંગર આંબામોર, લાલકડા, દૂધમલાઇ, ચીમનસાળ, કાંજણહરે, દેશી કોલમ, મહીસાગર કોલમ, લાલ-સફેદ નાગલી, દેશી અડદ દાળ, દેશી તુવર દાળ, વરઇ, મગફળી, સોયાબીન ખરસાણી વેચાણ માટે મુકવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લાને ઓર્ગેનિક ખેતી તરીકે જાહેર કર્યો છે. ખેડુતોને રાજય સરકાર દ્વારા વિનામૂલ્યે ઓર્ગેનિક ખાતર અને લીકવીડ પુરૂ પાડવામાં આવે છે. ઓર્ગેનિક નાગલીના રોટલા, અડદની દાળ ખાવાનો અવસર સુરતીઓને ત્રણ દિવસ ઘરઆંગણે મળશે.

વનિતા વિશ્રામ મેદાન ખાતે ડાંગના ૨૬ જેટલી ઓર્ગેનિક ખેતની રજીસ્ટર મંડળીઓ ભાગ લઈ રહી છે.

વાંસદા લોકસેવા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ખારેસાના જણાવ્યા અનુસાર ટ્રાયબલ અને ખેતીવાડી વિભાગ દ્વારા ૨૬ જેટલી મંડળીઓને તક આપવામાં આવી છે. આ મંડળીને તક આપવામાં આવી છે. આ મંડળીને ખેડુતો પાસેથી ધાન્ય ખરીદીને માલને બજારમાં મૂકે છે.

હનવતચોંડ મંડળીના શ્રી ચંદરભાઈના જણાવ્યાનુસાર ધાન્ય ખેડુતો પાસેથી ખરીદીને તે ઓર્ગેનિક છે તેની લેબોરેટરીમાં ચકાસણી થયા બાદ જ વેચાણમાં મૂકવામાં આવે છે. રાજય સરકાર દ્વારા ખેડુતો માટે જે બજાર પુરુ પાડવામાં આવ્યું છે તેનાથી આદિવાસીક્ષેત્રમાં આર્થિક ઉપાર્જનના દ્વાર ખુલ્યા છે.

**નાગલીઃ-** મેળામાં અનેક ધાન્ય પાકો પૈકી લાલ-સફેદ નાગલી પણ વેચાણ માટે મૂકવામાં આવી છે. નાગલીએ પોષકતત્વોથી ભરપુર તૃણ ધાન્ય પાક છે. શરીર માટે ખૂબ જ આવશ્યક એવા પોષક તત્ત્વોથી ભરપૂર એવી નાગલી ઘર આંગણે ખરીદવાની શહેરીજનોને તક સાપડી છે. નાગલી અને તેની વિવિધ બનાવટોની માંગ આજે દુનિયાના બજારોમાં વધી રહી છે. નાગલીમાં કેલ્શિયમ, લોહતત્ત્વ, પ્રોટીન, રેસા તથા અન્ય ક્ષારોનું પ્રમાણ ભરપૂર માત્રામાં હોવાથી ડાયાબીટીસ અને 'હદયરોગના દર્દીઓને લાભદાયક છે. નાગલીમાંથી બિસ્કીટ, નાન ખટાઈ, બિસ્કીટ, પાપડ જેવી જુદી જુદી મૂલ્યવર્ધન વાનગીઓ વેચાણ અર્થે મૂકવામાં આવી છે.

**લાલકડાના ચોખાઃ-** આ મેળામાં મુખ્ય આકર્ષણ લાલકડાના ચોખા રહ્યાં હતા. આ ચોખાને દેશી પધ્ધતિથી ખાંડી તૈયાર કરવામાં આવ્યા છે જેથી તેમના તમામ પોષક તત્વો જળવાઈ રહે અને કુદરતી રીતે કાર્બોહાઈડ્રેટ, મિનરલ, વિટામીન્સ મળી રહે છે. લાલ ચોખા રાંધતી વખતે સફેદ ચોખાની સરખામણીએ વધારે સમય લે છે પરંતુ ખાવામાં સ્વાદિષ્ટ લાગે છે. ફાયબર, વિટામીન બી-૧, બી-૨, બી-૬, આયર્ન અને કેલ્શિયમ ભરપુર પ્રમાણમાં મળી રહે છે. તે એન્ટીઓક્સિડન્ટસ અને મેગ્નેશિયમથી સમૃધ્ધ છે. જે અનેક રોગોને મટાડવા અને રોકવામાં મદદ કરે છે. લાલ ચોખા હદય રોગ અટકાવવા, ચરબી રહિત તેમજ ફાઈબર/રેસાનો ભરપુર સ્ત્રોત છે. હાડકાના સ્વાસ્થ્ય, અસ્થમા સામે લડવામાં મદદરૂપ, લોહ તત્વોનો સ્ત્રોત, સ્થુળતાના જોખમ ઘટાડે છે અને ડાયાબીટીસને કાબુમાં રાખે છે. આ સિવાય હેલ્થગુરુઓ તેમજ ફિટનેસ જાળવનાર લોકોને ખુબ જ પ્રિય હોય છે કેમ કે તેમાં ફાયબર વધુ હોવાથી તે વજન ઓછુ કરવામાં મદદરૂપ બને છે.

**કાળા ચોખામાં ભરપુર માત્રમાં એન્ટીઓક્સીડન્ટ** - આ મેળામાં અનાજ કઠોળના સ્ટોલ ધરાવતા સહ્યાદ્રી ઓર્ગેનિક નામની સંસ્થા ચલાવતા સુરેશભાઈ ઘાવી જણાવે છે કે, અમારી સહ્યાદ્રી ઓર્ગેનિક સંસ્થા સાથે ૨૦૦૦ જેટલા ખેડૂતો જોડાયેલા છે. જેઓ વાંસદા તથા વઘઈમાં સજીવ ખેતી કરે છે. ખેડૂતોને સજીવ ખેતી માટે અમે સંપૂર્ણ માર્ગદર્શન પૂરૂ પાડીએ છીએ. તેમની સાથે ઓર્ગેનિક પદ્ધતિ દ્વારા પાકનું ઉત્પાદન કરવા માટે કરાર કરીએ છે, અને તે માટે બિયારણ તથા ખાતર સંસ્થા તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવે છે.સ્ટોલ પર તેઓ પોષક તત્વોથી ભરપુર વિવિધ જાતના ચોખા તથા નાગલી, મોરૈયો ઈત્યાદી વસ્તુઓનું વેચાણ કરે છે. જેમાં ચોખાની એક પ્રજાતિ કાળા ચોખા અન્ય ચોખા કરતા વધુ સુગંધિત, પૌષ્ટિક અને ઓછી કેલેરી ધરાવે છે. તેમાં ભરપુર માત્રામાં રહેલા એન્ટીઓક્સિડન્ટ શરીરના ઝેરને બહાર કાઢે છે, અને વજન ઘટાડવા, ડાયાબિટીઝ, લીવર કેન્સર અને હૃદયરોગ માટે ફાયદાકારક છે. શરીરમાં થાક તથા નબળાઈનો અનુભવ થતો હોય તેમના માટે કાળા ચોખા ખુબ ફાયદાકારક નીવડે છે. આ ઉપરાંત, ટૂંકા કદના આંબેમહોર ચોખા સુંદર સુગંધ માટે લોકપ્રિય છે. આંબેમહોર ચોખા ખાસ કરીને રાજ્યમાં એક હજાર વર્ષ જુના પરંપરાગત ચોખા તરીકે પ્રખ્યાત છે. જે ખાવામાં મીઠા છે અને ખીર, ખીચડી તથા નિયમિત ભાત તરીકે ઉપયોગમાં લેવાય છે.

**બાળકો સગર્ભા માતાઓ માટે પૌષ્ટિક એવા દુધ મલાઈ ચોખાઃ**મેળામાં દૂધમલાઈ નામના ચોખા બધાનુ ધ્યાન આકર્ષિત કર્યું હતું. જેમાં તમામ પોષકતત્વો જળવાઈ રહે છે. જેનો ખાવામાં ઉપયોગ કરવાથી ભરપૂર માત્રામાં કુદરતી કાર્બોહાઈડ્રેટ, મિનરલ્સ, વિટામીન, લભ્ય સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. જેના સેવનથી બાળકો, સગર્ભા મહિલા, વૃદ્ધો, તમામને કુદરતી પોષણ મળી રહે છે.

આ ચોખાની ખેતી કરતાં ખેડૂત મહેશભાઈ કાહડોળીયાએ જણાવ્યું કે, દૂધમલાઈ ચોખા ખાવામાં અંત્યત સ્વાદિષ્ટ તેમજ દૂધમલાઈ જેવી સુગંધ આપે છે. તેની ખીચડી અને ખીર બનાવી શકાય છે. આ ચોખાને ધોયા વગર ઉપયોગમાં લઈ શકાય છે.

# સુબિરમાં ઘરેલુ હિંસા વિષયે એક દિવસીય સેમિનાર યોજાયો

### મહિલાઓમાં જાગૃતિ કેળવવા માર્ગદર્શન અપાયું

આહવા

ડાંગ જિલ્લાના સુબીર તાલુકા મથકે તા.૨૬/૦૨/૨૦૨૦ ના રોજ મહિલા અને બાળ અધિકારીની કચેરી આહવા દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન અંગે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજના સમયે ઘણી મહિલાઓ ઘરેલુ હિંસાનો ભોગ બને છે. આથી મહિલાઓને આવી ઘરેલુ હિંસાથી રક્ષણ મળે તે હેતુસર આ કાયદો અમલમાં આવેલ છે. જે કાયદાથી ઘણાં લોકો અજાણ રહે છ. જે બાબતે મહિલાઓ જાગૃત થાય એ હેતુસર ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ સેમીનારમાં દહેજ પ્રતિબંધક અધિકારી, આહવા, સમાજ સુરક્ષા અધિકારી, આહવા, મામલતદાર સુબીર, સીડીપીઓ સુબીર દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન તેમજ ઉપરોક્ત કાયદા વિશે આંગણવાડી કાર્યકર્તા બહેનોને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ ડાંગ જિલ્લામાં મહિલાલક્ષી ચાલતા વિવિધ સેન્ટરો જેવા કે મહિલા શક્તિકેન્દ્ર આહવા દ્વારા ૧૦૦ ટકા સરકારી અને બિન સરકારી યોજનાઓનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. તેમજ મહિલાલક્ષી ચાલતા વિવિધ સેન્ટરો સાથે સંકલન કરી કામગીરી કરવામાં આવે છે.૧૮૧ અભયમની ટીમ દ્વારા હિંસા,છેડતી,હેરાનગતી જેવી મુસીબતોની સ્થિતિમાં ત્વરીત સહાય અને સુરક્ષા આપતી સરકારની યોજના વિશે જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર થકી મહિલાઓ માટે પોલીસ સ્ટેશનમાં સહાયતા કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે. જ્યા પીડીત મહિલાઓનો અને તેના પરિવારજનોનું આવશ્યકતા મુજબ કાઉન્સેલીગ કરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. તેમજ સખી વન સ્ટોપ સેન્ટરમાં જરૂરિયાતમંદ મહિલાઓને તમામ પ્રકારની સુવિધા એક સ્થળેથી વિનામૂલ્યે મળી રહે તેની વિસ્તૃત સમજ આપી હતી. આ ઉપરાંત બેટી બચાવો,બેટી પઢાવો અંતર્ગત શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ સેમીનારમાં સમાજ સુરક્ષા અધિકારીશ્રી જે. એમ. ચૌધરી, દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી એસ. ડી. સોરઠીયા, મામલતદાર સુબીર એસ. એમ. માહલા, સીડીપીઓ સુબીર ભાનુબેન પટેલ,ફિલ્ડ ઓફિસર શ્રી વિકેશ ચૌધરી,મહિલા શક્તિ કેન્દ્ર,પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર,સખી વન સ્ટોપ સેન્ટર,૧૮૧ અભયમ હેલ્પ લાઈનની ટીમ સહિત સુબીર આંગણવાડી કાર્યકર બહેનો મળી કુલ૧૩૮ જેટલા બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ૧૮૧ દ્વારા પરિવારનો માળો વિખેરાતા બચાવાયો

વલસાડ શહેરમાંથી ૧૮૧ને ફોન આવ્યો હતો કે તેમનો પતિ તેણીને રાખવા માગતો નથી અને મારઝૂડ કરે છે. કોલ મળતાંની સાથે ૧૮૧-અભયમ સ્થળ ઉપર પહોંચી જાણકારી મેળવી હતી. પીડીતા પીયરમાં હતી. ત્યારબાદ તે સાસરે ગઈ હતી. પીડિતા ત્રણ બાળકોની માતા છે. ત્રીજું બાળક ચાર માસનું છે. ત્રીજા બાળકની પ્રેગ્નન્સી દરમિયાન તેમના ગામના યુવક સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. જેની જાણ પતિને થતાં તેઓ વચ્ચે ઝગડો થયો હતો અને પરિવારનો માળો વિખેરાવાની તૈયારીમાં હતો. બન્ને પક્ષોનું કાઉન્સેલિંગ કરી કાયદાકીય માહિતી આપી બન્ને પક્ષે સમજાવ્યા બાદ પીડિતા ફરી આવી ભૂલ ન કરે તેવી શરતે પતિ દ્વારા અપનાવવા તૈયાર થયો હતો. આમ હર્યાભર્યા પરિવારને ૧૮૧ની ટીમ દ્વારા તૂટતાં બચાવી લેવાયો હતો.

## ધરમપુર ખાતે સીકલ સેલ એનીમીયા ફોલોઅપ કેમ્પ યોજાયો

સિકલ સેલ એનીમીયા કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા તાલુકા હેલ્થ કચેરી, ધરમપુર ખાતે સિકલ સેલના દર્દીઓ માટે સીકલ સેલ ફોલોઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં ધરમપુર તાલુકાના સિકલસેલના ૨૨૫ દર્દીઓને સ્ટેટ હોસ્પિટલ-ધરમપુરના પીડિયાટ્રીક, ઓર્થોપેડિક, ગાયનેકોલોજીસ્ટિ, ફીજીશીયન વિભાગના સ્પેશિયાલીસ્ટ વિભાગના મારફતે હેલ્થ- ચેકઅપ કરી જરૂરી સારવાર આપવામાં આવી હતી. રેડક્રોસ સોસાયટીના લેબ ટેકનીશીયનો દ્વારા તમામ દર્દીઓના લોહીના નમૂના લઈ કીડની, સુગર, લીવર, ફેરીટીનના રીપોર્ટ કરવામાં આવ્યા હતા. ઉક્ત દર્દીઓ પૈકી ત્રણ દર્દીઓને વધુ સારવારની જરૂરિયાત જણાતાં સિવિલ હોસ્પિટલ વલસાડ ખાતે રીફર કરાયા હતા. આ કાર્યક્રમમાં એપેડેમીક મેડીકલ ઓફિસર ડૉ.મનોજ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઈ પાડવી, તાલુકા વિકાસ અધિકારી, આર.એમ.ઓ. ડૉ.ભાગવત પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.નયન પટેલ સહિત દર્દીઓ હાજર રહયા હતા.

## તા.૨૯મીએ વલસાડ જિલ્લા આયોજન મંડળની બેઠક મળશે

વલસાડ જિલ્લા આયોજન મંડળની બેઠક જિલ્લા પ્રભારી તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી કિશોરભાઈ કાનાણીના અધ્યક્ષસ્થાને તા.૨૯/૨/૨૦ના રોજ સાંજે ૪-૦૦ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે મળશે. આ બેઠકમાં ૨૦૨૦-૨૧નું આયોજન મંજૂર કરવાની સાથે માહે જાન્યુઆરી-૨૦૨૦ અંતિત પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને હાજર રહેવા જિલ્લા આયોજન અધિકારી દ્વારા જણાવાયું છે.

# ૮ વર્ષ જૂની અદાવતમાં ચાર શખ્સોએ યુવકને છરીના ઘા ઝીંકી રહેંસી નાખ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરના રામોલ વિસ્તારમાં હત્યાના બનાવો છાશવારે બની રહ્યા છે. તેવામાં રાત્રે પણ એક હત્યાનો બનાવ બન્યો હતો. રામરાજ્ય નગરમાં રહેતા એક યુવક સામે અગાઉ આઠેક વર્ષ પહેલા એક ફરિયાદ નોંધાઈ હતી. જેનું સમાધાન પણ થઈ ગયું હતું. તેમ છતાં તેની અદાવત રાખી ચાર લોકોએ આ યુવકને બપોરે માર માર્યો અને ફરિયાદ ન કરવા દબાણ કર્યું હતું. પણ યુવક સિવિલમાં દાખલ થયો હોવાથી પોલીસ વર્ધિના આધારે ફરિયાદ થઈ હતી. જેથી ચાર લોકોએ રાત્રે આ યુવકને છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. રામરાજ્ય નગરમાં રહેતો દિપુ ખટિક છૂટક મજૂરી કામ કરે છે. તેની સામે આઠેક વર્ષ પહેલાં છોકરીની બાબતની ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદ બાદ થોડા સમયમાં જ ફરિયાદ પક્ષના લોકો સાથે સમાધાન પણ થયું હતું. પણ હજુ આ બાબતની અદાવત ફરિયાદ પક્ષના લોકોએ રાખી હતી. બાદમાં તે અદાવત રાખી ગઈકાલે દિપુને બપોરે ઢોર માર મારવામાં આવ્યો હતો. જેથી ઈજાગ્રસ્ત દિપુ ને સારવાર અર્થે સિવિલ લઈ જવાયો હતો. દિપુ ને બોલાવી તેની પર હથિયારથી હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસને જાણ થતા થતા જ પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને શોધવા તજવીજ હાથ ધરી છે.

## અલ્પસંખ્યક અધિકાર મંચ, ગુજરાત દ્વારા ખંભાતમાં થયેલ આગજની અને સાંપ્રદાયિક તણાવ સામે નિષ્પક્ષ ન્યાયિક કાર્યવાહી કરવા તેમજ પીડિતોને રક્ષણ પુરુ પાડવા માટે આવેદનપત્ર અપાયું



*તા. ૨૩-૨-૨૦૨૦ના રોજ ખંભાતના અકબરપુર તેમજ અન્ય વિસ્તારોમાં થયેલ આગજની અને સાંપ્રદાયિક તણાવના અનુસંધાને પોલીસ દ્વારા નિષ્પક્ષ અને ન્યાયિક કાર્યવાહી કરવા તથા તાત્કાલિક ઘટનાના અસરગ્રસ્ત પીડિત પરિવારોને પોલીસ રક્ષણ પુરું પાડવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે નહી તે અંગે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે અલ્પસંખ્યક અધિકાર મંચ, ગુજરાત દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.*

## ડેડીયાપાડાના રોજધાટ ગામે નરેગા હેઠળ કરેલા કામના બે વર્ષથી મજુરીના નાણાં ન ચૂકવાતા રોષ:ઉચ્ચ કક્ષાએ રજુઆત ની ચીમકી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ડેડીયાપાડાના રોજધાટ ગામે નરેગા હેઠળ રસ્તા અને નાળાની કરેલી કામગીરી બાદ મજુરીના નાણાં ચુકવવા બાબતે તલાટી,સરપંચ, ટીડીઓ અને નરેગાના અધિકારીઓને અનેકવાર રજુઆતો કરી છતાં ગરીબ આદિવાસીઓની મજુરીના નાણાં મળ્યા ન હોવાની બુમ ઉઠી છે.આદિવાસીઓનો મુખ્ય તહેવાર હોળીને હવે ગણતરીના દિવસો બાકી હોય તહેવારની ઉજવણી કરવા મજુરીના નિકળતા નાણાં ચુકવવામાં પણ કામદારોની રજુઆત કોઈ સાંભળતું નથી.

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના રોજધાટ ગામે નરેગા યોજના હેઠળ સન ૨૦૧૭-૧૮મા રસ્તા, નાળાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જે નાળાની કામગીરી ના કામમા સ્થાનિક ૩૦થી ૪૦ ગરીબ આદિવાસી મજૂરો જોડાયા હતા પરંતુ આ મજૂરો પોતાના મજુરીના નાણાં માટે બે વર્ષથી વલખા મારી કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે. છતાં અધિકારીઓની ઊંઘ ઊડતી નથી ત્યારે જિલ્લાના રાજકીય આગેવાનો નરેગા યોજના હેઠળ કરેલી કાળી મજુરીના નાણાં અપાવવા તેમની મદદ કરે તેવી માંગ ઉઠી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ તેમની મજુરીના નાણાં નહીં ચુકવાઈ તો આગામી દિવસોમાં તેઓ ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરી તપાસ એજન્સી મારફતે નરેગમાં ચાલતા કામોની તપાસ કરાવશે તેવી ચીમકી પણ ઉચ્ચારતા સરકારી તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

## પશ્ચિમ બંગાળના રાજ્યપાલ ધનકર સુરતમાં
# માનવી એક દિવસમાં ધનવાન થઈ શકે પરંતુ એક દિવસમાં શિક્ષિત ન થઈ શકે

### ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશનના સ્પંદન-૨૦૨૦ વાર્ષિકોત્સવ યોજાયો

સુરત

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ જગદીપ ધનકરે ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશનના 'સ્પંદન - ૨૦૨૦' વાર્ષિકોત્સવમાં ઉપસ્થિત રહી યુવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે રાજ્યપાલશ્રી જગદીપ ધનકરે વિદ્યાર્થીજીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે, કોઈ પણ દેશના ઉજ્જવળ ભવિષ્યનો આધાર તે દેશની શાળાઓમાં અપાતા શિક્ષણ પર અવલંબે છે. માનવી એક દિવસમાં ધનવાન થઈ શકે, એક દિવસમાં કોઈ ચીજવસ્તુના માલિક થઈ શકે પરંતુ એક દિવસમાં શિક્ષિત થઈ શકે નહિ. એટલે જ શિક્ષણ એ નિરંતર અને લાંબા ગાળાની પ્રક્રિયા છે. એક કહેવત ટાંકતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે, કોઈ પણ દેશને તબાહ કરવો હોય તો તેની શિક્ષણ પ્રણાલીને તબાહ કરવી પડે. જે દેશનું શિક્ષણનું માળખું સુદ્રઢ હશે તો તે દેશની પ્રગતિ તેજ ગતિથી થશે.

તેમણે મહાવીર ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓની શિક્ષણ પ્રત્યેની ખેવનાને બિરદાવતા જણાવ્યું કે, વર્ષ ૨૦૦૨ માં સંસ્થાની સ્થાપનાથી આજ સુધીમાં ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશન પોતાની શિક્ષણ સફર દરમિયાન ગુણવત્તાયુક્ત શિક્ષણ પીરસીને આગવી ઓળખ ઉભી કરી છે. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાનો લાભ લઈને સંસ્થાના અનેક વિદ્યાર્થીઓ અભ્યાસકાળ દરમિયાન જ કુશળ અને તાલીમબદ્ધ બન્યા છે, જે સરાહનીય છે. આ શિક્ષણ સંસ્થા દક્ષિણ ગુજરાતની અગ્રિમ યુનિવર્સિટીના રૂપમાં પણ ખ્યાતિ પામી છે, ત્યારે વિદ્યાર્થીઓ અને સંસ્થા એકબીજાના સહિયારા પુરૂષાર્થથી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે એવી શુભકામનાઓ પાઠવી હતી.

આ વેળાએ કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ અવનવી કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રી જગદીપ ધનકરના ધર્મપત્ની શ્રીમતિ સુદેશજી ધનકર, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનિલ જૈન, ચેરમેન શ્રી જગદીશ જૈન, મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, લીના જૈન, સતવીર જૈન, અગ્રણીશ્રી રૂપિન પચ્ચીગર, સહિત મોટી સંખ્યામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બોગસ બીલો બનાવી અલગ-અલગ કંપનીના પાન-મસાલા, તમાકુનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ SOG



ભરૂચ જિલ્લા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એમ.પી. ભોજાણીની સુચના હેઠળ એસ.ઓ.જી.ચાર્ટર મુજબની કામગીરી અનુસંધાને SOG પોલીસ ઈન્સપેકટર પી.એન. પટેલને બાતમી મળતા વડોદરા તરફથી એક કંટેનર નંબર GJ-16-1-7339નું અન્ય સામાનનું બોગસ બીલ બનાવી કન્ટેનર માં અલગ-અલગ કંપનીના પાન મસાલા-તમાકું ભરી પસાર થનાર છે જે બાતમી આધારે વોચ ગોઠવી કન્ટેનરને પકડી તેમાં ભરેલ અલગ- અલગ કંપનીના પાન- મસાલા, તમાકું મળી કુલ, કિં. રૂા.૭૧,૯૯,૪૦૦/-નો જથ્થો મળી આવ્યો સાથે કન્ટેનર કિં.રૂા.- ૫,૦૦,૦૦૦/- તથા આરોપીનો મોબાઈલ ફોન કિં. રૂા.-૨,૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા-૭૭,૦૧,૪૦૦/- નો મુદામાલ કબજે કરી આરોપી સુરેન્દ્ર છબુલાલ યાદવ ઉ.વ.-૩૨ રહે.મકરપુરા, એરફોર્સની બાજુની ઝુપડપટ્ટીમાં, વડોદરા વિરૂધ્ધ ગુનો નોંધી અટક કરી અન્ય ની તપાસ હાથ ધરવામાં આવી છે.

## ઈલેક્ટ્રીક સીટીબસ દોડાવવા કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૬૭.૫૦ કરોડની ગ્રાન્ટ મંજૂર

### મંજૂર ગ્રાન્ટ પૈકીની ૨૦ ટકા રકમ રૂ. ૧૩.૫૦ કરોડની ફાળવણી કરાઈ

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહનના કારણે થતા હવાના પ્રદૂષણને નિયંત્રણ કરવા માટે આવનાર સમયમાં બી.આર.ટી.એસ. રૂટમાં ૧૫૦ નંગ ઈલેકટ્રીક બસ દોડાવવાનું આયોજન કરવામાં આવેલ છે. ઈલેકટ્રીક બસના કારણે પ્રદૂષણનો ઘટાડો થશે તથા વાતાવરણમાં ભળતો કાર્બન મોનોકસાઈડ અને ગ્રીન હાઉસ ગેસ (SHG) ની માત્રા ઘટતા વાતાવરણ વધુ શુધ્ધ બનશે. ઈલેકટ્રીક બસમાં એન્જીન ન હોવાને કારણે ઈલેકટ્રીક બસમાં ઘોઘાટ ઓછો થશે જેથી અવાજના પ્રદૂષણમાં પણ ઘટાડો થશે.

ઈલેકટ્રીક બસને તબકકાવાર શહેરની પરિવહન સીસ્ટમમાં ઉમેરો કરી શહેરને પ્રદૂષણ મુકત તેમજ સોલાર ચાર્જીંગ સ્ટેશનના આયોજન શકય બનાવી ગ્રીન મોબીલીટી તરફ શહેરને અગ્રેસર કરવામાં આવશે. કેન્દ્ર સરકારનાં ડીપાર્ટમેન્ટ ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝની FAME-II. સ્કીમ સબસીડી માટે સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રપોઝલ મોકલવામાં આવેલ હતી. જે કેન્દ્ર સરકારનાં ડીપાર્ટમેન્ટ ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા માન્ય રાખી ૧૫૦ નંગ ઈલેકટ્રીક બસની સબસીડી સુરત માટે ફાળવવામાં આવી હતી. એક બસનાં ૪૫ લાખ લેખે ૧૫૦ નંગ ઈલેકટ્રીક બસ માટે કુલ્લે રૂા.૬૭.૫૦ કરોડની સબસીડી મળવાપાત્ર છે. જે પૈકી FAME-II સ્કીમનાં નિતિ નિયમો મુજબ પ્રથમ તબકકામાં ૨૦% લેખે રૂા.૧૩.૫૦ કરોડની સબસીડી રીલીઝ કરવામાં આવેલ છે. જેની જાણ DHI દ્વારા સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ છે.

## દીપડાનો આતંક વધ્યો... ખેતરમાં ખેડૂત પર હુમલો કરતા ઘાયલ

નવસારી

દક્ષિણ ગુજરાતમાં ફરી એકવાર દીપડાના આતંકની ઘટના સામે આવી છે. ડાંગના જંગલમાં દીપડાના હુમલામાં ખેડૂત ઘાયલ થયા છે. જંગલમાં બળદ ચરાવવા ગયેલા ખેડૂત પર દીપડાએ હુમલો કર્યો હતો, જેના બચાવમાં ખેડૂતે લાકડીનો સપાટો મારતા દીપડાનું મોત નીપજ્યું છે. તો ખેડૂતને ગંભીર ઈજા થતાં આહવા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. વન વિભાગે દિપડાનું પીએમ કરી અંતિમક્રિયા કરી હતી. આ ઘટનાને લઈ વનવિભાગે કાર્યવાહી હાથ ધરી છે.

દક્ષિણ ગુજરાતમાં દિવસેને દિવસે દીપડાનો આતંક વધતો જોવા મળી રહ્યો છે. ગલકુંડ રેન્જના અંજનીકુંડ ગામ પાસે જંગલમાં બનેલની આ ઘટના છે. ત્યારે નવસારીના વાંસદા તાલુકાના બારતાડ ગામે વહેલી સવારે પોતાના ભીંડાના ખેતરમાં પાણી મૂકવા ગયેલા રમેશભાઈ પટેલ નામના ખેડૂત ઉપર દીપડાએ હુમલો કર્યો હતો. આ જીવલેણ હુમલામાં રમેશભાઈના માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. રમેશભાઈને ઈજાગ્રસ્ત હાલતમાં વાંસદાની કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ ખેડૂતને તેના ઘરે જવા દેવામાં આવ્યા હતા સાથે જ વનવિભાગની ટીમે પણ સ્થળ ઉપર પહોંચીને ઈજાગ્રસ્ત ખેડૂતની મુલાકાત લીધી હતી. દીપડાઓ જંગલ છોડીને હવે માનવ વસ્તી તરફ આવી ચઢ્યાં છે. ત્યારે સરકાર દ્વારા રાત્રિ સમયે વીજળી આપવામાં આવે તેવી માંગ ખેડૂતો દ્વારા કરવામાં આવી રહી છે. સાથે જ બારતાડ ગામે અગાઉ પણ દીપડા દ્વારા ગામલોકો પર હુમલો કરવામાં આવી ચૂક્યા છે અને આ ગામમાં અવાર નવાર દીપડા લોકોને જોવા મળે છે.

## ઝઘડીયા GIDC ની MTZ કંપનીમાંથી લોખંડની ચોરીનો સામાન ભરેલ ટેમ્પા સાથે એકને ઝડપી પાડતી ભરૂચ LCB



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જીલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સુચના આપેલ હોય જે અનુસંધાને LCB ભરૂચના પોલીસ ઈન્સ્પેકટરના માર્ગદર્શન હેઠળ એલ.સી. બી. ભરૂચની ટીમે અલગ-અલગ ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરેલ દરમ્યાન મળેલ બાતમી આધારે વહેલી સવારે ઝઘડીયા જી.આઈ.ડી.સી.વિસ્તારમાં આવેલ MTZ કંપનીમાંથી એક ઈસમને આઈસર ટેમ્પામાં ચોરી કરી ભરેલ લોખંડના સામાન તથા લોખંડ કટીંગ કરવાના ગેસ કટર સાથે ઝડપી પાડી ઝઘડીયા પો.સ્ટે.માં ફરીયાદ દાખલ કરી આ ચોરીના ગુનામાં સંડોવાયેલ અન્ય આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામા આવેલ છે.

**કબજે કરવામાં આવેલ મુદામાલ:** નંબર- GJ-16-AU-6507 માં ભરેલ લોખંડની અલગ અલગ સાઈઝ તથા વજનની એંગલો તથા લોખંડના પાર્ટસ કુલ ૫૦૦૦ કી.ગ્રા કી.રૂ. ૧,૦૦,૦૦૦/- તેમજ ઓક્સિજનના ચાર બોટલ તથા એલ.પી.જી ગેસ બોટલ કી.રૂ. ૪૦,૫૦૦/- તથા આઈસર ટેમ્પો નંબર- GJ-16-AU-6507 કી.રૂ.૦૩,૦૦,૦૦૦/- તેમજ બે મોબાઈલ ફોન સહીત કુલ કી.રૂ.૪,૪૩,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

**પકડાયેલ આરોપી:** અનિલકુમાર S/o પુરન યાદવ રહે.હાલ- શાંતીનગર-૨, લક્ષ્મણ પ્લમ્બર ની રૂમમાં ભાડેથી રાજપીપળા રોડ, અંક્લેશ્વર GIDC જી-ભરૂચ મુળ રહે-શીકરોલી પોસ્ટ-નરહારપુર થાના-ખોલારી, જી-ગોન્ડા ઉત્તરપ્રદેશ

## દેલાડવા ગામ સ્થિત જમીન કૌભાંડમાં મનુ આકરૂ પરિવાર વિરૂદ્ધ ગુનો દાખલ

### જમીન પચાવી પાડવા છેતરપિંડી કરવા ખોટી એફીડેવીટો તથા બોગસ દસ્તાવેજો ઉભા કરાતા ડીંડોલી પોલીસ મથકમાં ફરિયાદ

સુરત

દેલાડવા ગામના જમીનના વિવાદમાં ખેડૂત સુનીલ પટેલે મનુ સાકરૂ સહિત સાત જણા સામે ડીંડોલી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. દેલાડવા ગામની જમીનના મૂળ માલિક ખેડૂત સુનીલ પટેલ પાસેથી અવેજ મેળવી જમીન વેચાતી આપી હોવા છતાં પણ આરોપીઓએ ખોટી એફીડેવીટો કરી બોગસ વેચાણ દસ્તાવેજો બનાવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

ડીંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અઠવાલાઈન્સ સર્જન સોસાયટીની પાછળ સંત કૈવલ સોસાયટીમાં રહેતાં ખેડૂત સુનિલ નટવરલાલ પટેલે આરોપી બચુ મણીલાલ પટેલ (રહે. દેલાડવા ગામ), કુસુમબેન બચુભાઈ પટેલ, કાર્તિક ઉર્ફે કાનો બચુ પટેલ, મનજી પોપટ પટેલ (ડુંગરાણી), ઉર્ફે મનુ આકરૂ (રહે. અખંડ આનંદ સોસાયટી, વિમળાબેન મનજી ડુંગરાણી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ દેલાડવા ગામ રેવન્યુ સર્વે નં.૨૩૬, બ્લોક નં.૩૫૬થી નોંધાવેલી જમીન (ખેતર)ના મૂળ માલિકોએ ૨૦૦૧માં ફરિયાદી પાસેથી અવેજ મેળવી વેચાણ સંદર્ભેના લખાણો લખી આપ્યા હતા. આ જમીનનો દસ્તાવેજ બનાવી આપવા વારંવાર જણાવવા છતા દસ્તાવેજ બનાવી આપવામાં આવતો ન હતો. ત્યારબાદ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં કલેક્ટર કચેરીમાં ખોટી એફીડેવીટો કરી જમીનના હેતુફેરની પરવાનગી મેળવી તથા લીઝ પેન્ડન્સી સબ રજીસ્ટ્રર કચેરીએ દાખલ થયેલ હોય, તેની રેવન્યુ રેકર્ડ ઉપર નોંધ થયેલી હોવા છતાં પણ આ વિવાદિત જમીન અંગે મનુ આકરૂ પરિવારના નામે જમીનના મૂળ માલિકોએ નવી શરતમાંથી જૂની શરતમાં હેતુફેર કરવા કલેક્ટર કચેરીમાં ખોટી એફીડેવીટો રજૂ કરી હતી. તેમજ હેતુફેરની પરવાનગી મેળવવા બોગસ વેચાણ દસ્તાવેજ કરી દસ્તાવેજની નોંધણી કરાવી ફરિયાદી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ડીંડોલી પોલીસે ફરિયાદ નોંધી પો.ઈ. એચ.એમ. ચૌહાણે તપાસ હાથ ધરી છે.



# કેવડીયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના આંગણે ઈન્ડીયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત ત્રિદિવસીય ઈન્ડીયા આઈડિયાઝ કોન્કલેવનો પ્રારંભ

**આસામના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલ અને ૧૫ મા નાણાંપંચના અધ્યક્ષક સિંઘનું ઈન્ડીયા ફાઉન્ડેશન સ્વરાજ એવોર્ડ એનાયત કરી કરાયું બહુમાન**

**આસામના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલ સહિત કેન્દ્રીય વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકર,માલદીવના પીપલ્સ મજલીસના સ્પીકર મોહંમદ નાશીદ સહિતના મહા નુભાવોની ઉપસ્થિતિમાં કોન્કલેવનું ઉદઘાટન**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



આસામના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલ, કેન્દ્રીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, રાજ્યસભાના સભ્ય અને ઈન્ડીયા ફાઉન્ડેશનના સ્થાપક સભ્ય સુરેશ પ્રભ.માલદીવના પીપલ્સ મજલીસના સ્પીકર મોહમદ નાશીદ, ઈન્ડીયા ફાઉન્ડેશના કારોબારી સભ્ય શોર્ય ડોવાલ સહિત દેશ વિદેશના વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઈન્ડીયા ફાઉન્ડેશ દ્વારા કેવડીયામાં સ્ટેમ્પ્સ ઓફ યુનિટીના આંગણે ટેન્ટસીટી નં.૨ ખાતે "Turning to Roots-Rising to height" થીમ પર આજથી યોજાયેલા ત્રિ-દિવસીય ઈન્ડીયા આઈડિયાઝ કોન્કલેવ -૨૦૨૦ ને ખુલ્લી મુકાઈ હતી.

રાજ્ય સભાના સભ્ય અને ઈન્ડીયા ફાઉન્ડેશનના સ્થાપક સભ્ય સુરેશ પ્રભુએ પ્રારંભમાં તેમનાનસ્વાગત પ્રવચનમાં સૌને આવકારી ફાઉન્ડેશનની કામગીરી સાથે ઈન્ડીયા આઈડિયાઝ કોન્કલેવ -૨૦૨૦ ની રૂપરેખા આપી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આ કોન્કલેવને દ્રષ્ય- શ્રાવ્ય માધ્યમથી શુભેચ્છા સંદેશ પાઠવાયો હતો, જેમાં મુખ્યમંત્રી રૂપાણીએ રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ' પટેલ સાહેબની ગુજરાતની આ ભૂમિ ઉપર સૌને આવકારી કોન્કલેવની સફળતાની શુભ કામના પાઠવી હતી. તેમણે આ કોન્કલેવ માટે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વમાં સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્ય ઓફ યુનિટીની ધરતી ના સ્થળ પસંદગી બદલ ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસેગે આસામના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલ, કેન્દ્રીય વિદેશ મંત્રી ડો.એસજયશેક માલદિવના પીપલ્સ મજલીમના સ્પીકર મોહંમદ નાશીદ વગેરે એ તેમના પ્રસંગોચિત વક્તવ્ય આપ્યો હતાં.

આ પ્રસંગે કેન્દ્રીય વિદેશ મંત્રી ડો એસ.જયશંકર અને માલદીવની પીપલ્સ મજલીસના સ્પીકર મોહમંદ નાશીદ ના હસ્તે ઈન્ડીયા ફાઉન્ડેશન સ્વરાજય એવોર્ડ અંતર્ગત દેશના ૧૫મા નાણાં પંચના અધ્યક્ષ એન કે સિંધને ડી.બી. આર.શિનોય એવોર્ડ, આસામના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલને ડૉ. એસ. પી. મુખર્જી એવોર્ડ એનાયત કરી બહુમાન કરાયું હતું.તદઉપરાંત રામજન્મભૂમિતિર્થ ક્ષેત્ર ટ્રસ્ટના અધ્યક્ષ કે. પરાશરનને નારાયણ ગુરૂ એવોર્ડ તેમજ ફિલ્મ નિર્દેશ ભરત બાલાને ઉસ્તાદન બિસમીલ્લાહમાન એવોર્ડ ઘોષિત કરાયા હતા.એવોર્ડથી સન્માનિત ઉપસ્થિત એવોર્ડ વિજેતાઓએ સન્માનના પ્રત્યુતરમાં તેમના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.

આ પ્રસંગે સરદાર સરોવર નર્મદા નિગમના મેનેજીંગ ડિરેકટર ડૉ.રાજીવ ગુપ્તાએ પ્રેઝન્ટેશન દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રોજેકટ રજુ કરીને કોન્કલેવમાં ભાગ લઈ રહેલા પ્રતિનિધિઓને જરૂરી જાણકારી પુરી પાડી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, આજથી પ્રારંભાયેલા અને તા. ૧ લી માર્ચ,૨૦૨૦ સુધી ચાલનારા ઈન્ડીયા આઈડિયાઝ કોન્કલેવના ૬ ઠ્ઠા વાર્ષિક ત્રિદિવસીય બૌધ્ધિક સમેલનમાં ભારતીય જીવન દ્રષ્ટિ અને વિચાર અને તેના વૈશ્વિક પરિપ્રેક્ષ્ય પર વિભિન્ન વિષયોના નિષ્ણાંત ધ્વારા વાર્તાલાપ યોજાશે.આ સંમેલનમાં દેશ-વિદેશથી બુધ્ધિજીવી પ્રતિષ્ઠિત નાગરીકો અને વિષય નિષ્ણાંતો ડેલીગેટ તરીકે ભાગ લઈ રહયાં છે.

આસામના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલએ ઉકત ઈન્ડીયા આઈડિયાઝ કોન્કલેવના કાર્યક્રમ અગાઉ કેવડીયા કોલોની ખાતે સ્ટેચ્યું ઓફ યુનિટીની મુલાકાત લઈને અખંડ ભારત ના શિલ્પિ સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની પ્રતિમાના ચરણમાં ભાવવંદના કરી ધન્યતા અનુભવી હતી.

# તિલકવાડાના પુછપુરાના ગ્રામજનોની રજુઆત મુદ્દે સાંસદ ગીતાબેન રાઠવાએ તંત્રને આદેશ કર્યો



**છોટાઉદેપુર સાસંદ ગીતાબેન રાઠવાએ માર્ગ અને મકાન વિભાગના અધિકારીને દેવલીયા પુછપુરા માર્ગ પર મીની પુલ અને પુછપુરાથી સાવલીને જોડતા ડામર રસ્તાના કામો અંગે સરકારમા દરખાસ્તો મોકલવા આદેશ કર્યો**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

પુછપુરા ગામથી તાલુકા મથકે જવાના માગે પરના રોડ રસ્તા નાળા ખખડધજ તાલુકા મથકે જવા આવવા છેલ્લા ઘણા સમયથી ગ્રામજનોને ભારે હાલાકી હોય આ બાબતે ગ્રામજનો એ સાંસદ ગીતાબેન રાઠવા ને રજુઆત કરી હતી.

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના પુછપુરા ગામથી તાલુકા મથકે જવા આવવાના માર્ગ પરના નાળાઓ ખખડધજ હાલતમાં હોય છેલ્લા ઘણા સમયથી ગ્રામજ નો ભારે હાલાકી વેઠી રહ્યા છે બિસ્માર રસ્તા,નાળાના કારણે ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ગ્રામજનો ના જણાવ્યા મુજબ તેમના વિસ્તારોના ગામડા ઓમાં સારા રોડ રસ્તાની સુવિધાઓ મળતી નથી માટે ચોમાસા દરમિયાન ભારે વરસાદ પડવાથી પાણીના પ્રવાહ ના કારણે ગ્રામજનોને તથા અભ્યાસ કરતા વિધાથીઓને તાલુકા મથક પર અવરજવરમા ભારે તકલીફની વેઠવી પડે છે જેને પગલે ખખડધજ બિસ્માર રોડના કારણે પડતી ભારે તકલીફો બાબતે રોષ વ્યકત કરતા પુછપુરા ગામના સાગર બારીયા, ઠાકોરભાઈ બારીયા, દિનેશ બારીયા, વિક્રમ બારીયા, સામળ બારીયા સહિતના ગ્રામજનો દ્વારા છોટાઉદેપુર સાસંદ ગીતાબેન રાઠવાને કવાંટ ખાતેની ઓફીસ પર જઈ રજુઆત કરવામા આવી હતી.

ગ્રામજનોએ પુછપુરાથી તાલુકા મથક પર જવા આવવા માટે સારા ડામર રસ્તાની સુવિધાઓ તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ કરી હતી સાંસદ ગીતાબેન રાઠવાએ ગ્રામજનોની માંગ સાંભળી તેને પ્રાધાન્ય આપી રજુઆતને ધ્યાને લઈ તત્કાલ માર્ગ મકાન વિભાગના અધિકારીને લેખિતમાં સુચના આપી દેવલીયાથી પુછપુરા જતા રસ્તા પર મીની પુલ બનાવવા અને પુછપુરાથી સાવલીને જોડતો ડામર રોડના કામો અંગેના વિકાસ કામો હાથ પર લેવા બાબતે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી સરકારમા જરૂરી દરખાસ્તો મંજુરી માટે મોકલવા સુચના આપતા ગ્રામજનોમા ખુશી જોવા મળી હતી.

# રાજપીપળા શહેરના સાંકડા માર્ગો પર વાહનો વધતા આડેધડ પાર્કિંગ થી અનેક તકલીફો : તંત્ર મુક પ્રેક્ષકની ભૂમિકા ભજવે છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



**● નાની નાની ગલીઓ, મુખ્ય માર્ગો ઉપર આડેધડ ચાર પૈડાં ના વાહનો પાર્ક થતા વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો**

**● દોલત બજાર મંદિર પાસે ,શાક માર્કેટ રોડ,દરબાર રોડ, સ્ટેશન રોડ સહિતના ઘણા માર્ગો પર જગ્યાના અભાવે આડેધડ પાર્કિંગ**

**● ટાઉન પ્લાનિંગ વિભાગે માર્ગો પહોળા કરવા દબાણ હટાવવા કમર કસવી જોઈએ તેમજ પોલીસ તથા આરટીઓ એ પાર્કિંગની સુવિધા ચકાસી નવા વાહનોના પારસીંગ કરવા જરૂરી**

રાજપીપળા શહેરમાં હાલ ઘણા વર્ષો થી વસ્તીમાં વધારો થઈ રહ્યો છે વાહનો પણ વધ્યા છે પરંતુ સૌથી મોટી સમસ્યા પાર્કિંગની હોય આ બાબતે તંત્રએ કડક પગલાં લેવા જોઈએ છતાં રાજકીય દબાણને વસ થયેલા તંત્રના કેટલાક અધિકારીઓ મુક પ્રેક્ષક ની ભૂમિકા ભજવી તમાશો જોઈ રહ્યા હોય વારંવાર અકસ્માતો થાય છે.

રાજપીપળા શહેરમાં વધતી વસ્તી સામે વાહનોની સંખ્યા પણ વધી છે જેમાં હાલ ચાર પૈડાં વાળા વાહનો પણ ચાર ઘણા થયા છે ત્યારે સૌથી ગંભીર બાબત એ છે કે સ્ટેટ સમયના સાંકડા માર્ગો અને ગલીઓમાં કોઈજ સુધારો વધારો કરાયો નથી ઉપરથી શહેરમાં દબાણો વધ્યા છે જેની સામે વાહનોની સંખ્યા ચાર ઘણી થતા પાર્કિંગ ક્યાં કરવું એ મોટી તકલીફ છે હાલ બેન્કો દ્વારા મળતી વાહન ની લોન પર લોકો દેખા દેખી ચાર પૈડાંના વાહનો તો ખરીદી કરે છે અમુક લોકો જુના વાહન ખરીદ કરતા હોય છે પરંતુ તેનો ઉપયોગ ક્યારેક્જ કરતા હોય આ વાહનો ફક્ત પાર્કિંગમાં પડેલાજ જોવા મળે છે પરંતુ વાહન ખરીદનાર વ્યક્તિઓ જ્યાં રહે છે ત્યાં પાર્કિંગની વ્યવસ્થા ન હોવા છતાં વાહનો ખરીદતા આવા વાહન માલિકો ગમે તેના આંગાણામાં કે આડેધડ પાર્કિંગ કરી અન્યને હેરાન કરે છે જેના કારણે વારંવાર ઝગડા પણ થતા હોય છે ત્યારે તંત્ર દ્વારા દબાણ હટાવી માર્ગો પહોળા કરવા જરૂરી છે. જ્યાં સુધી માર્ગો પહોળા કરવાની સમસ્યા હલ ન થાય ત્યાં સુધી આરટીઓએ ચાર પૈડાંના વાહનો ખરીદતા માલિકો પાસે સૌથી પહેલા પાર્કિંગ વ્યવસ્થા છે કે નહી એ માટે તપાસ કરી વ્યવસ્થા હોય તેવાજ માલિકોના વાહનો ના વાહનો પારસીગ કરવા જોઈએ એવું કેટલાક જાગૃત નાગરિકોનું માનવું છે.નહિ તો વધતા વાહનોની સંખ્યા જોતા એમ લાગે છે કે તંત્ર જો આ ગંભીર સમસ્યા બાબતે હમણાં કડક નહીં બને તો આવનારા દિવસોમાં લોકોને પગપાળા જવું પણ મુશ્કેલ થઈ પડશે .

***અગાઉના વર્ષોમાં રોડ પહોળા કરવા અધિકારીઓ એ કવાયત કરી હતી પરંતુ કેટલાક રાજકીય આગેવાનો એ પોતાના અંગત સ્વાર્થ કે અન્ય દબાણને વશ થઈ આ કામગીરી કરનાર અધિકારીની બદલી કરાવી શહેરની પ્રગતિ પર પૂર્ણવિરામ લગાવ્યું હતું જેના કારણે વર્ષો બાદ હાલ એજ ટ્રાફિક અને પાર્કિંગ સમસ્યા ત્યાંની ત્યાંજ છે એક તરફ સ્ટેચ્યુ ઓફ યુનિટીના કારણે શહેર અને જિલ્લો દેશના નકશામાં આગળ આવી નામના મેળવે છે ત્યારે આવી ગંભીર સમસ્યા દૂર કરવા તંત્ર એ ઝડપી કામગીરી કરવી રહી .***

# રાજપીપળા નગર પાલિકાના રોજિંદા કર્મચારીઓના પગાર કરવામાં દેના બેન્કની આળસ : યોગ્ય જવાબ પણ મળતા નથી

**● દેના બેંકનું BOB માં વિલીનીકરણ થયા બાદ કામગીરી તદન લુલી થતા હજારો ગ્રાહકોને ધક્કા**

**● પાંચ દિવસ બાદ પણ બેંક સત્તાધીશો હજુ ક્લિયરિંગ થયું નથી નો જવાબ આપતા કામગીરી પર અનેક સવાલ**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નગર પાલીકામાં કામ કરતા રોજિંદા કર્મચારીઓ ને આમ પણ પાલીકા ની આર્થિક સ્તીથી નબળી હોવાથી બે ત્રણ મહિને પગાર મળે છે જેમાં હવે બેંક જાણે વિલન ની ભૂમિકા બજવતી હોય એમ ઝડપી પગાર જમા થતો નથી ઉપર થી બેંક માં સરખા જવાબો પણ મળતા ન હોય કર્મચારીઓ માં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



રાજપીપળા નગર પાલિકાના રોજિંદા કર્મચારીઓ પૈકી કેટલાકના દેના બેંક માં ખાતા હોય જ્યાં પાલીકા માંથી ચેક મોકલ્યા બાદ પણ પાંચ દિવસ થવા છતાં કાચરીઓના ખાતા માં પગારની રકમ જમા ન થતા આ બાબતે તપાસ કરતા બેન્કમાં હાજર જવાબદાર અધિકારી એ જણાવ્યું કે ચેક બરોડા ક્લિયરિંગ માં જાય ત્યાંથી પેમેન્ટ જમા થયા બાદ કર્મચારીઓ ના ખાતા માં જમા થશે.

એક તરફ પીએમ મોદી ઝડપી અને ઓનલાઈનની વાતો કરે છે ત્યારે દેના બેંક રાજપીપળા શાખા ચેક બરોડા ક્લિયરિંગમાં જાય તેવી વાત કરતા આ બેંકની કામગીરી ગળે ઉતરે તેમ નથી કેમકે ઓનલાઈન પેમેન્ટ ઈસ્યુ કરતા પાંચ પાંચ દિવસ નીકળી ગયા બાદ પણ હજુ જમા નથી થયા જેવા જવાબો મળે ત્યારે આ બાબતે આ બેન્કની કામગીરી ઢીલી હોય તેમ લાગી રહ્યું છે.જોકે ક્યારેક સર્વર બંધ છે કે ક્લિયરિંગ નથી થયું જેવા ગોળ ગોળ જવાબ આપતા બેંક અધિકારી ઓ આ ઓનલાઈનના ઝડપી યુગ માં ઝડપી કામગીરી માટે આદત પાડવી પડશે નહી તો ગ્રાહકો ત્યાંથી અન્ય બેન્કોમાં ખાતા ખોલાવશે એ વાત પણ નકારી શકાય તેમ નથી.હાલ પાંચ દિવસ થવા છતાં પાલિકાના દેના બેંક ના કર્મચારીઓ ના પગાર જમા નથી થયા ત્યારે હવે શનિ રવિવાર હોવાથી જો શુક્રવારે સાંજ સુધી જમા નહિ થાય તો ગરીબ કર્મચારીઓને સોમવારે પગાર મળશે એમ લાગી રહ્યું છે.

# સાગબારાના મોટા કાકડીઆંબા ગામના મકાનમાં આગ લાગતા ઘરવખરી સહિતનો સામાન સ્વાહા:૧.૫૦ લાખના નુકસાનનો અંદાજ

**મકાન માલીક ખેતરે ગયા હતા,તેમની પત્ની નરેગા યોજનામાં કામે ગયા હોય બંધ મકાનમાં આગથી ભારે નુકસાન**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાના સાગબારા તાલુકા માં આવેલા મોટા કાકડીઆંબા ગામના એક મકાનમાં આગ લાગતા ઘરવખરી સહિતનો સામાન આગમાં સ્વાહા થઈ જતા તંત્ર સર્વેની કામગીરી માં જોતરાયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર મોટા કાકડીઆંબા ગામમાં રહેતા મનજી ભાઈ દામભાઈ વસાવા આજે સવાર થી તેમના ખેતરમાં કામ કરતા હતા તેમના પત્ની નરેગા યોજના હેઠળ ની કામગીરી માં ગયા હોય મકાન બંધ હોય જેમાં અચાનક આગ લાગતા નજીકના લોકો દોડી આવ્યા હતા ત્યારબાદ મનજીભાઈ ને જાણ કરાઈ પરંતુ તે આવે એ પહેલાં તેમનું ત્રણ ગાળા નું મકાન ઘરવખરી સહિત આગમાં ભસ્મીભૂત થઈ ગયું હતું.આગ ક્યાં કારણોસર લાગી એ જાણી શકાયું નથી પરંતુ આગમાં અંદાજે દોઢ લાખનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું હતું.જોકે તલાટી સહિત તંત્ર ની ટિમ ત્યાં પહોંચી નુકસાનના અંદાજ બાબતે સર્વે કરી રહી હોવાનું જાણવા મળ્યું હતું. સાગબારા પોલીસે હાલ જણવાજોગ ફરિયાદ દાખલ કરી છે.

# વ્યાજખોરોના આતંકથી કંટાળી હીરાના વેપારીએ ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યો

સુરત

સુરતમાં વ્યાજખોરો બેફામ બન્યા છે. અતિ ઉંચા દરે વ્યાજે પૈસા આપી અને પરત ન ચુકવી શકનારા લોકોને હેરાન કરતા વ્યાજખોરો હવે મિલકતો પડાવી લીધા પછી પણ હેરાન કરી રહ્યા છે. દરમિયાન આવી જ એક ઘટના સુરતના કાપોદ્રા વિસ્તારમાં ઘટી છે. કાપોદ્રામાં હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા યુવકે વ્યાજખોરોના આતંકથી કંટાળીને અંતિમ ચિઠ્ઠી લખી આપઘાત કર્યો છે. આ બનાવના પગલે સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો છે.

બનાવના પ્રાપ્ત અહેવાલ મુજબ કાપોદ્રાના યુવક જીતેન્દ્રએ વ્યાજે પૈસા લીધા હતા. હીરાના વ્યવસાય સાથે જોડાયેલા જીતેન્દ્ર પાસેથી વ્યાજખોરોએ મકાન લખાવી લીધું હતું. લેણદારોએ મકાન લખાવી લીધા બાદ પણ પઠાણી ઉઘરાણી ચાલુ રાખતા જીતેન્દ્ર કાતરોડિયા નામના યુવાને અંતિમ પગલું ભર્યુ છે. હીરા ઉદ્યોગમાં એક તરફ મંદીનો માર છે ત્યારે વ્યવસાયમાં નાણાની સંકડાશ પડતા વ્યવસાયીઓ આ પ્રકારે ઉંચા દરે વ્યાજે પૈસા લેવા મજબૂર બનતા હોય છે. બીજી બાજુ ખાનગી નાણા ધીરનારાઓનો આતંક એટલો વધી ગયો છે કે મલિકત લખાવી લીધા બાદ પણ મૂડી માટે દબાણ કરવામાં આવે છે.

સુરતની આ ઘટનામાં કાતરોડિયાએ અંતિમ ચિઠ્ઠી લખીને સુસાઈડ કરી લીધો હતો. વ્યાજોખોરોની સામે જંગ હારી ગયેલા આશાસ્પદ વ્યવસાયીએ ઝેરી દવા ગટગટાવી હતી. આ મામલે કાપોદ્ર પોલીસે ગુનો નોંધી અને વ્યાજખોરો વિરુદ્ધ કાર્યવાહી કરવાના ચક્રો ગતિમાન કર્યા છે ત્યારે એક પ્રશ્ન એ ઉદ્ભવે કે હીરા ઉદ્યોગની મંદીના કારણે સીધી અને આડકતરી રીતે આશાસ્પદ યુવાનોનો ભોગ લેવાઈ રહ્યો છે.